| અંક. | પ્રત્યેક લાવણીનું પ્રથમપદ. | પૃષ્ઠાંક. |
| --- | --- | --- |
| ૧ | અરે તુમ જપો મંત્ર નવકાર૦ ધન. ... ... ... | [illegible] |
| ૨ | સરક જા કુમતિ નાર કાલી તેરી૦ ધન. ... ... ... | [illegible] |
| ૩ | શીશ નિત નમું નાભિનંદન ચરણ૦. ... ... | [illegible] |
| ૪ | બોલત હૈયા મેરા હસકર ચઢાવું૦.... ... ... | [illegible] |
| ૫ | સમજ મન મેરા મતવાલા તુઝે નહીં૦. ... ... ... | [illegible] |
| ૬ | કીયા મેં ગણધર પ્રેમપતિ, મુઝે વરદા૦. ... ... | [illegible] |
| ૭ | બિકટ ઘટ દુરગતકા ભારી નીર જ્યાં૦. ... ... ... | [illegible] |
| ૮ | ચેત નર નિગોદકા બાસી કરાઈ જગમેં૦. ... ... | [illegible] |
| ૯ | અફલ નર તેરી જિંદગાની શીખ સૂત્રાંકી૦. ... ... | [illegible] |
| ૧૦ | સફલ નર તેરી જિંદગાની શીખ સૂત્રાંકી૦. ... | [illegible] |
| ૧૧ | ચલ ચેતન અબ ઊઠકર અપને જિન મં૦. ... ... | [illegible] |
| ૧૨ | તુમ ભજો જિનેસર દેવ મુગતિ પદપાઈ.... ... ... | [illegible] |
| ૧૩ | કબ દેખું જિનવર દેવ જગત ગુરૂ ગ્યાની. ... ... | ૪ |
| ૧૪ | એક જિનવરકા નિજ નામ હૈયામેં લેના. ... | ૫ |
| ૧૫ | ખબર નહીં આ જુગમેં પલકી રે... ... ... ... | ૬ |
| ૧૬ | હાંરે તું કુમતિ કલેસણ નાર લગી કયું કેડે. | ૬ |
| ૧૭ | તુમ તજો [illegible] પ્યારી [illegible] ... | ૭ |
| ૧૮ | સુગુરૂકી શીખ [illegible] ધરતાં રે [illegible] ... ... | ૮ |
| ૧૯ | તું ઊ[illegible] જગતમેં વિકલભયા સબ૦. ... ... | ૯ |
| ૨૦ | સુકૃતકી [illegible] તેરે સાથ રતિ નારહીરે. ... | ૧૦ |
| ૨૧ | અને હાંરે લાભ નહીં લીયો જિનેંદ ભજકે રિ. ... ... | ૧૧ |

| અંક. | પ્રત્યેક લાવણીનું પ્રથમપદ. | પૃષ્ઠાંક. |
|---|---|---|
| ૨૨ | તજો કામ મદ માન લોભ જિનવર ગુણગાનાં.... | ૧૨ |
| ૨૩ | અગમ પંથ જાનાં હે ભાઈરે અગમ૦ ... ... ... | ૧૨ |
| ૨૪ | સુરગ આસ મત કરે કલેસી કુમતિ સંગ છાયો... ... | ૧૩ |
| ૨૫ | અરી અરી માઇ મેરો નેમ ગયો ગિરનાર, કિસેં જાઇ૦... | ૧૪ |
| ૨૬ | સજન સમજાવો અપને મનકુંરે, સજ૦... ... ... | ૧૫ |
| ૨૭ | મેં અબલા હું અજાણુ લાલ તેરે દરસનકી ભૂખી૦. ... | ૧૬ |
| ૨૮ | અને હાંરે પિયા બિન ઝુર ઝુર મેં ઝુર ઝુર હુઇ પૂની. | ૧૭ |
| ૨૯ | સજ્જન બિન ગુના તજી હમકું સતી રાજુ૦. ... ... | ૧૮ |
| ૩૦ | તુમ તજકર રાજુલ નાર, તજ્યા સબ૦. ... ... | ૧૯ |
| ૩૧ | દે ગયા દગા દિલદાર સુનો મેરી માઈ, ... | ૨૦ |
| ૩૨ | શ્રી આદિનાથ નિરવાણી નમું એસે ધ્યાની. ... | ૨૧ |
| ૩૩ | અબ સદા નમું સરસતી તેરી કીરતકું. ... ... | ૨૨ |
| ૩૪ | શ્રી શંખેશ્વર પાસ જિનેસર અરજ સુનો૦. ... | ૨૩ |
| ૩૫ | મૂલક બિચ મગસી પારસકા બજ રહા ડંકા. ... | ૨૩ |
| ૩૬ | મન સુણરે તેરી સફલ ઘડી શ્રાવક કી૦. | ૨૪ |
| ૩૭ | સિદ્ધ સરૂપી સદા પદ તેરો તૂં મૂરખ કહા૦. | ૨૫ |
| ૩૮ | આપ સમજકા ઘર નહીં પાયા દૂજાકું કયા૦. ... | ૨૫ |
| ૩૯ | બીત ગયો નરભવકો અવસર નહિં સું૦ ... ... | ૨૬ |
| ૪૦ | અવગુણ કબ લગ કહું દિલ તેરા. ... ... ... ... | ૨૭ |
| ૪૧ | ગઈ સબ તેરી શીલ સમતા, લપટ રહી નાર૦. | ૨૭ |
| ૪૨ | સદા નમું જિનરાજ ચરનકું કીયો જગતમેં૦. ... ... | ૨૮ |
| ૪૩ | કૃપા કરો સંખેસર સાહેબ, ગુણધામી૦. ... ... ... | ૨૯ |
| ૪૪ | બંદત હે કોઇ સમેત શિખરકું દુરગતિ કી૦. ... ... | ૨૯ |
| ૪૫ | સુણજો બાતાં રાવ સદાશિવ મત ચડ જાનાં ધૂલેવે. ... ... | ૨૯ |
| ૪૬ | જમત ભવિક કજ મહેર અનંત ગુન તેજ૦. ... ... ... | ૩૦ |
| ૪૭ | તુમ સમુદ્ર વિજયકા તન્ન અરજ સુન લીજે. ... ... | ૩૨ |

| અંક. | પ્રત્યેક લાવણીનું પ્રથમપદ. | પૃષ્ઠાંક. |
|---|---|---|
| ૪૮ | આનંદ વરતે મંગલ પ્રભુ નામ લીલા. ... ... ... ... | ૩૩ |
| ૪૯ | દુઃખ દુષ્ટા ભુગતા હુઓ નરકવાસી. ... ... ... ... | ૩૩ |
| ૫૦ | બ્રહ્મ પદવી જીત હુવા ભેખધારી. ... ... ... ... ... | ૩૪ |
| ૫૧ | કુજાપ જપતાં ઘણો કાલ ખોયો. ... ... ... ... ... | ૩૫ |
| ૫૨ | નેમનાથ જિનવરકો બદન મુખ નિરખું કૈસેરી. ... ... ... | ૩૫ |
| ૫૩ | સુણો સખીરી રંગ મહેલમેં મેં શીરતીથી દીવાની. ... ... | ૩૫ |
| ૫૪ | મેરે દિલકે મહેરમ તુંહી શ્રીનાભિનંદન. ... ... ... | ૩૬ |
| ૫૫ | ઋષભ દેવ તું બડા દેવ હે દેખનેકી ગત હેન્યારી. ... ... | ૩૭ |
| ૫૬ | ખડા ખડા પ્રભુ અરજ કરતા સમરણ કરતા સબ તેરા... ... | ૩૮ |
| ૫૭ | અરિહંતજીકે સમવસરણમેં ચોશઠઇંદર આનખડે. ... ... | ૩૯ |
| ૫૮ | ગિરિવરકું ગયે ગુરૂગ્યાની, રાજુલ મન૦ ... ... ... ... | ૪૦ |
| ૫૯ | પારસ પૂજન જોગ જગતમેં મગસીકે મ્યાને. ... ... | ૪૦ |
| ૬૦ | દગા દે ગયા પતિ ગિરનારી કહોરે માઈ કૈસે૦.... | ૪૧ |
| ૬૧ | મેં નિત્ય નમાવું શીશ સાધ સંતનકું. ... ... ... | ૪૨ |
| ૬૨ | અનંત બલી જિનરાજ જગતપતિ ચરન૦.... ... ... | ૪૨ |
| ૬૩ | મરણ મથ કૂપ કોન જાને ફિરે તજ મૂલ૦. ... ... | ૪૪ |
| ૬૪ | બલ જાવોરે મુસાફર યાર પ્રીત સબ તેરી. ... ... | ૪૪ |
| ૬૫ | આયો અબ સમકિતકે ઘરમેં, પડે નહીં૦. ... ... ... | ૪૫ |
| ૬૬ | નમું નમું મેં ગુરૂ નિગ્રંથકું વે જિનમુદ્રાધારી હૈ. ... ... ... | ૪૬ |
| ૬૭ | તજું તજું મેં ઊન કુગુરૂકું કનક કામિની ધારીહૈ૦. ... ... | ૪૬ |
| ૬૮ | ચતુર પરનારી મત નિરખો શ્રાવણ કેરી રેન૦.... ... ... | ૪૬ |
| ૬૯ | કોન જગતમેં તારા ચેતન, કોન જગતમેં૦. ... ... ... | ૪૭ |
| ૭૦ | જગતમેં નવપદ જયકારી પૂજતાં રોગ ટલે ભારી. ... ... | ૪૭ |
| ૭૧ | શાહેર જુનેમેં શાંતિ બિરાજે અંગ ભર૦. ... ... ... ... | ૪૮ |
| ૭૨ | ધર સુમતિસેં ધ્યાન ચેતન સંવરમેં રખનાં. ... ... ... | ૪૯ |
| ૭૩ | ઋષભ દેવ મહારાજ કેસરીયા બેઠા પાહાડોમેં. ... ... ... | ૫૧ |

| અંક. | પ્રત્યેક લાવણીનું પ્રથમપદ. | પૃષ્ઠાંક. |
|---|---|---|
| ૭૪ | ફાગુણ મહીના ફાગમેં હોરી ખેલનાં. ... ... ... | ૫૧ |
| ૭૫ | કુમતિકી સંગત નહિં કરિયેં રે કુમતિ૦. ... | ૫૨ |
| ૭૬ | શાંતિનાથ મહારાજ બિરાજે માંડવગઢ માંહે. ... | ૫૩ |
| ૭૭ | તેરી સુરત સોહેણી દેખ, મેરા મન હરખે. | ૫૩ |
| ૭૮ | સિદ્ધ નમો અરિહંત નમો વલી આય૦. ... | ૫૪ |
| ૭૯ | માતા ત્રિશલા ઝૂલાવે નંદનકું રે. ... | ૫૪ |
| ૮૦ | ઊત્તમ જીવ જદ ઊદર આયે. ... | ૫૫ |
| ૮૧ | ભાઇ કલકી ખબર નહીં કીસી ઘડીમેં૦... | ૫૭ |
| ૮૨ | સિદ્ધગિરિ રે સિદ્ધગિરિ૦. ... | ૫૮ |
| ૮૩ | ભવ દવ દહન નિવારવા. ... ... ... ... ... | ૬૦ |
| ૮૪ | અજિત જિન ઊપમા ભારી, ધન૦. ... ... | ૬૦ |
| ૮૫ | ચેત ચતુર નર કહત સદ્ગુરૂ કિસિવિધ૦. | ૬૦ |
| ૮૬ | તુમેં નિરંજન નાથ હમારા.... ... ... ... | ૬૨ |
| ૮૭ | શ્રીકુંથુનાથ કરમકાટ મુક્તિ મોજપાયા. ... ... | ૬૨ |
| ૮૮ | શ્રીનેમિ નિરંજન બાલપણે બ્રહ્મચારી. ... ... | ૬૨ |
| ૮૯ | ગુણવંતા શ્રી જિનરાય સભાયેં આવે. ... ... | ૬૩ |
| ૯૦ | હરખ્યો હરિ નિજ ચિત્ત સભામેં આવે.... ... | ૬૩ |
| ૯૧ | મલ્યો જાદવ કેરો વૃંન્દ છપન્ન કુલ કોડે. ... ... ... | ૬૪ |
| ૯૨ | અગડબમ્ અગડબમ્ વાજે ચોઘડા સવાઈડંકા સાહેબકા... | ૬૫ |
| ૯૩ | શ્રીવીતરાગ જિન દેવ નમું શિરનામી. ... ... ... | ૬૭ |
| ૯૪ | પ્રભુ કરો સેવ ચિત્ત લાય જાય અઘ તેરા. ... | ૭૦ |
| ૯૫ | મંજન ચીર તિલક આઘંત ચતુર સણગાર૦.... | ૭૧ |
| ૯૬ | સુણો શ્રી જૈનધર્મ ભવિપ્રાણી આતમવાણી૦ ... ... ... | ૭૨ |
| ૯૭ | આદિકરન આદિજગત આદિ જિણંદજિનરાજ, કેસરીયાજીની મહોટી લાવણી દીપવિજયજીની કરેલી. ... ... ... | ૭૪ |
| ૯૮ | નેમ નાથ મોરી અરજી સુનીજેં મેં હું દાસી ચરનોકી. ... ... | ૮૦ |

| અંક. | પ્રત્યેક લાવણીનું પ્રથમપદ. | પૃષ્ઠાંક. |
|---|---|---|
| ૯૯ | તેના ગાવત રંગચંગશું, જ્ઞાનધ્યાનમેં ખૂબ ખડા... ... ... | ૮૧ |
| ૧૦૦ | પારસનાથ વિખ્યાત જગતમેં. ... ... ... ... ... | ૮૧ |
| ૧૦૧ | પ્રભુપારસ ભજલે ભાઈ, જ્ઞાન ધ્યાન સમ૦. ... ... ... | ૮૩ |
| ૧૦૨ | પ્રભુપાસજિણંદા, દરિસન દેખી આણંદા.... ... ... | ૮૪ |
| ૧૦૩ | સત્યધર્મકું છોડ અધર્મમેં પડનાં નાં ચાહિયેં. ... ... | ૮૬ |
| ૧૦૪ | મેરો વાલમ વનમેં ગયોરી, મા મેરો વાલમ૦. ... ... ... | ૮૬ |
| ૧૦૫ | નિર્દ્ધનકા ધનવાન હુવા તબ. દાન પુણ્ય કરનાં ચહિયેં. ... | ૮૭ |
| ૧૦૬ | મેરા હઠમત કર રે જનની, મેં જાઉંગી ગિરનાર. | ૮૮ |
| ૧૦૭ | કહે બિભીષણ સુન ભાઈ રાવણ, અરજ કરૂં૦. ... ... ... | ૮૮ |
| ૧૦૮ | સુણિયો રે સુણિયો સુગુણ તમેં, જો ચાહો ભવજલ૦.... ... | ૮૯ |
| ૧૦૯ | સુણો સયાણે ઐસે સાંઈ સલૂણા, ઘડી ઘડી૦ ... | ૯૦ |
| ૧૧૦ | ગયો મહેલકો ખેલ, સખી મોહે ઊજડ હોય લાગે. ... ... | ૯૧ |
| ૧૧૧ | નેમજી જાન બની ભારી, દેખનકું આયે નર નારી. ... | ૯૨ |
| ૧૧૨ | સરસતી માતા સુમતિકી દાતા, તુંહી વિધાતા૦.... ... | ૯૪ |
| ૧૧૩ | અરજ હમારી સુનો દિનપતિ, કૌન ભાંતિ તિરનાં. ... | ૯૫ |
| ૧૧૪ | સદગુરૂજી મહારા સરણે આયાકી લજ્જા૦. ... | ૯૬ |
| ૧૧૫ | દેખ પરાઇ રીત રોવે ક્યું હોસું રે. ... ... | ૯૬ |
| ૧૧૬ | એ કર જોડી શીશ નમા કે ગુન ગાઉં અબ મેં તેરે. ... | ૯૭ |
| ૧૧૭ | સુનિયોરે પ્યારે બાત હમારી સબ કોઊ નરનારી. ... ... | ૯૭ |
| ૧૧૮ | સકલ સુખદાયક નરનારી. નવપદજીની લાવણી... | ૯૮ |
| ૧૧૯ | આરતિ કરૂં શ્રીપાર્શ્વ પ્રભુકી. ... ... | ૯૯ |
| ૧૨૦ | આદિ જિનેસર કિયો પારણો. ... ... ... | ૧૦૦ |
| ૧૨૧ | છાહી ઘટા ગગનમેં કારી. ... ... ... ... | ૧૦૦ |
| ૧૨૨ | શ્રી અજિતનાથ મહારાજ.... ... ... ... | ૧૦૧ |
| ૧૨૩ | કંકરકું શંકર કર માને. ... ... ... ... ... ... | ૧૦૨ |
| ૧૨૪ | શ્રી શંખેશ્વર ગામ બિરાજે અદ્દભુત મહિમા હે જિનકા... ... | ૧૦૨ |

| અંક. | પ્રત્યેક લાવણીનું પ્રથમપદ. | પૃષ્ઠાંક. |
|---|---|---|
| ૧૨૫ | દુરમતિ દૂર ખડી રહોરી. ... ... ... | ૧૦૨ |
| ૧૨૬ | ચતુરનર દિલકું સમજાનાં.... ... ... | ૧૦૪ |
| ૧૨૭ | સુગુણનર શ્રીજિન ગુણ ગાનાં. ... ... ... ... ... | ૧૦૪ |
| ૧૨૮ | પીયા ચલા ગિરિવરકું એ લાવણી પાઠાંતરે ૮૮ માં પૃષ્ઠમધ્યેં છે. | ૧૦૪ |
| ૧૨૯ | પોઢો પોઢોજી ઋષભ વિહારે. ... ... ... | ૧૦૫ |
| ૧૩૦ | સાહિબા શ્રી સીમંધર સાહિબા સ્તવન. ... ... ... | ૧૦૫ |

शा सोमचंद ओतमचंद जैन ज्ञान भंडार

અથ

# શ્રી લાવણી સંગ્રહ પ્રારંભ.

## પ્રથમ શ્રી જિનદાસજી કૃત ધન.

॥અરે તુમ જપો મંત્ર નવકાર, ઉનસેં ઉતરોગે ભવપાર ॥ હોય તેરી કાયાકો આધાર, સફલ કરલે અપનો અવતાર ॥ ધ્યાન તુમ મનમેં ધરો નરનાર, ખાણ દુઃખકી એ હે સંસાર ॥ કરો પ્રભુ ન્યાલ અબ જિનદાસ, રખો પ્રભુ મુઝં ચરણોંકે પાસ ॥ ૧ ॥

॥સરકજા કુમતિ નાર કાલી, તેરી સંગતસેં ગઈ લાલી ॥ સોબત સમતાકીમેં ટાલી, આતમા તપમેં નહીં ઘાલી ॥ અનંત ભવ વીત ગયા ખાલી, વેદના નિગોદકી જાલી ॥ અમરપદ જિનદાસ માગે, સદા પદ પ્રભુજીકું લાગે ॥ ૨ ॥

॥શીશ નિત નમું નાભિનંદન, ચરણ પર ચડે કેસર ચંદન ॥ કરત સબ ઇંદ્રાદિકબંદન, કટત હે કરમોંકા ફંદન ॥ સાધ્યો તેં શિવપુરકો સાધન, સર્વ જીવનકું સુખકંદન ॥ જિનંદ ગુણ જિનદાસ ગાવે, શીશ ચરણોંસેં નમાવે ॥ ૩ ॥

॥બોલત હૈયા મેરા હસકર, ચઢાવું ચંદન ચૂવા ઘસકર ॥ પેઠા મેં ધર્મોમેં ધસકર, પાપ દલ દૂર ગયા ખસકર ॥ ચેતન હુવા ખડા કમર કસકર, હઠાયા કર્મોંકા લશકર ॥ શ્રી જિનરાજ ઝિહાઝ ખાસા, શરણ જિનદાસ લીયા બાસા ॥ ૪ ॥

॥સમજ મન મેરા મતવાલા, તુઝેં નહિ કોઈ હટકણવાલા ॥ વસ્યા તેરે હઇએ કુગુરૂ કાલા, દિયા તેં સુર ગતિકું તાલા ॥ ફેરતો મમતાકી માલા, વાલતો ભગવંત પર ભાલા ॥ દયાસેં દે દિયા તાલા, દેખો જિનદાસકા ચાલા ॥ ૫ ॥

॥ કીયા મેં ગણધર પ્રેમપતી, મુઝે વરદાયક હે સરસતી ॥ કેરી નિર્મલ નિર્ગ્રંથ મતિ, પૂંઠ પર ખડે જાગતા જતિ ॥ મુઝે બલવંત ભઈ સોલસતી, મિટી મેરી દુર્ગતકી સબગતિ ॥ ઐસા ધન જિનદાસ ગાવે, અચલ પદ ભક્તિસેં પાવે ॥ ૬ ॥

॥ બિકટ ઘટ દુરગતકા ભારી, નીર જ્યાં ભરતિ કુમતિ નારી ॥ બરછી ઉન નૈનોંકી મારી, હુબ્યા કેઈ કામી સંસારી ॥ ઈનોંકી હો રહી ખૂઆરી, જીત્યા કોઈ સત્ય ધરમધારી ॥ પ્રભુ તુમ પરમારથ પાયા, શરણ અબ જિનદાસ આયા ॥ ૭ ॥

॥ ચેત નર નિગોદકા બાસી, કરાઈ જગમેં તેં હાંસી ॥ કુમતિકી પડિ ગલે ફાંસી, સુમતિસું રખી હે ઉદાસી ॥ કુમતિ બસી સેજ ખાસી, માન રહ્યો મમતાકું માસી ॥ હીયે ખોલ અરિહંતકોં પરખો, કરો જિનદાસ આપ સરખો ॥ ૮ ॥

॥ અફલ નર તેરી જીંદગાની, શીખ સૂત્રોંકી નહીં માની ॥ કીયા નહીં ગુરૂ નિર્ગ્રંથગ્યાની, કાનસેં લગી કુમતિ રાની ॥ જગતમેં ઉતર ગયા પાની, ગતિ તેરી દુરગતકી ઠાની ॥ સેવક તોરા જિનદાસ બાજે, સુધારોગે તુમહી કાજેં ॥ ૯ ॥

॥ સફલ નર તેરી જિંદગાની, શીખ સૂત્રોંકી તેં માની ॥ કિયા નિજ ગુરૂ નિર્ગ્રંથગ્યાની, કાનસેં લગી સુમતિ રાની ॥ જગતમેં અધિક ચઢ્યો પાની, ગતિ તેરી સુરગતકી ઠાની ॥ સેવક તેરા જિનદાસ બાજે, સુધારોગે તુમ હી કાજેં ॥ ૧૦ ॥

## શીખામણની લાવણી.

॥ ચલ ચેતન અબ ઊઠકર અપને, જિનમંદિર જઈયેં ॥ કિસીકી ભૂંડી ના કહિયેં, કિસીકી બૂરી ના કહિયેં ॥ ચલ૦ ॥ એ આંકણી ॥ ચરણ જિનવરજીકા ભેટો ॥ ચર૦ ॥ ભવભવ સંચિત પાપ કરમ સબ, તન મનકા મેટો ॥ સુકૃત કીજેં મહારાજ ॥ સુકૃત૦ ॥ જિ-

નવરકા ગુણ ભજ લીજેં, સમકિત અમૃત [illegible] ભક્તિકો લહિયેં રે ॥ લાભ૦ ॥ ચલ૦ ॥ ૧ ॥ [illegible] બડાઈ ॥ કરો૦ ॥ તજ તામસ તન મનકી સુમતા, સેં રહેનાં ભાઈ॥ રીતસેં બોલો, મેરી જાન ॥ રીત૦ ॥ આતમ સમતામેં તોલો, મત મરમ પારકા ખોલો, મૌન કર તન મનસેં રહિયેં રે ॥ મૌન૦ ॥ ચલ૦ ॥ ૨ ॥ જોબન દિન ચાર તણો સંગી રે ॥ જોબન૦ ॥ અંત સમય ચેતન ઊઠ ચાલે, કાયા પડિ નંગી ॥ પ્રીત સબ તૂટી, મેરી જાન ॥ પ્રીત૦ ॥ આઊખાકી ખરચી ખૂટી, ચેતનસેં કાયા રૂઠી, સુખ દુખ આપ કિયા સહિયેં રે ॥ સુખ૦ ॥ ચલ૦ ॥ ૩ ॥ જગતસેં રહેનાં ઊદાસી રે ॥ જગ૦ ॥ પરખ્યા મેં જિનરાજ હરો, મેરી દુરગતકી ફાંસી ॥ તજો સબ ધંદા, મેરી જાન ॥ તજો૦ ॥ જિનવર મુખ પૂનમ ચંદા, જિનદાસ તુમારા બંદા, મેરે એક જિનદરશન ચહિયેં રે ॥ મેરે૦ ॥ ચલ૦ ॥ ૪ ॥ ॥ ૧ ॥

## શીખામણની લાવણી.

॥ તુમ ભજો જિનેસરદેવ, મુગતિપદપાઈ॥ મુગતિ૦ ॥ અબ અચલ અખંડિત જ્યોત, સદા સુખદાઈ ॥ એ આંકણી ॥ મેં રૂલ્યો ચોરાસીમાંહે, ભૂલ્યો મેં ભરમ ॥ ભૂલ્યો૦ ॥ મહારે ઊદયે અનંતાં દુઃખ, બાંધ્યાં જબ કરમ ॥ મેં કદિયેક હૂઓ રંક, ફિર્યો તજ શરમ ॥ ફિર્યો૦ ॥ અરૂ કદિયેક રાજા ભયો, ગરથકો ગરમ ॥ જબ ગરવ આણકર બોલ્યો, પારકા મરમ ॥ પાર૦ ॥ પણ નિરમલ જુગમેં જૈન, કીયો નહીં ધરમ ॥ અબ મનખ જનમમેં ચેત, ઘડી સુભ આઈ રે ॥ ઘડી૦ ॥ અબ૦ ॥ ૧ ॥ મેં સુર નરકા સુખ વાર, અનંતી પાયા ॥ અનં૦ ॥ મહારે શિવ સમતાકા સૂખ, હાથ નહીં આયા ॥ મેં કુગુરૂને કુદેવ, ભલા કર ધ્યાયા ॥ ભલા૦ ॥ મેં ઊલજ્યો અનાદિ અગ્યાન, વિષય ભોગ ભાયા ॥ મેં પડ્યો લોભકે ફંદ, જોડતો માયા ॥ જોડ૦ ॥ પણ લગ્યો અંત જબ આય, કાલને ખાયા ॥

અબ પરિહર સબ પરમાદ, ધર્મ કર ભાઇ રે ॥ ધર્મ૦ ॥ અબ૦ ॥ ૨ ॥ અબ દુરલભ અવસર લહી, તૂં સુકૃત કર રે ॥ તૂં સુકૃ૦ ॥ અબ દાનશીયલતપભાવ, હીયામેં ધર રે ॥ તું કરમકી માલા કાટ, પાપ પરિહર રે ॥ પાપ૦ ॥ અબ વારવાર કહું તોહે, જગતસેં તર રે ॥ તું નિરમલ નયણું દેખ, નરકસું ડર રે ॥ નર૦ ॥ તું શીખ સુગુરૂકી માન, અગ્યાની નર રે ॥ અબ પરત્રીયા કર જાન, બેનને માઈ રે ॥ બેન૦ ॥ અબ૦ ॥ ॥ ૩ ॥ અબ જિનવર મુઝ મન ભાયો, સદા ગુણ ગાઊં ॥ સદા૦ ॥ અબ ઈતની કિરપા કરો, નરક નહીં જાઊં ॥ અબ ભવ ભવમાંહીં દેવ, જિનેસર પાઊં ॥ જિને૦ ॥ મેં મન વચ કાયા કરી, ચરણ ચિત્ત લાઊં ॥ એ દયા ધરમ હિતકાર, સદા મેં ચાઊં ॥ સદા૦ ॥ એ ચોરાસીકે માંહે, ફેર નહીં આઊં ॥ યું અરજ કરે જિનદાસ, કીરત એ ગાઈ રે ॥ કીરત૦ ॥ અબ૦ ॥ ૪ ॥ ॥ ૨ ॥

## શીખામણની લાવણી.

॥ કબ દેખું જિનવર દેવ, જગતગુરૂ ગ્યાની ॥ જગ૦ ॥ કોઈ આપ સમો નહીં ઔર, જો અંતરધ્યાની ॥ એ આંકણી ॥ અબ વિષમ વન સંસાર, જગતમેં ભટકયો ॥ જગ૦ ॥ મુઝે અનમત ને લેજાય, નરકમેં પટકયો ॥ અબ લહું દરિશન જિનવરકા, ઓ દિન કબ ઊગે ॥ ઓ૦ ॥ મુઝ મનકી વંછિત આસ, અધિક સબ પૂગે ॥ અબ જિન દરશન બિન નયન, ઝરે મુજ પાની ॥ ઝરે૦ ॥ કોઇ૦ ॥ ૧ ॥ થારે કુગુરૂકો ઊપદેશ, હીયામેં છાયો ॥ હીયા૦ ॥ પણ સરસ ભેદ સમકિતકો, જીવ નહીં પાયો ॥ અબ જૈન ધર્મ નિજ માલ, મૂરખ મત ખોવે ॥ મૂરખ૦ ॥ એ સુમતિ સુરગકો પંથ, અમરગત હોવે ॥ અબ દુર્લભ જિન ભક્તિકી લહિ નિજ ટાની ॥ લહી૦ ॥ કોઇ૦ ॥ ૨ ॥ અબ સુરનર ગાવે ગીત, અજબ જડ લાગી ॥ અજબ૦ ॥ જિહાં નાચત નૃત્ય અનેક, આલસકું ત્યાગી ॥ અબ મોહત મન નરપતિકા, ગગનધ્રુનિ ગરજે ॥ ગગ૦ ॥ એ જિનવર મહિમા અનંત, ધ્યાન

દિલ ધરજે ॥ એસી અધિક [illegible] જિન[illegible]ની ॥ મેરે૦ ॥ કોઇ૦ ॥ ૩ ॥ અબ જિન ચરણોંસેં રંગ, અધિક દિલ લાગો ॥ અધિક૦ ॥ મેં પેસ્યો જિન ગુણ અજબ, સુરંગી વાધો ॥ આ સફલ ઘડી સમકિતકી, હાથ અબ આઇ ॥ હાથ૦ ॥ મેં ગગન ગમનકી પાંખ, અમૂલક પાઇ ॥ અબ બોલત યું જિનદાસ, સુનો જિનબાની ॥ સુનો૦ ॥ કોઇ૦ ॥ ૪ ॥ ॥ ૩ ॥

## શીખામણની લાવણી.

॥ એક જિનવરકા નિજ નામ, હીયામેં લેનાં ॥ હિયા૦ ॥ અબ લગી લગન જિનવરસેં, આપ ખુશ રહેનાં ॥ સદા ખુશ રહેનાં ॥ એ આંકણી ॥ અબ નિરખું જિન દીદાર, દરસ કબ પાઊં ॥ દર૦ ॥ જગમેં જિનવર નિજનામ, નિરંજન ધ્યાઊં ॥ અબ રહે નયન લોભાય, હિયો નિત ફરકે ॥ હિયો૦ ॥ મોહે જિનદર્શનકી આસ, પાપ સબ સરકે ॥ અબ સુરપતિ નિરખત રૂપ, નજર ભર નેનાં ॥ નજર૦ ॥ અબ૦ ॥ ૧ ॥ અબ મિટયો મરણ ભવ ભવકો, આસ મુઝ પૂરો ॥ આસ૦ ॥ મેં જપું જિણંદકો નામ, મેલું નહીં દૂરો ॥ એ ઘનઘાતિ ઘાલે ઘેર, કરમ સબ ચૂરો ॥ કર૦ ॥ મેં દુરગતિ ભમતાં આયો, આપ હજૂરો ॥ અબ શુભ નજરાં મુઝ નિરખ, મુગતિ પદ દેનાં ॥ મુગ૦ ॥ અબ૦ ॥ ૨ ॥ અબ હે હીરાકી ખાન, ગ્યાન નિજ કરણી ॥ ગ્યાન૦ ॥ એ મુગતિ પંથ દાતાર, સુમતિકી ધરણી ॥ અબ શુકલ ધ્યાનકી પેડી, ચઢા નીસરણી ॥ ચઢા૦ ॥ ઐસા જગમેં સંત સુજાન, મુક્તિ પદ વરણી ॥ અબ આપો મયા કર કરકેં, અમર સુખ ચેનાં ॥ અમર૦ ॥ અબ૦ ॥ ૩ ॥ અબ બૈઠ કરૂં મેં મોજ, આનંદ કે ઘરમેં ॥ આ૦ ॥ મેં પરખ્યા શ્રીજિનરાજ, જગત કુણ ભરમે ॥ મેં દુઃખ ભોગતાહું અનંત, કરે કુણ લેખો ॥ કરે૦ ॥ મેં અરજ કરૂં તન મનસેં, નજર ભર દેખો ॥ અબ બોલત યું જિનદાસ, સરવ રસ એનાં ॥ સરવ૦ ॥ અબ૦ ॥ ૪ ॥ ॥ ૪ ॥

## ઊપદેશ લાવણી.

॥ ખબર નહીં આ જુગમેં પલકી રે ॥ ખબર૦ ॥ સુકૃત કરનાં હોય તો કરલે, કોન જાને કલકી ॥ એ આંકણી ॥ યા દોસ્તિ હે જગવાસકી, કાયા મંડલકી ॥ કાયા૦ ॥ સાસઊસાસ સમર લે સાહેબ, આયુ ઘટે પલકી ॥ ખબર૦ ॥ ૧ ॥ તારામંડલ રવી ચંદ્રમા, સબ હે ચલનેકી ॥ સબ૦ ॥ દિવસ ચારકા ચમત્કાર જ્યું, વીજલિયા જલકી ॥ ખબર૦ ॥ ૨ ॥ કૂડ કપટ કર માયા જોડી, કરિ બાતાં છલકી ॥ કરિ૦ ॥ પાપકી પોટલી બાંધી સિરપર, કૈસેં હોય હલકી ॥ ખબર૦ ॥ ૩ ॥ યા જુગ હે સુપનેકી માયા, જૈસી બુંદા જલકી ॥ જૈસી૦ ॥ વિણુસંતાં તો વાર ન લાગે, દુનીયાં જાય ખલકી ॥ ખબર૦ ॥ ૪ ॥ માત તાત સુત બંધવ બાઈ, સબ જગ મતલબકી ॥ સબ૦ ॥ કાયા માયા નાર હવેલી, એ તેરી કબકી ॥ ખબર૦ ॥ ૫ ॥ મન માવત તન ચંચલ હસ્તિ, મસ્તિ હે બલકી ॥ મસ્તિ૦ ॥ સતગુરૂ અંકુશ ધરો શીસપર, ચલ મારગ સતકી ॥ ખબર૦ ॥ ૬ ॥ જબલગ હંસા રહે દેહમેં, ખુસીયાં મંગલકી ॥ ખુસી૦ ॥ હંસા છોડ ચલ્યા જબ દેહી, મટીયાં જંગલકી ॥ ખબર૦ ॥ ૭ ॥ પર ઊપકાર સમો નહી સુકૃત, ધર સમતા સુખકી ॥ પાપ નહી પર પ્રાણી પીડન, હર હિંસા દુખકી ॥ ખબર૦ ॥ ૮ ॥ કોઈ ગોરા કોઇ કાલા પીલા, નયણે નિરખનકી ॥ એ દેખી મત રાચો પ્રાણી, રચના પુદ્‌ગલકી ॥ ખબર૦ ॥ ૯ ॥ અનુભવજ્ઞાને આતમ બૂજી, કર બાતા ઘરકી ॥ અમરપદ અરિહતકું ધ્યાયાં, પદવી અવિચલકી ॥ ખબર૦ ॥ ૧૦ ॥ દયા ધરમ સાહેબકો સમરન, એ બાતાં સતકી ॥ એબાતાં૦ ॥ રાગ દ્વેષ ઊપજે નહીં જિનકું, બિનતી અખમલકી ॥ ખબર૦ ॥ ૧૧ ॥ ॥ ૫ ॥

## સુમતિ કુમતિની લાવણી.

॥ હાંરે તું કુમતિ કલેસણુ નાર, લગી કયું કેડે ॥ લગી૦ ॥ ચલ સરક ખડી રહે દૂર, તુઝે કુણુ છેડે ॥ એ આંકણી ॥ હાંરે તું

સુમતિકો ભરમાયો, મુઝે કયું છોડી ॥ મુઝે૦ ॥ મેરી સદા શાશ્વતી પ્રીત, છીનકમેં તોડી ॥ તુજ બિન સૂની મેરી સેજ, કહું કર જોડી ॥ કહું૦ ॥ ઊઠ ચલો હમારે સંગ, સુખેં રહો પોહોડી ॥ યું જૂર જૂર કુમતિ આંસુ, આંખસેં રેડે ॥ આંખ૦ ॥ તું કુમતિ૦ ॥ ચલ૦ ॥ ॥ ૧ ॥ હાંરે તેરી નરકનિગોદકી સેહેજ, સેંતિ મેં રૂઠ્યો ॥ સેંતિ૦ ॥ પકડ્યો સાચો જિનરાજ, સંગ તેરો છૂટ્યો ॥ તેરી મૂરખ માને બાત, હૈયાકો ફૂટ્યો ॥ હૈયા૦ ॥ મેં સહેજ હુવો હું દૂર, તાર તેરો ત્રૂટ્યો ॥ તું કર દૂરસેં બાત, આવ મત નેડે ॥ આ૦ ॥ ચલ૦ ॥ ૨ ॥ મેરી અનંતકાલકી પ્રીત, પલક નહાં પાલી ॥ પલક૦ ॥ સુમતિકે લાગો સંગ, મુઝે કયોં ટાલી ॥ તું સુમતિકો સિરદાર, સુણાવે ગાલી ॥ સુ૦ ॥ તેરી હમ દોનું હે નાર, ગોરી ઓર કાલી ॥ તૂં હમકું ઠેલેદૂર, સુમતિકું તેડે ॥ સુમ૦ ॥ ચલ૦ ॥ ૩ ॥ અબ કુમતિકો લલચાયો, રતિ નહાં ડગીયો ॥ રતિ૦ ॥ સુન કર સૂત્રકી શીખ, સાચ હોય લગીયો ॥ ચેતન કુમતિકે સેહેજ, દૂરસૂં ભગીયો ॥ દૂર૦ ॥ જિનરાજ બચનકો ગ્યાન, હૈયેમેં જગીયો ॥ જિનદાસ કુમત તું બાત, ખોટી મત ખેડે ॥ ખોટી૦ ॥ ચલ સરક૦ ॥ ૪ ॥ ॥ ૬ ॥

## ઊપદેશ લાવણી.

॥ તુમ તજો જગતકા ખ્યાલ, ઈસકકા ગાનાં ॥ ઈસ૦ ॥ તેરી અલ્પ ઊમર ખુટ જાય, નરક ઊઠ જાનાં ॥ તેં દિનાં ચાર જુગ બીચ, લિયા હે વાસા ॥ લિયા૦ ॥ તેરે સિરપર બેઠા કાલ, કરત હે હાંસા ॥ મેં બોલું સાચી બાત, જૂઠ નહીં માસા ॥ જૂઠ૦ ॥ તું સૂતા હે કુણ નિંદ, કિસી કર આસા ॥ અબ સેવ દેવ જિનરાજ, ખલકમેં ખાસા ॥ ખલ૦ ॥ તેરા જોબન પતંગકા રંગ, જૂઠ સબ આસા ॥ અબ હીયે ધરો મેરી સીખ, સમજરે દીવાના ॥ સમ૦ ॥ ॥ તુમ૦ ॥ ૧ ॥ અબ બૂરી ભલી સબ બાત, મૂન કર રીજેં ॥ મૂન૦ ઓ મુખ મીઠા સંસાર, ભેદ નહીં દીજેં ॥ કર વીતરાગ વિસવાસ,

હીયે ધર લીજેં ॥ હિયે૦ ॥ પણ નીચનારકા સંગ, માંહે મત ભીજેં ॥ અબ સાત વિસનકો સંગ, પ્રીત મત કીજેં ॥ પ્રીત૦ ॥ તોહે દુર-ગત દે પહોંચાય, તેરો તન છીજે ॥ તું સુખ દુખકા સિરદાર, રંક નહીં રાણા ॥ રંક૦ ॥ તુમ૦ ॥ ૨ ॥ તું બિસર ગયા જુગ બીચ, નામ જિનવરકા ॥ નામ૦ ॥ પચ રહ્યા કુટુંબકે કાજ, કીયા ફંદ ઘ-રકા ॥ તેં દયા ધરમ બિન ખોયા, જનમ સબ નરકા ॥ જનમ૦ ॥ તેં પહ્લે બાંધ્યા પાપ, કસાઈ સરખા ॥ અબ લીયા નહીં તેં લાભ, બખત પર કરકા ॥ બખત૦ ॥ તેરી વીતિ બાત સબ જાય, જનમ જું ખરકા ॥ અબ સુણો સીખ સૂતરકી, સુલટ રે શાણા ॥ સુલ૦ ॥ તુમ૦ ॥ ૩ ॥ તેરી સરણ સેજપર પોઢયા, આનંદ દિલ આયા ॥ આનં૦ ॥ મેરી ભગી ભૂખ સબ પ્યાસ, સુધારસ પાયા ॥ મેરે સિરપર તુમ સિરદાર, જિનેસર રાયા ॥ જિને૦ ॥ મેં ચાહૂં ચર-ણુકી સેવ, સફલ કર કાયા ॥ અબ દ્યો દોલત દરસનકી, મેરે એહી માયા ॥ મેરે૦ ॥ યું અરજ કરે જિનદાસ, અલપ ગુન ગાયા ॥ અબ બુરા કુગુરૂ ઊપદેશ, ધરો મત કાના ॥ ધરો૦ ॥ તુમ૦ ॥ ૪ ॥ ॥ ૭ ॥

## ઊપદેશ લાવણી.

॥ સુગુરૂકી શીખ હીયે ધરનાં રે ॥ સુગુરૂ૦ ॥ અમરાપુરકો પંથ સદા, શ્રીજૈનધર્મ કરનાં ॥ સુ૦ ॥ પરમ પરમારથતેં ટાલો રે ॥ પર૦ ॥ સાર જગતમેં જૈન ધરમ, જુગતિસેં નહીં પાલો ॥ પ્રભુકો નામ નહીં લીનો રે ॥ પ્રભુ૦ ॥ મહા હલાહલ વિષય વિકટ, મિથ્યામતસેં ભીનો ॥ ચેતન યું બહુવિધ દુખ પાવે રે ॥ ચેત૦ ॥ લપટયો લા-લચમાંહે પાંચ, ઇંદ્રીકે સુખ ચાવે ॥ જીવ અબ પાપ પરિહર-નાં રે ॥ જીવ૦ ॥ અમરાપુર૦ ॥ ૧ ॥ દયા ચેતનકું સુખકારીરે ॥ દયા૦॥ શ્રીજિનરાજ પરૂપી જૈસી, કેસરકી કયારી ॥ જગતમેં તીરથ હેં ચારીરે ॥ જગ૦ ॥ સાધુ સાધવી શ્રાવક શ્રાવિકા, હૂઆ વ્રતધારી ॥ ઇનૂંકું કહિયેં બ્રહ્મચારી રે ॥ ઈનૂં૦ ॥ સમતા સંયમ સાર કરીનેં,

કર્મે હણ્યાં ભારી ॥ ઇનુંને મેટ્યા જનમ મરણાં રે ॥ ઈનું૦ ॥ અ-મરા૦ ॥ ૨ ॥ પંચ ઇંદ્રિયસેં લપટાયો રે ॥ પંચ૦ ॥ દુઃખ અનંતાં સહ્યાં રે બહુલાં, પ્રાણી પછતાયો ॥ બહુ દુરગતિમેં ભમિ આયો રે ॥ બહુ૦ ॥ શુભ મંત્ર નવકાર સાર, દુર્લભ અબ મેં પાયો ॥ મેરો મન જિનવરસું ભાયો રે ॥ મેરો૦ ॥ કુગુરૂકો સબ સંગ અશુભ, મિથ્યા મત છટકાયો ॥ ઈનવિધ ભવજલસેં તરણાં રે ॥ ઇન૦ ॥ અ૦ ॥ ૩ ॥ રહો જિનવાણી મેં રાતા રે ॥ રહો૦ ॥ અનંત સુખોંકી ખાણ, સદા શિવ મંગલકી દાતા ॥ સદા જિનવર ભક્તિ કરજો રે ॥ સદા૦ ॥ ચિત્ત ધારી હૈયામેં ભવિ તુમ, પાપ પરાં હરજો ॥ અલ્પ જિનવરકા ગુણ ગાયા રે ॥ અલ્પ૦ ॥ કર જોડિ જિનદાસ કહે, જિન ભક્તિસેં ન્હાયા ॥ સદા મેં ચાહું જિન ચરણાં રે ॥ સદા૦ ॥ અમરાપુરકો પંથ સદા૦ ॥ ૪ ॥ ॥ ૮ ॥

## ઉપદેશ લાવણી.

॥ તું ઊલજ્યો હે જંજાલ જગતમેં, વિકલ ભઈ સબ તેરી મતિ ॥ આપ મુવા અભિમાની જીવડા, આગેં કિણવિધ હોયે ગતિ ॥ તું૦ ॥ એ આંકણી ॥ સુલજ સીતાબિ સાચ સમકિતકું, સુગુરૂ શીખ દિલમેં આણો ॥ તજો સકલ મિથ્યાત બાતકું, કુગુરૂ તણો પખ મત તાણો ॥ ખાયિક સમકિત ખરા ખજાના, સો અપના કર કર જાણો ॥ કઠણ પુણ્યસેં આણ મિલ્યો તો હે, દુર્લભ નરભવકો ટાણો ॥ ગ્યાન નજર કર દેખ જીવડા, જીત ગયા હે સાધ સતી ॥ તું૦ ॥ ॥ ૧ ॥ બેર બેર નરભવકો અવસર, ફિર ફિર હાથ નહીં આવે ॥ બાત બીત ગઈ ખાલી મૂઠિ રહી, જબ પરભવમેં પછતાવે ॥ દાન શીયલ તપ ભાવ ભૂલકર, નહીં પીવ પાણી પાવે ॥ સતગુરૂકી સુણી શીખ માનવી, મનમેં રીશ અધિકી લાવે ॥ ઐસા કરમ કર દુર-ગતિ પહોંચે, વાકી વખત જબ આન ખતી ॥ તું૦ ॥ ૨ ॥ એસો જાન કર સમજ જીવડા, સમકિત અમૃત રસ પીજેં ॥ નરભવ હે નિર-

વાણુકો મારગ, નિષ્ફલ ઊનકું મત કીજેં ॥ તુચ્છ જિંદગાની સુણુ અભિમાની, જગતજાલમેં ક્યોં રીજે ॥ સુકૃત હે સરગકો મારગ, બનિ આવે તો કર લીજેં ॥ તજ ભક્તિ સબ ઔર દેવકી, કર શિર પર જિનરાજ પતિ ॥ તું૦ ॥ ૩ ॥ જિન આગમકી શીખ સુની તોહે, ગણધર સૂતરમેં અટકે ॥ વાંકો વાંકો કયું ફિરે જીવડા, જુવાની જોબનકે મટકે ॥ પરખે નહીં પરભવકું પ્રાણી, કાલ આન પલમેં ઘટકે ॥ શીખ દેત જિનદાસ ઔરકું, આપ પથર પર પગ પટકે ॥ મેં અપનો પીંડ ભરચો પાપસેં, પુન્ય કીયો નહીં એક રતિ ॥તું૦॥ ૪ ॥૫॥

## ઉપદેશની લાવણી.

॥ સુકૃતકી બાત તેરે હાથ, રતિ નાં રહીરે ॥ રતિનાં૦ ॥ પુદગલમેં માન્યો સુખ, કલપના કહી રે ॥ સુકૃત૦ ॥ જુગ માંહે જૈન નિજ સાર, સંઘાતેં આવે ॥ સંઘા૦ ॥ ઈનકું તજ કર કયું બેઠો, વિષય ગુણ ગાવે ॥ અમરતકું અલગો ઢોલ, વિસન વિષખાવે ॥ વિસન૦ ॥ મુગતિકો મારગ મેટ, ઊવટમેં જાવે ॥ થારી તુચ્છ જિંદગાની માંહે, વિકલ બુદ્ધિ ભઈ રે ॥ વિકલ૦ ॥ પુદગલ૦ ॥ ૧ ॥ થારે ધન દોલત ભંડાર, ભર્યા હે મોતી ॥ ભર્યા૦ ॥ શત્રુ સજ્જન સબ બને, જગત હોય ગોતી ॥ કોઈ મસલે તેલ ફૂલેલ, ધોવે કોએ ધોતી ॥ ધોવે૦ ॥ સન્મુખ ઊઠ આવે અબલા, તેરો મુખ જોતી ॥ એસી સંપત એક છિનમાંહે, સરવ ક્ષય ભઈ રે ॥ સરવ૦ ॥ પુદગલ૦ ॥ ૨ ॥ તેં ખટરસ ખાયા ખૂબ, ખજાના ખોયા ॥ ખ૦ ॥ નિસિદિન સુખભર સુંદરિકી, સેજમેં સોયા ॥ સજિયા સોલ સણુગાર, નારસેં મોહ્યા ॥ નાર૦ ॥ તેં અંતર ઘટકા મેલ, રતિ નહીં ધોયા ॥ યા નરક નિગોદકી વાટ, પકડ કર લહી રે ॥ પકડ૦ ॥ પુદગ૦ ॥ ૩ ॥ મન માતો આઠ મદમાંહે, ગરવસેં બોલે ॥ ગર૦ ॥ મેં સુખ સંપતકો નાથ, મેરી કુણુ તોલે ॥ દુર્બલ કરતા પોકાર, પલક નહીં ખોલે ॥ પલ૦ ॥ ચાકર હોય રહ્યા હજૂર, ચમર શિર ઢોલે ॥ અબ

અવસર આયો હાથ, ચેત તું સહી રે ॥ ચેત૦ ॥ પુદગલ બાજા બાળ યાસેં કીયો લાડ, બનાઈ ચંગી ॥ બના૦ ॥ પલ ભર પર વાર્યો પુન્ય, તણો તિહાં ભંગી ॥ પકડી પર ભવકી વાટ, હોય કુણ સંગી ॥ હોય૦ ॥ તેરો હંસ ગયો આકાશ, કાયા પડિ નંગી ॥ જિનદાસ કહે કરમોસું, જોર તેરો નહીં રે ॥ જોર૦ ॥ પુદગલમેં માન્યો૦ ॥ ૫ ॥ ॥ ૧૦ ॥

## ઉપદેશ લાવણી.

॥ અને હાંરે લાભ નહીં લિયો જિનંદ ભજકેં રે ॥ લાભ૦ ॥ સુમતિકી સેજ ગયો તજકેં ॥ એ આંકણી ॥ પાપમેં રાતિ દિવસ જાતા રે ॥ પાપમેં૦ ॥ ધરમ મારગમેં નહિં આતા ॥ અને હાંરે બોલતા મુખસેં મીઠી બાતાં રે ॥ બોલ૦ ॥ માલ પારકા ઠગ ઠગ ખાતા ॥ અને હાંરે બનાયાદીલ બોત માતા રે ॥ બના૦ ॥ સદા વિષયા રસસેં રાતા ॥ અને હાંરે કર્મ તેં કિયા ખૂબ રચકેં રે ॥ કર્મ૦ ॥ સુમતિકી સેજ ગયો તજકેં ॥ અને હાંરે૦ ॥ ૧ ॥ અને હાંરે ખલકકા ખ્યાલ ખૂબ જોતા રે ॥ ખલ૦ ॥ નિંદભર સેજામેં સોતા ॥ અને હાંરે જાણુ જંજાલ સબ થોથા રે ॥ જાણુ૦ ॥ ગગન ઊડ ગયા હંસ તોતા ॥ અને હાંરે સજન સબ, ભેલા હોય રોતા રે ॥ સજન૦ ॥ એકેલા આપ ખાયા ગોતા ॥ અને હાંરે ચલત ચડ પૂંઠ ગરવ ગજકે રે ॥ ચલત૦ ॥ સુમતિ૦ ॥ અને હાંરે૦ ॥ ૨ ॥ અને હાંરે ખાવતો ખીર હાથ રાંધી રે ॥ ખાવ૦ ॥ ઘણા ઘરમેં સોના ચાંદી ॥ અનેહાંરે આતમા હુઈ હે તેરી આંદી રે ॥ આ૦ ॥ સુરગકી કીરતિ નહીં સાંધી ॥ અને હાંરે કાલને આયે ફાંસી ફાંદી રે ॥ કાલ૦ ॥ આડી કુણ હોય બીબી બાંદી ॥ નરક ઊઠ ચલે પાપ સજકે ॥ નરક૦ ॥ સુમતિ૦ ॥ અને હાંરે૦ ॥ ૩ ॥ રોપી અબ આય કાલ ખૂંટી રે ॥ રોપી૦ ॥ પ્રીત સબ દેહીકી ટૂટી ॥ અને હાંરે ઊઠકર ચલ્યો ખોલ મૂઠી રે ॥ ઊઠ૦ ॥ બાત કર ગયો જગમેં જૂઠી ॥ અને હાંરે લોભને કાયા તેરી લૂંટી રે ॥ લોભ૦ ॥ કહે જિનદાસ આસ ફૂટી ॥ અને હાંરે કિયા રે ભવ ધૂલ કુગુર

ભજકે ॥ ક્રિયા૦ ॥ સુમતિ૦ ॥ અને હાંરે૦ ॥ ૪ ॥ ॥ ૧૧ ॥

## ઉપદેશ લાવણી.

॥ તજો કામ મદ માન લાલ જિનવર ગુણ ભજ લીજેં, કમાઈ સુકૃતકી કીજેં ॥ કમા૦ ॥ તજો૦ ॥ એ આંકણી ॥ તેં નહીં પરખ્યા જિનરાજ, ધંધેમેં હોય રહ્યો વીતો ॥ સુખદાઇ સંવર સમતાકો, રસ કયોં નહિં પીતો ॥ લાલ તુમ મનુષ્યાતન જીંતો રે ॥ લાલ૦ ॥ દાન શીલ તપ ભાવ બિના તેરો, જન્મ જાયે રીતો ॥ ધર્મબિન કારજ નહીં સીઝે રે ॥ ધર્મ૦ ॥ તજો૦ ॥ ૧ ॥ નિશિદિન ઊલ્લસે નયન મેરો દિલ, જિન દરિસન ચાવે રે ॥ મેરો૦ ॥ હણ્યો જગતજંજાલ લાલ, જિનવર ભક્તિ ભાવે ॥ સબિ સુર નર મંગલ ગાવે રે ॥ સબિ૦ ॥ સુગડ કંઠ સુરપતિકો અજબ ધ્રુનિ, અંબર ગરજાવે ॥ ભજન ધન લાલચમેં રીજે રે ॥ ભજન૦ ॥ તજો૦ ॥ ૨ ॥ જિનગાની દિન ચાર જીવ તું, મનમેં કયું મેલો રે ॥ જીવતું૦ ॥ જોબનકી ગુમરાઇ ગરવમેં, ખૂબ બન્યો ઘેલો ॥ બાણુ જિન વાણીકા જીલો રે ॥ બાણુ૦ ॥ તપ તરવાર ભાવ કર ભાલા, વૈરી કરમ યું ઠેલો ॥ કરમકું દાવાનલ દીજેં રે ॥ કરમ૦ ॥ તજો૦ ॥ ૩ ॥ જિન મુખ વરસેં મેઘ, મિટયો ભીંજત ભવભવ ફેરા ॥ ભીંજત૦ ॥ દરિસન ઘો અરિહંત પ્રભુ, તરસે તન મન મેરા ॥ મેટો મુજ ઘન ઘાતિકા ઘેરા ॥ મેટો૦ ॥ અરજ કરે જિનદાસ દીયા તુમ, મુગતિમાંહે ડેરા ॥ મેરો તન દર્શન બિન છીજે રે ॥ મેરો૦ ॥ ત૦ ॥ ૪ ॥ ॥ ૧૨ ॥

## ઉપદેશ લાવણી.

॥ અગમ પંથ જાનાં હે ભાઈ રે ॥ અગમ૦ ॥ ગ્યાન ધ્યાન સમકેત સંજમસેં, સુધરે કમાઈ ॥ અગમ૦ ॥ એ આંકણી ॥ મેલ મન અંતરકી આંટી રે ॥ મેલ૦ ॥ કર્મ ઊદય ચેતનકું પડી હે, નિગોદકી ઘાંટી ॥ મહા દુઃખ પાયા ॥ મહારાજ મહા દુઃખ પાયા ॥

શ્રીજિનવર મુખસેં નહીં ગાયા ॥ નિજ પ્રાણીકું નહીં સમજાયા ॥ નહીં તિલ ભર સાતા પાઈ ॥ નહીં તિલ ભર૦ ॥ ગ્યાન૦ ॥ ૧ ॥ તન ધન જોબન નહીં અપનાં રે ॥ તન૦ ॥ કુટુંબ કબીલા બેન ભાનેજા, રજનીકા સપનાં ॥ સબી વિરલાવે ॥ મહારાજ સબી વિરલાવે ॥ ફિર ચેતન મન પછતાવે ॥ કછુ સંપત સંગ નહીં આવે ॥ ધર્મ નિજ કરલે સુખદાઇ રે ॥ ધર્મ૦ ॥ ગ્યાન૦ ॥ ૨ ॥ ભરમ તુજ અંતર ઘટ લાગોરે ॥ ભરમ૦ ॥ ઊદય હેત કુમતિ સંગસેં, વિષય પવન લાગો ॥ પાપ સંગ ચાલે ॥ મહારાજ પાપ સંગ ચાલે ॥ ચેતન કું નરકમેં ઘાલે ॥ જિન મારગ સુદ્ધ નહીં પાલે ॥ જપો જિનવરકું લય લાઇરે ॥ જપો૦ ॥ ગ્યાન૦ ॥ ૩ ॥ પાપ મેરો ભવભવકો કાપો રે ॥ પાપ મે૦ ॥ મુગતિદાન અમર ફલ પદવી, સેવકકું આપો ॥ વીનતી માનો ॥ મહારાજ વીનતી માનો ॥ અરદાસ હીયામેં આનો ॥ સેવકકું અપનો જાનો ॥ દેવ દીઠા જિનવર ન્યાઈ રે ॥ દેવ દીઠા૦ ॥ ॥ ગ્યાન૦ ॥ ૪ ॥ અરજ અબ સેવક યું કરતા રે ॥ અરજ૦ ॥ ભવજલસેં પાર ઊતારો, નિગોદસેં હે ડરતા ॥ શ્રીજિન બાની ॥ મહારાજ શ્રીજિન બાની ॥ અમૃતસેં અધિકી જાની ॥ જિનદાસ હીયામેં આની ॥ કીરતિ જિનવરકી મેં ગાઇ રે ॥ કીરતિ૦ ॥ ગ્યાન૦ ॥ ૫ ॥ ॥ ૧૪ ॥

## ઉપદેશ લાવણી.

॥ સુરગ આસ મત કરે કલેશી, કુમતિ સંગ છાયો ॥ જિનંદ જસ જગમેં નહીં ગાયો ॥ સુરગ૦ ॥ કીયો લોક પર રાજ જમાઈ, જગત બીચ તોજી ॥ લઈ તેં કપટખાન ખોજી ॥ બન્યો રહે દિનરાત માન મદ, મિજલસકો મોજી ॥ ખુલેંગી તેરી નરકમેં રોજી ॥ વિલસ રહ્યો સુખ સેજ નહીં, ચિત્ત ચરચાકો ચોજી ॥ આતમા અનમતમેં ઓજી ॥ સુરગ૦ ॥ ૧ ॥ " દોહા ॥ ભૂલ્યો ધરમ અનાદિકો, (અરે) ફૂટા હૈયાકા નેણ ॥ સાચે સુદગુરૂ તજ દીયા, કીયા કુગુરૂકા વેણ ॥ ૧ ॥ " વિકટ નરક દુઃખ સહ્યા શીશ પર, ચેતે નહીં પાજી ॥

જીવડો અન્યાયસેં રાજી ॥ પરધન ખાયો લૂંટ લોકસેં, આતમ નહીં લાજી ॥ કરી તેં દેહી ખૂબ તાજી ॥ કીયો નરકમેં વાસ આતમા, અગનીસેં દાજી ॥ જોર કયા કરે કહો કાજી ॥ કીયો સબ કરમ ઉ-દય આયો ॥ સુરગ૦ ॥ ૨ ॥ "દોહા ॥ આપ કીયા ફલ ભોગવે, (અરે) નહીં કીસિકા દોસ ॥ રાખસ રૂપ વિકરાલસોં, દેખત ઊડિયા હોંસ ॥ ૧ ॥" મુખસેં ચાવે પાન પતાસાં, મેવા ખૂબ ચાવે ॥ વિષય સુખ રમણી રસ ચાવે ॥ ચલે નિરખતો છાય, ગરવકેમાંહે નાંહિ માવે ॥ જમી પર વાંકો વાંકો જાવે ॥ ગરવ વચન મુખ કહે મેરે કોઇ, સામો કુણ આવે ॥ તમાસા તુરત પુરૂષ પાવે ॥ ઘણો અબ મનમેં પછતાયો ॥ સુરગ૦ ॥ ૩ ॥ "દોહા ॥ કીયો માન જગમેં ઘણો, 'અરે' પરભવ દીયો ખોય ॥ જાય જમકે પાને પડ્યો, બેઠ રહ્યો જબ રોય ॥ ૧ ॥" ઐસી કરમકી રીત, નિરખત મન જગસેંતિ ડરે ॥ મેરો કારજ તુમ બિન ન સરે ॥ મુઝ શિર ઉપર ધણી જિનેશ્વર, નાથ ઓર નહીં કુણ કરે ॥ જિનંદ ગ્યાનાદિક ગુણસેં ભરે ॥ પાર નહીં સંસાર સમુદ્રકો, સીતાબી તિનસેં તરે ॥ ભવિકજન ધ્યાન તેરો દીલ ધરે ॥ અનંદસેં અનુભવ પદ પાયો ॥ સરગ૦ ॥ ૪ ॥ "દોહા ॥ તું ચિત્તમેં નિસદિન વસે, (અરે) ઓર નહીં મુજ ધ્યાન ॥ હાથ જોડ જિનદાસ કહે, સો પાવત પદ નિરવાણ ॥ ૧ ॥" ॥ ૧૫ ॥

## નેમનાથજીની લાવણી.

॥ અરી અરી માઈ મેરો નેમ ગયો ગિરનાર, કિસેં જઇ કેના ॥ કિસેં૦ ॥ વાકે દરશ વિના તરસે હમારે નેનાં ॥ એ આકણી ॥ અરી૦ ॥ જાદવકી જાન જોરાવર, સબ ચલ આઈ ॥ સબ૦ ॥ પ-સુઅનસેં લગાયો હેત, હમેં છટકાઈ ॥ અરી૦ ॥ હમ વિલખી મેલી મેહલ માંહે, ગયા વન માંહીં ॥ ગયા૦ ॥ સખી બેઠી મેં મન માર, ખરી ગમ ખાઈ ॥ અબ લહું ડુંગરકી ઓટ, ધરે નહીં રેનાં ॥ ધરે૦ ॥ ॥ વાકે૦ ॥ ૧ ॥ અરી૦ ॥ મોહે જાવન દે વન માંહે, મમત તજ મેરી ॥

॥ મમત૦ ॥ મોહે મસિલા મારે લોક, જેમત [illegible] ॥ અરી૦ ॥ જુગમેં કાયા કુમલાય, જ્યું કાચી કેરી ॥ જ્યું૦ ॥ તપ જપ સ[illegible]કી લહું, સાંકડી સેરી ॥ મેરો પતિ વસે પરબતમેં, પહેરૂં નહી ઘેનાં ॥ પહે૦ ॥ વાકે૦ ॥ ૨ ॥ અરી૦ ॥ કુગુરૂસેં કીયો વ્યાપાર, ગમાયો કીનો ॥ ગમા૦ ॥ તેરી ભગતિ બિનાં હુ હુઓ, બહોત મતિ હીનો ॥ કણ હીન હુઓ વસતરકું, ઊસે કયા સીનો ॥ ઊસે૦ ॥ કામધેનુ મેરે ઘરમાંહે, દૂધકો ધીણો ॥ અરી૦ ॥ હમ દુઃખી કાલકે જીવકું, દરસન દેનાં ॥ દર૦ ॥ વાકે૦ ॥ ૩ ॥ અરી૦ ॥ નવભવકો નવલ નેમિનાથ, પતિ હે મેરો ॥ પતિ૦ ॥ બન રહ્યો હીયાકો હાર, શીશકો સેરો ॥ અરી૦ ॥ ઊન તજી શોલ સિણગાર, દીયો વનડેરો ॥ દીયો૦ ॥ મેરી સુણી નહીં પોકાર, કાનકો બેરો ॥ અરી૦ ॥ ઇણ મેલનમેં નહીં પાંઊં, રતિ સુખ ચેનાં ॥ રતિ૦ ॥ વાકે૦ ॥ ૪ ॥ અરી૦ ॥ કયા ભયો બડો અચરીજ, જગતમેં આયો ॥ જગ૦ ॥ મેરે પલ્લે લાગો પાપ, સુજસ નહીં પાયો ॥ અરિ૦ ॥ બુદ્ધિ હીન ભયો મેરો જીવ, ન જિનગુણ ગાયો ॥ ન જિન૦ ॥ જિમ તિમ કર કરજો પાર, સરણ તેરી આયો ॥ અરી૦ ॥ બોલે મજલસમેં મલજી, ગ્યાનકી પેનાં ॥ ગ્યાન૦ ॥ વાકે૦ ॥ ૫ ॥ અરી૦ ॥ ॥ ૧૬ ॥

## નેમનાથજીની લાવણી.

॥ સજન સમજાવો આપને મનકું રે, સજન સમજાવો અપને દિલકું ॥ મત જાવો ગિરનાર નેમ ફિર, કયા કરનાં ધનકું ॥ એ આંકણી ॥ સતી રાજુલ મન નહીં માને રે ॥ સતી૦ ॥ બાંક બિન ઊઠગયે ગિરવરકું, બન બેઠે ધ્યાને ॥ ઝૂરતી મૂકી, મહારાજ ॥ ઝૂર૦ ॥ રાજુલ શીલ નહીં ચૂકી, મેરી દેહી નેમ વિના સૂકી, મિલું કિણ વિધ નેમ જિનકું ॥ મિલું૦ ॥ મત૦ ॥ ૧ ॥ મમતા કિણ વિધસેં મારૂંરે ॥ મમ૦ ॥ દીલ દાજત અગ્નિસેં નગીના, નેમ દરદ દારૂ ॥ અરજ સુણ એતી, મહારાજ ॥ અર૦ ॥ રાજુલ કર જોડી કહેતી, મં-

દિરમેં નહીં રેતિ, રખું ક્યોં કર જોબન ધનકું ॥ મત૦ ॥ ૨ ॥ નેમ નિરમલ જિન અવિનાસી રે ॥ નેમ૦ ॥ કયા તારીફ કરૂં જિનવરકી, ગિરિવરકે વાસી ॥ માન મદ મારયા, મહારાજ ॥ માન૦ ॥ સુદ્ધ સંયમ દિલમેં ધારયા, કારજ અપના સબ સારયા, સેવતો ગિરિવરકે વનકું રે ॥ સેવ૦ ॥ મત૦ ॥ ૩ ॥ અરજ સેવકકી સુન લીજોરે ॥ અર૦ ॥ સુદ્ધ તન મનસેં કરૂં વીનતિ, મુક્તિ દાન દીજો ॥ ઓર નહીં ભાવે, મહારાજ ॥ ઓર૦ ॥ અરિહંત ચરન ચિત્તલાવે, જિનદાસ નેમ ગુન ગાવે, ચાહાતા નિત ઊઠ દરશનકું ॥ ચા૦ ॥ ॥ મત૦ ॥ ॥ ૪ ॥

## નેમનાથજીની લાવણી.

॥ મેં અબલા હું અજાણુ લાલ, તેરે દરસનકી ભૂખી ॥ સજન તેરે દરસનકી ભૂખી ॥ કિસીસેં ચિત્તસેં નહિં ચૂકી ॥ એ આંકણી ॥ ગયો મહેલકો ખેલ, સખી મેરે ઊજડ હોય લાગે ॥ સખી૦ ॥ બિરહ બાલમકો હિયે જાગે ॥ કીયો હિયાકું હાથ, નાથ દુર્ગતિ દુઃખકું દાગે ॥ નાથ૦ ॥ દૂર અબલાસેં ઊઠ ભાગે ॥ ધર્યો અચલ તુમ ધ્યાન, ઊપનોહે નિર્મલ ગ્યાન, નેડી કીની હે નિર્વાન, પ્રભુજી દુર્ગતિ દીની ફૂંકી ॥ પ્રભુ૦ ॥ કીસી૦ ॥ દોહા ॥ શ્યામ સલૂનો સાહિબો, જઈ બેઠો ગિરનાર ॥ વિલસે શિવપુર સેજકું, સો તજ કર રાજુલ નાર ॥ ભલાંજી સો તજકર રાજુલ નાર ॥ ૧ ॥ પડે પલક નહિં ચેન, સલૂણો મોહે સુપનામેં દરસે ॥ સલૂ૦ ॥ પુરૂષ દૂજાને કુણ ફરસે ॥ પતિ બસે પરબતમેં, સખીરી અબ મન મેરો તરસે ॥ સખી૦ ॥ નેમ બિના નયણાં નીર વરસે ॥ બોલ્યા નહિં હંસકર બોલ, મેરો ઘટ ગયોરે સબ તોલ, કયા કુટૂં જગતમેં ઢોલ, સજન તેરે ડુંગરકું ઢૂકી ॥ સજન૦ ॥ કીસી૦ ॥ દોહા ॥ ખબર ન પૂછી ખૂનકી, ગુનો કિયો મેં કોન ॥ સદાય દુર્બલ વેલપર, સોદો લાધે ગુણ ॥ ભલા૦ ॥ ॥ સો૦ ॥ ૨ ॥ કિહાં વસ્ત્ર કિહાં ઠંડી છાયા, કિહાં મિલસે રે અન્ન

પાણી ॥ સખી કિહાં૦ ॥ નાથ મેરે એસો નિર્વાણી ॥ તજે કાંચલી નાગણી વિધ, કાયારે કર જાણી ॥ સખીરી વિધ૦ ॥ ગણતી મેરી મનમેં નહિં આણી ॥ કેસેં રહું અબ ઘરમેં, કોઇ નર દીસે નહિં નરમેં, મેરી બાત રહિ નહિં કરમેં, સજનબિન ગુના ગયે મૂકી ॥ સજન૦ ॥ કીસી૦ ॥ દોહા ॥ ઈણ ભવમેં ઉપજી નહિં, ઓર પુરૂષકી આસ ॥ નેમ મુઝકું તજ ગયા, સો મેંબી લહું વનવાસ ॥ ભલાં સો૦ ॥ ૩ ॥ જલો જગતકી જાલ, સખી સંપતકું કયા કરની ॥ સખી૦ ॥ નેમ તજ ગયે હે અધપરની ॥ દીની મુઝે છટકાય, જાણુ કર જંગલકી હરની ॥ જાણ૦ ॥ આદરી મુક્તિકી કરની ॥ ઇચ્છા નહિં ઉનકી ડગી, મુક્તિસેં મમતા લગી, સુમતિકું કીની સગી, વાલમ મોહે બીડી ચાબ થૂંકી ॥ વાલમ૦॥ કીસી૦ ॥ દોહા ॥ મનકુંજરકું વશ કરી, સેઢો પકડયો શીલ ॥ શુદ્ધ સુમતિ હિરદેવસી, સો નાખ્યા પાપકું પીલ ॥ ભલાં સો૦ ॥ ૪ ॥ હઠયો પીયરકો પ્યાર, ભાર મેરેશિર પર સબ ધરતા ॥ ભાર૦ ॥ મેરો આદર નહિં કોય કરતા ॥ બિના કંથકી નાર, દેખ જગ સઘલા જલ મરતા ॥ દેખ૦ ॥ આંખમેં આંસુ પીયા ભરતા ॥ પખ દોનું હુવા દુઃખદાય, મહેલોમેં નહિં રહેવાય, ચારૂ દિસેં જગત પણ ખાય, ખલકમેં લાલન બિન લૂખી ॥ ખલ૦ ॥ કીસી૦ ॥ દોહા ॥ મહેલોમેં રહેતાં થકાં, જગત હુવા દુખદાય ॥ જૂઠાં આલ સિરપર ધરે, મોસેં સહ્યાં ન જાય ॥ ભલાં મો૦ ॥ ૫ ॥ જબર જોર જોબનકો દેખ, લોક મિસલા મોહે બોલે ॥ લોક૦ ॥ મેરો નિરણો કહો કુણ બોલે ॥ નેમનાથ સિર પતી, રતિ મેરી ઇચ્છા નહિં ડોલે ॥ રતિ૦ ॥ વસુંગી ડુંગરકી ઓલેં ॥ જલો એ સુખભર સેજ, જગપતિને નાખી જેજ, જિનદાસ મુગતકું ભેજ, મેરી જુર જુર કાયા સૂકી ॥ મેરી૦ ॥ કીસી૦ ॥ દોહા ॥ આગ લગો સુખ સેજકું, માલક દીની મૂક ॥ કુલ પરમેં કાયમ રહિ, સો રતી પડી નહિં ચૂક ॥ ભલાં સો૦ ॥ ૬ ॥ ॥ ૧૮ ॥

## નેમજીની લાવણી.

॥ અને હાંરે પિયા બિન ઝુર ઝુર, મેં ઝુર ઝુર હુઇ પૂની ॥ મુઝે

કર ગયો દુખ ભર દૂની ॥ પિયા બિન૦ ॥ એ આંકણી ॥ અને હાંરે મુઝે સુખ સજ્યા, સુખ સજ્યા નહિં ભાવે ॥ પતિ બિન દિન દુખમેં જાવે ॥ જોર જોબનકો, અને હાંરે જોર જોબનકો સંતાપે ॥ હિયો કુણુબિધ હાથેં આવે ॥ સખિ સુમતાસેં, અને હાંરે સખી સુમતાસેં, લચલાવે પાર યું ભવજલકો પાવે ॥ જગત સબ જાન્યો, અને હાંરે, જગત સબ જાન્યો હે મૂની ॥ મુઝે કર ગયો દુઃખ ભર દૂની ॥ ૧ ॥ અને હાંરે વિજોગ વાલમકો, વિજોગ વાલમકો પડ્યો માથે ॥ જગતમેં બિગડ ગઇ બાતેં ॥ રહ્યા નહિ નેમજી, અને હાંરે રહ્યા નહિં નેમજી મેરે હાથે ॥ વિલખતાં જાયે દિન રાતેં ॥ ચલો સબ સજની અને હાંરે, ચલો સબ સજની મેરે સાથે ॥ જન્મ કર લેઉં સંજમ સાથે ॥ પ્રીત નહિં ત્રૂટે, અને હાંરે પ્રીત નહિં ત્રૂટે મેરી જૂની ॥ મુઝે૦ ॥ ૨ ॥ પતિ પરબતકા, અને હાંરે પતિ પરબતકા હુવા વાસી ॥ ગલે દુઃખ ડાર ગયા ફાંસી ॥ નેમ બિન નર સબ, અને હાંરે નેમ બિન નર સબ છે રાશી ॥ તેરી સૂરતકી મેં પ્યાસી ॥ બાતમેં બોલું, અને હાંરે બાતમેં બોલું બહુ ખાસી ॥ બની તેરી નવ ભવકી દાસી ॥ નેમવિના જગમેં, અને હાંરે નેમ વિના જગમેં સેજ સૂની ॥ મુઝે૦ ॥ ૩ ॥ નેમ રાજુલકા, અને હાંરે નેમ રાજુલકા ધન જીયા ॥ મહેલ મુગતિકા જાય લીયા ॥ સફલ નર ભવકું, અને હાંરે સફલ નર ભવકું કર દીયાં ॥ અમર પ્યાલા પ્રભુજીસેં પીયા ॥ કરો મેરા નિર્મલ, અને હાંરે કરો મેરા નિર્મલ સબ હીયા ॥ શરણુ તેરા જિનદાસેં લીયા ॥ હવે નહિં લાગે, અને હાંરે હવે નહિં લાગે પવન ઊની ॥ મુઝે કર૦ ॥ ૪ ॥ ॥ ૧૯ ॥

## નેમજીની લાવણી.

॥ સજન બિન ગુના, મેરી જાન સજન બિન ગુના, બિન ગુના તજી હમકું ॥ સતી રાજુલ કહેતી તુમકું ॥ એ આંકણી ॥ ફિકર મોહે લગી, મેરી જાન ફિકર મોહે લગી, ફિકર મોહે લગી મેરે તનમેં ॥ નગીને નેમ ગયે બનમેં ॥ બાત કિન આગલ, મેરી જાન બાત કિન આગલ, બાત કિન આગલ કહું સજની ॥ પિયા બિન દેહીકું તજની ॥ પિયા

પરબતમેં, મેરી જાન પિયા પરબતમેં, પિયા પરબતમેં દુઃખ ખમતા ॥ મહેલ મંદિર મુઝે નહિં ગમતા ॥ શ્યામમેં ખડી, મેરી જાન શ્યામમેં ખડી, શ્યામમેં ખડી ખાય ગમકું ॥ સતી૦ ॥૧॥ સતી રથ સંજમ, મેરી જાન સતી રથ સંજમ, સતી રથ સંજમમેં બેઠી ॥ ભ્રમના અંતરકી મેટી ॥ સતી સબ સોનાં, મેરી જાન સતી સબ સોનાં, સતી સબ સોનાં તજ દેતી ॥ જગતમેં રાખી નહિં રેતી ॥ કરી જુગ બીચ, મેરી જાન કરી જુગ બીચ, કરી જુગ બીચ ક્ષમા ખેતી ॥ લગી હે આસ સરગસેંતી ॥ સતી બસ કિયા, મેરી જાન સતી બસ કિયા, સતી બસ કિયા અપને મનકું ॥ સતી૦ ॥ ૨ ॥ સાજ શિવપુરકા, મેરી જાન સાજ શિવપુરકા, સાજ શિવપુરકા આજ સજીયા ॥ કરમસેં ખૂબ કીયા કજિયા ॥ મેરે શિરપતિ, મેરી જાન મેરે શિરપતિ, મેરે શિરપતિ શ્યામ સૂજા, નેમ બિન વાંછું નહિં દૂજા ॥ આભૂષણ ચીરેં, મેરી જાન આભૂષણ ચીરેં, આભૂષણ ચિરેં મોહે ખુચતા ॥ જગતકા ભોગ નહિં રૂચતા ॥ જબર જંગ જીત્યા, મેરી જાન જબર જંગ જીત્યા, જંબર જંગ જીત્યા જગ જમકું ॥ સતી૦ ॥ ૩ ॥ પતિ ગિરનારે, મેરી જાન પતિ ગિરનારે, પતિ ગિરનારે હુવા ધ્યાની ॥ બાત સબ જુગમેં એ જાની ॥ જગત જસ ગાવત, મેરી જાન જગત જસ ગાવત, જસ ગાવત હે તેરા, સફલ કારજ કર ઘો મેરા ॥ જાપ તેરો જપતાં, મેરી જાન જાપ તેરો જપતાં, જાપ તેરો જપતાં પાર પાવે ॥ અલપ જિનદાસ ખ્યાલ ગાવે ॥ મુગતિ પદ દીજો, મેરી જાન મુગતિ પદ દીજો, મુગતિ પદ દીજો પ્રભુ હમકું ॥ સતી૦ ॥ ૪ ॥ ૨૦॥

## નેમજીની લાવણી.

॥ તુમ તજકર રાજુલનાર, તજ્યા સબ ઘર રે ॥ તજ્યા૦ ॥ મેં નમું નેમકે પાય, ગયા ગિરિવર રે ॥ મેં પ્રીત પ્રીયાકી કર કર પલ્લે લાગી ॥ પલ્લે૦ ॥ તુમ ત્યાગ ચલે બન ખંડ, હુવે વૈરાગી ॥ અબ રાજુલ સરખી સતી, ભાવસેં ત્યાગી ॥ ભાવ૦ ॥ થારે અંતર ઘટમેં જયોત, ગ્યાનકી જાગી ॥ યું રોતી રાજુલ નાર, નયણ ભરં ભરરે

॥ નચ૦ ॥ મેં નમું૦ ॥ ૧ ॥ મેં અરજ કરૂં કર જોડ, કરો મન પરસન્ન ॥ કરો૦ ॥ મેરે શિરપર તુમ શિરદાર, દેજો મોહે દરશન ॥ અબસુખ સખીયનકા દેખ, લગ્યો મન તરસન ॥ લગ્યો૦ ॥ મેરે આયો નયણમેં નીર, લગ્યો નિત્ય બરસન ॥ મેરે નેમ મિલનકી આશ, મિલું કિમ કર રે ॥ મિલું૦ ॥ મેં૦ ॥ ૨ ॥ મેં નહિં કીની તકસીર, ચલે કયું રૂઠે ॥ ચલે૦ ॥ મેરે ધરમે કુટુંબ પરિવાર, ચાર દિસ ચૂટે ॥ મેં જો રહું ધરકે માંહે, જોબન સબ લૂંટે ॥ જોબ૦ ॥ મેં ચલું પીયાકે સાથ, પ્રીત કયું ત્રૂટે ॥ મેરે નેમ વિના નહિં ઓર, જગતમેં વરરે ॥ જગ૦ ॥ મેં૦ ॥ ૩ ॥ તુમ તારી રાજુલ નાર, મુગતિમેં મેલી ॥ મુગ૦ ॥ પીછે નેમ ગયે નિરવાણ કરમ સબ ઠેલી ॥ મેં નિત ઊગે પરભાત, નમુ પદ પહેલી ॥ ન૦ ॥ શ્રી જિનવર બિન જુગમાં હે નહી કોઈ બેલી ॥ પાઠાંતરે ॥ મેરે નેમ વિના નહિં ઓર, જગતમેં બેલી ॥ યું અરજ કરે જિનદાસ, સુણો જિનવર રે ॥ સુણો૦ ॥ મેં૦ ॥ ૪ ॥ ॥ ૨૧ ॥

## નેમજીની લાવણી.

॥ હે ગયા દગા દિલદાર, સુણો મેરી માઈ રે ॥ સુ૦ ॥ લગ રહી નેમ દરશનકી, સરસ અસનાઈ રે ॥ એ આંકણી ॥ અબ અજબ અલિજો નેમ, મેરે શિર છાજે ॥ મેરે૦ ॥ જાદવકી દેખી જાન, જગત સબ લાજે ॥ એસો નેમ નવલ એક વીંદ, અનોખો બાજે ॥ અનો૦ ॥ સુરનર સબ ગાવે ગીત, ગગનમેં ગાજે ॥ અબ દોડ દોડ સબ દુનીયાં, દેખન આઇ રે ॥ દેખ૦ ॥ દે૦ ॥ ૧ ॥ અબ ચઢયા નેમ તોરનકું, આનંદ દીલ ધરકર ॥ આનં૦ ॥ સજ આએ સુરંગી સાજ, કીલોલા કર કર ॥ મેં પાયો પરમાનંદ, હરખ હીયો ભરકર ॥ હરખ૦ ॥ લે ગયો પતિ નેમનાથ, મેરો ચિત્ત હર કર ॥ સખી સુખ સંપત આંગનમેં, આજ ચલ આઈ રે ॥ આ૦ ॥ દે૦ ॥ ૨ ॥ અબ ઇણ અવસરમેં સૂરત, શ્યામકી લાગી ॥ શ્યા૦ ॥ પશુઅનકી સુણી પોકાર, દયા દીલ જાગી ॥ જિન લહી પરવતકી વાટ, તૃષ્ણાકું ત્યાગી ॥ તૃષ્ણા૦ ॥ શિવરમણીકે શિરાબિંદ, બન્યો વૈરાગી ॥ અબ

મેલ ચઢી રાજુલકું ખડી છટકાઇરે ॥ ખેડી[illegible] ॥ ૩ ॥ રેતીકે સરવરમેં, ટીકે નહીં પાની ॥ ટીકે૦ ॥ જિન ગુણ ગા[illegible] જાય, અલપ જિંદગાની ॥ અબ કઠણ જીવ દુરગતકો, બન્યો મેં દાની ॥ જિનદાસ કરો ભવપાર, દયા દીલ આની ॥ અબ સરણ સતીકે બેઠ, લાવણી ગાઇ ॥ લા૦ ॥ દે૦ ॥ ૪ ॥ ॥ ૨૨ ॥

## શ્રી આદિનાથની લાવણી.

॥ શ્રી આદિનાથ નિર્વાણી, નમું સેં ધ્યાની ॥ નમું૦ ॥ ભવ જીવ તરનકે કાજ, બનાઈ વાણી ॥ તુમ નાભીરાય કુલધારી, બડે અવતારી ॥ બડે૦ ॥ ખુલ રહી ખલકમેં ખૂબ, કેસરકી ક્યારી ॥ તુમ મમતા મનકી મારી, આતમા તારી ॥ આત૦ ॥ તજ દીની પ્રીત વિષયંનકી, જાણ કર ખારી ॥ તુમ કરી મુગતિ પટરાણી, જગતમેં જાની ॥ જગ૦ ॥ ભવ૦ ॥ ૧ ॥ જાણ્યા સુરનર સુખરાસી, હુઆ હે ઉદાસી ॥ હુ૦ ॥ જલ ગઈ જબર જંજાલ, જગતકી ફાંસી ॥ તુમ જગતપતિ અવિનાસી, મુગતકે વાસી ॥ મુગ૦ ॥ શિવ મંદિરમેં સુખ સેજ, બિછાઇ ખાસી ॥ તુમ કરી સફલ જિંદગાની, મેરે મન માની ॥ મેરે૦ ॥ ભવ૦ ॥ ૨ ॥ બડે જ્યોતવંત જિનરાજ, જગતમેં બાજે ॥ જગત૦ ॥ તેરો દરશન હે સુખદાયિ, સુધારે કાજે ॥ તેરી ધ્રુની ગગનમેં ગાજે, બે સુરપતિ લાજે ॥ બે સુ૦ ॥ ગલ ગયા ગરબ પાખંડ, કામના ભાજે ॥ નાટક નાચે ઇંદ્રાણી, અધિક ધ્રુનિ આણી ॥ અધિક૦ ॥ ભવ૦ ॥ ૩ ॥ તેરી મહિમા કહિય ન જાવે, પાર નહીં પાવે ॥ પાર૦ ॥ ગંધર્વ સુરપતિ સબ દેવ, તેરે ગુન ગાવે ॥ તેરે ચરનુમેં લપટાવે, સરસ લય લાવે ॥ સરસ૦ ॥ નર નાર હીયાકે માંહે, ભક્તિ તેરી ચાવે ॥ તેરી તૃષ્ણા સબ વિરલાણી, મુગતિકું ઠાણી ॥ મુગ૦ ॥ ભવ૦ ॥ ૪ ॥ મરૂદેવી કુખકા જાયા, અમર પદ પાયા ॥ અમર૦ ॥ છપન્ન કુમારી નારી, મિલી જસ ગાયા ॥ દુરગતિકા દુઃખ બિરલાયા. સફલ કરી કાયા ॥ સફલ૦ ॥ જિનદાસ નિરંજન દેખ, સરન તેરે

આયા ॥ સમકિતકી સહેજ પીછાની, મીલી મોહે ટાણી ॥ મિલી૦ ॥ ભવજીવ તરન૦ ॥ ૫ ॥ ॥ ૨૩ ॥

## ગણધરજીની લાવણી.

॥ અબ સદા નમું સરસતિ, તેરી કીરતકું ॥ તેરી૦ ॥ ગણધરકે લાગું પાય, માગું મૈં મતકું ॥ તેરે મુખ ઉપર સરસતિ, સુસોભા દેતી ॥ સુસોભા૦ ॥ મિજલસમેં મોતી ખિરે, તેરે મુખસેંતી ॥ કોઈ વીણુ બાંધતા રજ, પડી રહી રેતી ॥ પડી૦ ॥ ધન ધન ગણધરકો ગ્યાન, સભા યું કેતી ॥ ધન ધન ઉડ લાગે અંગ, જિનગુણકા વરસતા રંગ, કોઇ કરે વરત સહુ સંગ, સુરપતિ બહુ વાસવ દંગ, નમે તેરી ગતકું ॥ નમે૦ ॥ ગણધર૦ ॥ ૧ ॥ તુમ લોક અલોક સરૂપ, કીયો સબ કર મેં ॥ કીયો૦ ॥ ભવ્ય જીવ દિયા પહુંચાય, મુગતિ મંદિરમેં ॥ તુમ કરી કલોલા ખૂબ, ગ્યાન સરોવરમેં ॥ ગ્યાન૦ ॥ પડ રહ્યા પાખંડીકી ડાઢ, કોઇ બિચ કર્મેં ॥ જિનરાજ કરી હે સાહ્ય, ભવિ જીવ લિયા સુલટાય, બુડ ગઈ હે વિષયકી લાય, દુર્ગતિ દુઃખ દિયો ચૂકાય, ફાડીયા ખતકું ॥ ફા૦ ॥ ગણધર૦ ॥ ૨ ॥ તુમ કટ્યો કાલકો ફંદ, કરમ સબ ચૂરે ॥ કર૦ ॥ તુમ રિધ સિધકે ભંડાર, લબ્ધિકે પૂરે ॥ સબ વિસન વિનાસ્યા વીર, બડે તુમ સૂરે ॥ બ૦ ॥ દીની દૂરગતિકું દાગ, કીયા દુઃખ દૂરે ॥ વિષયનકે બીજકું બાલે, અંતરકી આંટ સબ ટાલે, ક્ષય ગઇ હે રીસકી જાલે, તેં દીની મૂલસેં ગાલ, લોભકી લતકું ॥ લોભ૦ ॥ ગણ૦ ॥ ૩ ॥ થારે અનુભવ રસકી સહેર, ઉઠી હે ભારી ॥ ઉઠી૦ ॥ કર્મોંકો કિયો બિનાસ, આતમા તારી ॥ કુલમેં દીપક તુમ બન્યા, ખલક તજ ખારી ॥ ખલ૦ ॥ સુર પતિ સબ હોવે હજૂર, બડે જસધારી ॥ ગણધરજી ગ્યાનકે ખાસે, તુમ કિયા કરમકા નાસે, ચાકર હું ચરણુકે પાસે, જિનદાસ કરે અરદાસ, રખો મેરી પતકું ॥ રખો૦ ॥ ગણધર૦ ॥ ૪ ॥ ॥ ૨૪ ॥

## શ્રીસંખેશ્વરજીની લાવણી.

॥ શ્રી સંખેસર પાસ જિનેસર, અરજ સુનો કરો મહેરબાની ॥ તારક બિરૂદ સુનિ મેં આયો, તુમ ચરના સરના જાની ॥ શ્રી સંખે૦॥ એ આંકણી ॥ ૧ ॥ શોલ સહસ મુનિ આદિ જગત જન, તારે તુમ અમૃત બાની ॥ ઊનકું હુઆનીમ સુદ્ધ ભઈ સિદ્ધ, પાયે પરમ ગુરૂજી દાની ॥ શ્રી સંખે૦ ॥૨॥ પન્નગ પાવક જરતો નિકાલ્યો, જ્ઞાન દેશના તુમ પીછાની ॥ ઊનકું દરસ સરસ ભયો તેરો, સુરપતિ પદવી ઠહેરાની ॥ શ્રી સંખે૦ ॥ ૩ ॥ મેં આયો એહિ કીરતિ સુનકે, વીનતિ એક સુનીયેં જ્ઞાની ॥ ભવ ભવ ચરન કમલકી સેવા, દેવ દીજીયેં દીલ માની ॥ શ્રી સંખે૦ ॥ ૪ ॥ અશ્વસેન વામાજીકે નંદન, વંદન જગકે સુલતાની ॥ અબ તો લેહેર મેહેર મોહિ કીજેં, રંગ સદાશિવ સુખદાની ॥ શ્રી સંખેશ્વર૦ ॥ ૫ ॥ ॥ ૨૫ ॥

## મગસી પારસનાથની લાવણી.

॥ મુલક બીચ મગસી પારસકા, બાજ રહા ડંકા ॥ મુગતિગઢ જીત લીયા બંકારે ॥ મુગ૦ ॥ મુલક૦ ॥ એ આંકણી ॥ કરમદલ બલકું ક્ષય કીયા રે ॥ કર૦ ॥ મુગતિ મહેલમેં કેલિ કરે, અનુભવ અમૃત પીયા ॥ સાસતા જીયા, મહારાજ ॥ સા૦ ॥ કલ્યાણક કારજ કીયા, અમરાપુર પદકું લીયા ॥ કમઠ જસકા કરગયે ફંકા રે ॥ કમઠ૦ ॥ મુલક૦ ॥ ૧ ॥ પ્રભુ પારસ ભજ લે ભાઇરે ॥ પ્રભુ૦ ॥ ભાવ ભરમકા મેટ જોત, તેરી જગમેં સવાઇ ॥ ટેકકું ટાલો, મહારાજ ॥ ટેક૦ ॥ ચંચલ ચિત્તસેં મત ચાલો, ગુમાન ગરવકું ગાલો, ગરવસેં ધૂલ મલી લંકા રે ॥ ગર૦ ॥ મુલક૦ ॥ ૨ ॥ મેરે સુભ ભાગ્ય ઉદય આયારે ॥ મેરે૦ ॥ ઇણ પંચમ આરામાંહે પ્રભુ, મગસી પાસ પાયા ॥ પાપસેં ડરતા, મહારાજ ॥ પાપ૦ ॥ ભવ્ય જીવ ધ્યાન દીલ ધરતા, શ્રાવક સબ સમરણ કરતા, મરણ દુઃખ મેટો મેરે અંગકા રે ॥ મરણ૦ ॥ મુલક૦ ॥ ૩ ॥ મહીમા મગસીકી અબ જાનીરે ॥

મહી૦ ॥ નહીં ઉઘડી મેરી આંખ બિલોયા, પ્રભવિના પાણી ॥ મેં જિનવર જાચ્યા, મહારાજ ॥ મેં જિન૦ ॥ જિનદાસ જિનંદસેં રાચ્યા ॥ મગસી પારસ હે સાચા ॥ કરો મત મનમેં કોઇ શંકા રે ॥ કરો૦ ॥ મુલક૦ ॥ ૪ ॥ ॥ ૨૬ ॥

## ઊપદેશ લાવણી.

॥ મન સુણરે તેરી સફલ ઘડી, શ્રાવકકી હાથસેં જાવે ॥ હાથ૦ ॥ સૂત્રકી ન માને શીખ, પીછેં પછતાવે ॥ એ આંકણી ॥ તું પરભવકો ડર રાખ, પ્રાણ મત લૂંટે ॥ પ્રાણ૦ ॥ તું કુગુરૂસેં કરે હેત, સુગુરૂસેં રૂઠે ॥ તારી જોબનીયાંકી છોલ, છીનક નહીં છૂટે ॥ છીનક૦ ॥ ઇંદ્રિયસું લગાયા તાર, કહો કેમ ત્રૂટે ॥ તારે હીયે વધિ વિષવેલ, નહીં કુમલાવે ॥ નહીં કુમ૦ ॥ સૂત્રકી૦ ॥ ૧ ॥ તેં સુણી સીખ સૂતરકી, હિયેં નહીં આણી ॥ હિયે૦ ॥ તારો ખરો ખજાનો ખાય, કુગુરૂકી વાણી ॥ તારી કુમતિ કલેસણુનાર, લીયો તોયે તાણી ॥ લીયો૦ ॥ દુરગતિકી બિચ્છાઇ સેજ, બની પટરાણી ॥ તું સુતો કુમતિકી સેહેજ, પાર નહીં પાવે ॥ પાર૦ ॥ સૂત્ર૦ ॥ ૨ ॥ તારા ગફલતમેં દિન ગયા, ગરવ તેં રાખ્યો ॥ ગરવ તેં૦ ॥ કીધી જિનવાણી દૂર, વ્યસન રસ ચાખ્યો ॥ તેં ગ્યાન ગાંઠકો ખોયો, રતનક્યું નાખ્યો ॥ રતન૦ ॥ સત વચન દીયો તેં છોડ, જૂઠ મુખ ભાંખ્યો ॥ ઐસો વાર વાર નરભવ, હાથ નહીં આવે ॥ હાથ૦ ॥ સૂત્ર૦ ॥ ૩ ॥ પોસાક પાપકી પેર, માનતો ખૂબી ॥ માન૦ ॥ તારે મદ મોતિકી માલ, શીશપર લૂંબી ॥ તારે હરામ હુરતમાં હસી, હજૂરી ઉભી ॥ હજૂ૦ ॥ શિર બાંધ્યો મિથ્યા મોડ, બાત તેરી ડૂબી ॥ તારે હિંસા હિયાકો હાર, જેર ક્યું ખાવે ॥ જેર૦ ॥ સૂત્ર૦ ॥ ૪ ॥ સુકૃત સંપત સુપનમેં, રતિ નહીં સૂજે ॥ રતિ૦ ॥ મેરો કોણ ગતિકો જીવ, દાજ કુણ બૂજે ॥ મેરે ઘર ખૂટે દુરગતિ, કામ નહીં દૂજે ॥ કામ૦ ॥ અલપ દુનિયા મહોબત, મુજેકું પૂજે ॥ જિનદાસ કપટકી ખાણ, માન નહીં માવે ॥ માન૦ ॥ સૂત્ર૦ ॥ ૫ ॥ ॥ ૨૭ ॥

## ઊપદેશ લાવણી.

॥ સિદ્ધ સરૂપી સદા પદ તેરો, તું મૂરખકાં ભૂલે રે ॥ આજ નશે પલે નાહિં બાંધ્યો, ખામી લગાઇ મૂલેં રે ॥ એ આંકણી ॥ નરક નિગોદ કુમતકા શિરપર, આપ બન્યો હે દૂલેરે ॥ સિદ્ધ૦ ॥ ૧ ॥ સબ સંપતકા સુખ દેખકર, ચેતનમનમેં ફૂલેરે ॥ જિનદાસ તેં દુનિયામાંહે, જનમ લિયો સો ધૂલેંરે ॥ સિદ્ધ સરુપી સદા૦ ॥૨॥ ॥૨૮॥

## ઊપદેશ લાવણી.

॥ આપ સમજકા ઘર નહીં પાયા, દૂજાકું કયા સમજાવે ॥ બાકા ફિરે જિનદાસ જગતમેં, હીયો હાથમેં નહીં આવે ॥ એ આંકણી ॥ દરસ સવાદ ચાહનકી ચિત્તમેં, ચાનક અધિકી આય લગે ॥ ઈંદ્રીકા પરવ્રસમે પડિયો, ગ્યાનકલા કહો કેસેં જગે ॥ તૃષ્ણાને જગ લૂંટ લીયો હે, કપટ કરી પરધનકું ઠગે ॥ ખાય ખાય લોહી માંસ વધાર્યો, પ્રાણી કિસવિધ ચલે પગેં ॥ વિષય વિપતકી કરે ચૂંથણી, ચરચાસું ચિત્ત નહીં લાવે ॥ આ૦ ॥ ૧ ॥ અપને અવગુનકું નહીં દેખે, દૂજાકા અવગુણ ભાંખે ॥ હિંસાહીમેં હૂઆ હજૂરી, દયા દૂર દિલસેં નાખે ॥ ગુણવંતકા ગુણ લોપે મેરો મન, અવગુણકે રસકું ચાખે ॥ તિનુહી પ્રણમે રાગધરા મેં, સરણે જિનવર કિમ રાખે ॥ ઠગફાંસીગર ચોર અન્યાઇ, ધનમીસેં ઇનકું ધ્યાવે ॥ આ૦ ॥ ૨ ॥ અવગુણકી મેરી ખાન આતમા, અજાન હોયસો મોહેપૂજે ॥ નહીં ગામમેં રૂખ અંબકો, એરંડ અંબ સરિખો સૂજે ॥ પારખ નહીં હે હીયે ગ્યાનકી, ગુન અવગુનકું કુણ બૂજે ॥ ગાડર દેખ કહે મુજ ઘરમેં, કામધેનુ ઈતની દૂજે ॥ ઐસી મેરી અવનીત આતમા, અવગુન કિમ ગાયા જાવે ॥ આપ૦ ॥ ૩ ॥ ક્રોધ માન માયામેં માતો, લોભ માંહેં લપટયો રહેતો ॥ ગરથ ગુમાની ગમકો ગરજી, પીડ પારકી નહીં સેતો ॥ ભગતિ નહીં ગુરૂ દેવ ધરમકી, કઠણ વચન મુખસેં કેતો ॥ અંતર આંટ ન ખુલે હીયાકી, પૂંઠ પરમ પદકું દેતો ॥ સ્વાંગ સજી જિનદાસ જૈનકો, માલ મુલકકો ઠગ ખાવે ॥ આપ૦ ॥૪॥ ૨૯ ॥

# ઊપદેશ લાવણી.

॥ બીત ગયો નરભવકો અવસર, નહીં સુકૃતકોં કાજ કર્યો ॥ મનકો મેલ મિટ્યો નહીં મૂરખ, ઊપર સાધકો સ્વાંગ ધર્યો ॥ અલ્પ ઊમર ઓલખ લે અપની, નિગોદમેં કયું નીમ ધરે ॥ કંઠ નહીં યાકો જીવ હમારો, પાપ કરમ કર પિંડ ભરે ॥ દયા દાન તપ જપ સમરનકું, દિલસેંતિ સબ દૂર કરે ॥ કામ ક્રોધ કુમતિમેં કાલો, પાપબિના પલ ભર ન સરે ॥ ધોલા આય લગા અબ શિરપર, દુરગતિકા દુઃખસેં ન ડરે ॥ અથાગ પૂર સમુદરમેં પડિયો, ભવજલસેં કહો કૈસે તરે ॥ જિહ્યાકા પરવસમેં પડિયો, સરસ પરાયો માલ ચરયો ॥ મનકો મેલ મિટ્યો નહિં મૂરખ, ઉપર સાધકો સ્વાંગ ધરયો ॥ ૧ ॥ એ આંકણી ॥ પેટ પોષતા ફરે પીડમાંહીં, હાડ માંસ વધિઓ લોહી ॥ માતપિતા સબ કુટુંબ કબીલો, કામ નહીં આવે કોઇ ॥ મુખપર મીઠી મનમેં ચીઠી, સ્વારથકી દુનિયાં જોઈ ॥ પચ પચ મરે ઇનોકે કારણુ, માનવ જનમ દીનો ખોઈ ॥ મેં મતહીન બુદ્ધિકો વિણુઠો, ઇનસેંતિ મનચ્છા મોઈ ॥ સર્યો ન સીજ્યો કામ રતીભર, બેઠ રહ્યો મનમેં રોઈ ॥ કુગુરૂકો રંગ લાગ રહ્યો હે, જૈનધર્મ દીલમેં ન જરયો ॥ મનકો૦ ॥ ૨ ॥ ભેખ પેર મનમાંહેં મગન મેરે, પડિયા પોબારે પાસા ॥ અનમતકોં કોઇ વિરલો પરખે, કંચન નહીં પીતલ ખાસા ॥ કનક કામિનીકી મનમાંહેં, લગ રહી હે અધિકી આસા ॥ મુખ ઉપર લોકોંકો કહે મેં, મહાવ્રતમાંહેં કીયા બાસા ॥ મેં કિરિયા પાલું મુનિવરકી, દોષ નહીં લાગે માસા ॥ કીયો કપટ એ પેટ ભરાણે, રોટાકા લગ રહ્યા સાંસા ॥ ઐસો કપટમેં કરયો આકરો, રતિ નહીં પરભવસેં ડર્યો ॥ મનકો૦ ॥ ૩ ॥ અન્નવસ્ત્રકું ખાય પેરકર, અપને તનકો પોખ કીયો ॥ પલ્લે બાંધ્યા પાપ પ્રાણીયાં, નહીં સુજસકો લાભ લીયો ॥ ભગતિ કરી નહીં સાત ખેત્રકી, નહીં નિગ્રંથકું દાન દીયો ॥ નિંદા કીની જૈન ધરમકી, સાત વિસનકો જેર પીયો ॥ સાધુ શ્રાવક સંવર કર કર, નિર્મલ કરતા આપ હીયો ॥ જિનદાસ આસ તૃષ્ણાકી લા-

ગી, કોણુ ગિનતમેં મેરો જીયો ॥ આણુ નહીં માની અરિહંતકી મેં, આગમસેંતી અલગ ફર્યો ॥ મન૦ ॥ ૪ ॥ ॥ ૩૦ ॥

## ઉપદેશ લાવણી.

॥ ઓગુણુ કબ લગ કહું દિલ તેરા ॥ ચેતન જબર જંજીર જડ્યો, તન મન માઠા મેરા ॥ ગુરૂ ગુણવંતકા ગુણ ગાવો, તજ કુગુરૂકો સંગ, સૂલટ સુમતિ કે ઘર આવો ॥ પ્રાણી પરગુણ કયું નહીં ગાવો ॥ તું ઓગુણકી ખાણુ જીવ મન, મેં મત પોચાવો ॥ મિટે જબ દુરગતિકા ફેરા ॥ ચેતન૦ ॥ ૧ ॥ જીવ દુરગતિમેં રડવડિયો, જગત બીચ નર નીચ બિસનકે, બિચ આઈ પડિઓ ॥ શીખ સૂત્રકી તેં ઠેલી, કુદેવતાકું સેવત સરધા, સમકિતકી મેલી ॥ દિયા જબ નરક બીચ ડેરા ॥ ચેતન૦ ॥ ૨ ॥ સેજ સુમતિકી તેં છોડી, અંતરગતકી પ્રીત જાય કર, કુમતિસેં જોડી ॥ કરી નહીં જિનવરકી ભક્તિ, પર ગતિકા પરવશમેં દબ ગઈ, ચેતનકી સક્તિ ॥ કરમ મુઝે ઘાલ રહ્યા ઘેરા ॥ ચેતન૦ ॥ ૩ ॥ જિનેંદ્ર દેવ સદા ભજ રે, મોહ કરમકી ખોલ પલકમે, આલસકી સેજ તજ રે ॥ જોબન ધન દેખ દેખ ફૂલે, બોધ બીજ નિજ ચિત્તશ્રી, જિનવાણી કયું ભૂલે ॥ કહે જિનદાસ સુણો બેરા ॥ ચેતન૦ ॥ ૪ ॥ ॥ ૩૧ ॥

## ઉપદેશ લાવણી.

॥ ગઇ સબ તેરી શીલ સમતા, લપટ રહી નાર ગલે મમતા ॥ ગઈ૦ ॥ એ આંકણી ॥ નહીં સમતાકી કરી કરણી, કુમતિ કુબજાકું કયું પરણી ॥ કરો કરતુત જગત તરણી, સમજ દેખ દુર્ગતિકી હરણી ॥ જીમ તન મનકું નહીં દમતા ॥ ગઈ૦ ॥ ૧ ॥ કરી સુખ સહજ માંહેં ખૂબી, હાથ જોડી અબલા ઊભી ॥ દોડકે નાર ગલે લૂંબી, વાત તેરી જગતમેં સબ ડૂબી ॥ રતિ દુઃખ તનમેં નહીં ખમતા ॥ ગઈ૦ ॥ ૨ ॥ શીખ સદ્ગુરૂકી નહીં લાગી, વિષય અંતર જાલમ જાગી ॥ સ્વર્ગ સુખસેંતી ગયો ભાગી, હુઓ દુરગત મતકો

રાગી ॥ ભોગકા ભાત તુજે ગમતા ॥ ગઇ૦ ॥ ૩ ॥ પડિ જગજાલ ગલે ફાંસી, ગયા ઉનસેં કહો કુણુ નાસી ॥ કહે જિનદાસ બાત ખાસી, સુણુત ભવિ જનકે મન ભાસી ॥ જીવ જિનરાજ વિના ભમતા ॥ ગઇ૦ ॥ ૪ ॥ ॥ ૩૨ ॥

## ઊપદેશ લાવણી.

॥ સદા નમું જિનરાજ ચરનકું, કીયો જગતમેં જાહાર ॥ સફલ કર દીયો મેરો અવતાર ॥ ઊડી ઊંઘ મેરી અનંતકાલકી, હુઓ જૈનકો જાન ॥ જિન તેરા વચન વસ્યા મેરે કાન ॥ સતવાદી મુખ સદા સુહાવે, ચઢ્યો રંગ વિન પાન ॥ વસ્યો અનુભવ પદ હિરદે આન ॥ તનમનસું સબ ત્યાગ દીયો, અધરમ અનમતકો ધ્યાન ॥ હુવો ઇણુ માંહેં ઘણો હેરાન ॥ કુગુરૂ દલકું દીયા સબ માર ॥ સદા૦ ॥ ॥ ૧ ॥ દોહા ॥ વીતરાગ રવિ ઊગીઓ, અરે મોએ હિરિદેમેં જાણુ ॥ અંધકાર અલગો રહ્યો, સો નિરખ લીયો નિજ ગ્યાન ॥ ૧ ॥ નિસિદિન ફરકે નયન હમારા, ભઈ દરસનકી આસ, હીયો બસ રહ્યો ચરનકે પાસ ॥ નિપટ હુઓ લય લીન નામમેં, વીસરૂં નહીં એક માસ, લગી યું મનમેં ઐસી પ્યાસ ॥ નાટક નાચે કરે કીરતન, રચે કીસનકો રાસ ॥ હીયાકી અકલ ગઇ સબ નાસ ॥ ભૂલેં પડ્યો જગત સંસાર ॥ સદા૦ ॥ ૨ ॥ દોહા ॥ જગત પડ્યો જંજાલમેં, અરે જૈન ધર્મ દીયો છોડ ॥ કુગુરૂકા ઊપદેશમેં, તેં કીની માયા કોડ ॥ ૨ ॥ ઊજલ રહ્યા સબ જીવ જગતકા, ચલે કુગુરૂકી ચાલ ॥ સીસ પર ઝપટ રહ્યો તેરે કાલ ॥ મુજ રૂચતી નિજ છબી જિનંદકી, તજ્યો જગત જંજાલ ॥ વસ્યો જિન નામ હીયામેં લાલ ॥ વલ્લભ લાગે ચરણુ તુમારા, એહી ખરો હે ખ્યાલ ॥ કરોગે મેરી પ્રભુ પ્રતિપાલ ॥ ઊતારો જિમ તિમ મોહે ભવપાર ॥ સદા૦ ॥ ૩ ॥ દોહા ॥ દેવ જગતકા જોઇયા, અરે નહીં સરનકો ઠામ ॥ જિનરાજ આજ આનંદકો, મેં પાયો વિસરામ ॥ ૩ ॥ ઓર ન સૂજે છોડ, દોડ તુમ ચરનોમેં આયો ॥ ગ્યાનકો ભેદ ભલો પાયો ॥ અધિક હુઓ આનંદ

આજ, મેરે જિનવર જસ ગાયો ॥ બચન તેરો રોમ રોમ છાયો ॥ ખુસ બખતીમેં મોજ કરે મન, અનુભવસેં ન્હાયો ॥ કુગુરૂ તજી વીતરાગ ધ્યાયો ॥ કીયો જિનદાસ જિણંદ કિરતાર ॥ સદા૦ ॥ ૪ ॥ દોહા ॥ એહીજ મોકું દીજીયેં, અરે જૈન ધરમકો જ્યોત ॥ ઓર ધંધો રૂચત નહીં, મેં કુગુરૂ જોયા બોત ॥ ૪ ॥

## શ્રીશંખેશ્વરજીની લાવણી.

॥ કૃપા કરો સંખેસર સાહેબ, ગુણધામી અંતરજામી ॥ સંખેશ્વર પુરમાંહેં બિરાજે, છાજે તખતપર શિવગામી ॥ કૃપા૦ ॥ ૧ ॥ પરમજ્યોત પરમાતમ પૂરણ, પૂર્ણાનંદ મયી સ્વામી ॥ પ્રગટ પ્રભાકર ગુણમણી આગર, જગ જનના છો વિશરામી ॥ કૃપા૦ ॥ ૨ ॥ મહાનંદ પદદાયક નાયક, પરમ નિરંજન ઘનનામી ॥ તું અવિનાશી સહેજ વિલાસી, જીતકાસી ધ્રુવ પદ પામી ॥ કૃપા૦ ॥ ૩ ॥ કાલ અનાદિ અનંતે સાહેબ, તુમ મૂરતિ પુણ્યેં પામી ॥ અબ હો તુમ અમૃતપદ સેવા, રંગ કહે નિજસિર નામી ॥ કૃપા૦ ॥ ૪ ॥ ॥ ૩૪ ॥

## શ્રી સમેત શિખરની લાવણી.

॥ બંદત હે કોઈ સમત શિખરકું, દુરગતકી દૂર નાશી રે ॥ કોડ ભવોંકા કરમ કટત હે, હોય શિવપુરકો બાસી રે ॥ બંદ૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ કુગુરૂ કુદેવ કુધર્મ જગનકા, મેં જાણ્યા સબ રાશી રે ॥ બીસ જિણંદ મુગતપદ પાયા, કાટી કરમકી ફાંસી રે ॥ બંદ૦ ॥ ૨ ॥ એ તીરથ જે ભાવ કરી ભેટે, ઊનકી સમકિત ખાસી રે ॥ બિકલ બન્યો જિન દાસ જગતમેં, ખૂબ કરાઇ હાંસી રે ॥ બંદ૦ ॥ ૩ ॥ ॥ ૩૫ ॥

## અથ કેશરીયાજીની લાવણી.

॥ સુણજો બાતાં રાવ સદાશિવ, મત ચડ જાનાં ધૂલેવા ॥ ગઢપતિ ઊનકા બડા અટંકા, મત છેડો તુમેં ઊન દેવા ॥ એ આંકણી ॥ સક્તાવત ચૂડાવત બોલે, અમહીં નોકર ઊનહીંકા ॥ હિંદુપતિ વાકું

હાથ જોડે, તીન ભુવન શિર હે ટીકા ॥ સુ૦ ॥ સ્વર્ગ મૃત્યુ પાતાલ સબેહીં, સુર નર વાકું ધ્યાવત હે ॥ ઇંદ્ર ચંદ્ર મુનિ દર્શન આવે, મનકી મોજાં પાવત હે ॥ સુ૦ ॥ ૨ ॥ ગયા રાજ ઉનહીંકું આપે, નિર્ધનિયાકું ધન દેવે ॥ ખાજાં ખિલાવે સુંદર લડકા, સદા સુખી જે પ્રભુ સેવે ॥ સુ૦ ॥ ૩ ॥ તારે જિહાજ સમુદ્રમેં જાઈ, રોગ નિવારે ભવભવકા ॥ ભૂપ ભુજંગમ હરિ કરી નદીયાં, ચોરન બંધન અરિ દવકા ॥ સુ૦ ॥ ૪ ॥ ધોં ધોં ધોં ધોં ધોંસા બાજે, દસો દિસામેં હે ડંકા ॥ ભાઉ તાતીયા નહીં ભલાઈ, મત બતલાવો ગઢ બંકા ॥ સુ૦ ॥ ૫ ॥ રાણાજી કે ઉમરાવજીકોં, માનત નાહીં વે બાતાં ॥ થાકી કિધી ગ્રેહિંજ પાવે, મેં નહીં આવું થાં સાથાં ॥ સુ૦ ॥ ૬ ॥ મૂછ મરોડે ચડે અભિમાને, જહેર ભરયા હે નજરૂમેં । ઋષભ દાસકા સાહેબ સચ્ચા, દેખ તમાસા ફજરૂમેં ॥ સુ૦ ॥ ૭ ॥ મયારામ સુત ભણે મૂલચંદ, બડે સીતાંબર તુમ દેવા ॥ ફોજ વિખર ગઇ ઘરઘર ઘોડા, લજ્જા રાખો તુમ દેવા ॥ સુ૦ ॥ ૮ ॥ ॥ ૩૬ ॥

## શ્રી ગોડી પારસનાથની લાવણી.

॥ જગત ભવિકકજ મહેર અનંત ગુણ, તેજ તપત હે શ્રી જિનકો ॥ પ્રગટ પ્રબલ પ્રતાપ પરમ ગુણ, સુણતાં સુખ દિયે તન મનકો ॥ નીલ કમલ દલ નવકર દીપે, દેહ હે ગુણ ગણકે વૃંદા ॥ નમો નિરંજન ફણિપતિ સેવિત, પાસ ગોડીચા સુખકંદા ॥ ૧ ॥ એ આંકણી ॥ મોહકરી કુંભસ્થલ ભેદન, કંઠે રવ પ્રભુ તું સચ્ચા ॥ હરિ હર ઇંદ્ર વિરંચિ દેવ ગણ, કર્મ કીચમેં પડ કચ્ચા ॥ તુજ સમ ઓર ઠોર કુણ જગમેં, દેવ દૂસરો જે વંદા ॥ નમો૦ ॥ ૨ ॥ તું અકલંક સરૂપી અરૂપી, પરમાનંદ પદ તું દાઈ ॥ તું શંકર બ્રહ્મા જગદીશ્વર, વીતરાગ તું નિરમાઇ ॥ અનુપમ રૂપ દેખ તુજ રીજ્યા, સુર નર નારીકે વૃંદા ॥ નમો૦ ॥ ૩ ॥ જલ હલજાલ બલત ચિહું કોરે, ધૂમ ઘટા ગગને ચાલી ॥ જલત કાઠ કોટર સર સર્પન, ડરપત મરણુ દિશા આલી ॥ જગત સરણુ દુઃખ હરણુ પ્રબલ પ્રભુ, કહત

કમઠ સુણ જોગિંદા ॥ નમો૦ ॥ ૪ ॥ તપ જપ કરત ધરત નહીં કરૂણા, વાસેં દુઃખ દોહગ પાવે ॥ કહત કમઠ તબ અરૂણ નયણ કરી, જોગ બાત તુમકું નાવે ॥ પાવક અંતર જલત નાગકું, સેવક હાથેં નિકસંદા ॥ નમો૦ ॥ ૫ ॥ સુણી નવકાર નાગ જિન મુખસેં, ધરણિં દર પદવી પાવે ॥ ચંદ કીરણ ઉજલ જસ પસરિત, પાસ પ્રભુ નિજ ઘર આવે ॥ તજી સંસાર ચરણ પ્રભુલીનો, ધ્યાન ધરત મન આનંદા ॥ નમો૦ ॥ ૬ ॥ ધ્યાન ધરત પ્રભુ દેખી કમઠ સુર, આય કરી પરિસહ ભારી ॥ ગગન ભાગ ચિહું ઓર ઘના ઘન, ઘોર ઘટા ઉલટી ધારી ॥ ચંચલ ચપલા હોત ચિહું કોરેં, ચંચલ ચપલા કે વૃંદા ॥ નમો૦ ॥ ૭ ॥ કટ્ટ કાટકા હોત ગગનમેં, ગડડ ગડડ ચિહું દિસિ ગાજે ॥ ફરર ફરર ઘન પવન ફુરત હે, તરૂવર કરડ મરડ ભાંજે ॥ છનન છનન પાવસ જડ લાગી, મૂશલ ધારે વરસંદા ॥ નમો૦ ॥ ૮ ॥ ખલલ ખલલ જગતીજલ પસરત, છિનભર નાક તોડે આલા ॥ મેરૂ પરેં પ્રભુ ધીર રહી તવ, ધ્યાનરસેં રહે મત-વાલા ॥ તતક્ષણ ધરણ રાયકો આસન, કપટી ધ્યાન જ્યું ચાલંદા ॥ નમો૦ ॥ ૯ ॥ તત્ક્ષણ ધરણ રાય અનુ ઘરણી, આય નમત જિનકું રંગેં ॥ શિરપર છત્ર ધરે ફણી ગણકો, શેષ નાગ ડોલતઅંગેં ॥ હાંકયો કમઠ સરણ કરી પ્રભુકો, ગયો નિજ સ્થાનક હર્ખંદા ॥ નમો૦ ॥ ૧૦ ॥ નાચત ધરણ રાયકી લલના, ઠમક ઠમક પદ ઠમકંતી ॥ છ-મક છમક વીંછુઆ છમકાવત, ઘમ ઘમ ઘુઘરી ઘમકંતી ॥ તાલ તાન લયમાન પ્રકારેં, નવ નવ છંદેં નાચંદા ॥ નમો૦ ॥ ૧૧ ॥ ધપ મપ ધપ મપ માદલ ધમકે, કરડ કરડ કરતાલ કરે ॥ રણ રણ ર-ણકે રણ રણકંતી, જલ્લરી નાદ રસેં પસરે ॥ દડડ દડડ દુક્કડાં વાજે, ભૂંગલ ભેરીના વૃંદા ॥ નમો૦ ॥ ૧૨ ॥ વાજે શ્રીમંડલ સરણાઈ, વીણા તાલ કંસાલ છટા ॥ ટુક ટુક મિલત મિલત એક એકસેં, જોર બની તવ રંગ ઘટા ॥ પ્રભુ પણ ગ્યાન ધ્યાન લય લીના, મોડે કર્મ અરિવૃંદા ॥ નમો૦ ॥ ૧૩ ॥ કેવલ જ્ઞાન લહી પ્રભુનિર્મલ, સ્થાપન ચઉવિહ સંઘ

કરે ॥ ચરણ કમલ સુરરચિત કમલશિર, ધરત ધરણી જિન તિમિર હરે ॥ શત સમ આસુ કરી પ્રભુ પૂરણ, સિદ્ધ વધૂ કર પકરંદા ॥ નમો૦ ॥૧૪॥ અજર અમર અવિનાશિ નિરંજન, સિદ્ધ બુદ્ધ સમરો રંગેં ॥ પરમ મહોદય પરમાતમ પદ, લહીયેં જિન સેવન સંગેં ॥ રોગ સોગ દોહગ દુખ જાવે, પાવે સોહગ સુખકંદા ॥ નમો૦ ॥ ૧૫ ॥ અરિકરિ જલણ જલોદર જલ ભય, નામ જપ્યાં સહુ દૂર ટલે ॥ પ્રભુપદ પદ્મ સેવનસેં કમલા, રંગ રસાલા આય મિલે ॥ રૂપવિજય કહે સુનત લાવની, પામે ચિત્ત પરમાનંદા ॥ નમો૦ ॥ ૧૬ ॥ ॥ ૩૭ ॥

## નેમીશ્વર ભગવાનની લાવણી.

॥ તુમ સમુદ્ર વિજયકા તન્ન અરજ સુન લીજેં ॥ અરજ૦ ॥ મેરી ઇતનીસી એક ચાહ, દરસ મોહે દીજેં ॥ એ આંકણી ॥ તુમ વીતરાગ શુભધ્યાન, બડે તુમ સૂરે ॥ બડે૦ ॥ તુમ રિદ્ધ સિદ્ધકે ભંડાર, લબ્ધિકે પૂરે ॥ તુમ સાત વ્યસનકા સંગ, કિયા સબ દૂરેં ॥ કિયા સબ૦ ॥ તુમ પહોતે મુક્તિ મહેલ બિચ, જ્ઞાનકે પૂરે ॥ મેં હું સંગી કંગાલ, કૃપા મોહે કીજેં ॥ કૃપા૦ ॥ મેરી ઇત૦ ॥ ૧ ॥ મેં ઘડી ઘડી મહારાજ, ભજન નહીં ભૂલું ॥ ભજન૦ ॥ મેં પડયા વિષમ ભવ કૂપ, કુગુરૂ સંગ જૂલું ॥ મેં હુઓ દુખી જિનરાજ, તેરેસું બોલું ॥ તેરે૦ ॥ અબ ભવસાગરથી તાર, ભરમ મેં ખોલું ॥ અબ સુનો અરજ મહારાજ, જગત જસ લીજેં ॥ જગત૦ ॥ મેરી૦ ॥ ૨ ॥ મેં આય પડા જિનરાજ, સરણ અબ તેરે ॥ સરણ૦ ॥ તોરે દરશનકી અભિલાખ, લગી રહી મેરે ॥ મેં ભમ્યો અનંતો કાલ, મોહકે પૂરેં ॥ મોહ૦ ॥ અબ સરને સીજેં મોકું, કરન દુખ દૂરેં ॥ અબ આઠ કર્મકે માંહેં, મેરો તન સીજે ॥ મેરો૦ ॥ મેરી ઇત૦ ॥ ૩ ॥ મેં હુઓ બહુત ધનવંત, કરમકે ભમાવે ॥ કરમ૦ ॥ અબ સુદ્ધ અસુદ્ધ બિચાર, ધ્યાન નહીં પાવે ॥ અબ ચેતન જીવ જિનરાજ, ધર્મમેં આયો ॥ ધર્મ૦ ॥

અબ આઠ કર્મકે માંહે, સુગતિ ફલ પોષો ॥ તુમ સુમુદ્રબિજયકા તન્ન, અરજ સુન લીજેં ॥ અરજ૦ ॥ મેરી ઇત૦ ॥ ૪ ॥ ॥ ૩૮ ॥

## લાવણી કાવ્યરૂપેં.

॥ આનંદ વરતે મંગલ પ્રભુ નામ લીલા, ફરસો ઇષ્ટ ધરમ કરો કરમ ઢીલા ॥ આરાધો અચલદેવ ત્રૈલોક્ય નાથં, અરિષ્ટ નેમિપદ્મ પ્રણુમ્યં પ્રભાતં ॥ ૧ ॥ મહાનિષ્ટ અનાદિ કરમ બીજ બાલ્યો, અતિહી વજર સીલ વિષય ભાવ ટાલ્યો ॥ વિકટ વિરત ધારી શીલરંગ રાતં ॥ અરિષ્ટ નેમિં૦ ॥ ૨ ॥ વલ્લભ ઇષ્ટ લીધો પરમ જ્યોતિ ધામં, તું વિમલું બિરાજે અચલ સિદ્ધનામં ॥ કેવલ ગ્યાનેં સદા મગન માતં ॥ અરિષ્ટ નેમિં૦ ॥ ૩ ॥ સહિ વેદના મેં સૂક્ષ્મ નિગોદં, કીયો પાપ પરિચય વિષયસું પ્રમોદં ॥ ઇણવિધ મેં ભુગતિ અનંતિ અસાતં ॥ અરિષ્ટ નેમિં૦ ॥ ૪ ॥ જિનેશ્વર બિરાજે દેહ દીપમાનં, પરમ તેજ પ્રભા અખંડ વરત ધ્યાનં ॥ નિરમલ લહ્યો કુલ ઊત્તમ જાકી જોતં ॥ અરિષ્ટ નેમિં૦ ॥ ૫ ॥ અમરાપુર પહોતા માયા જાલ મૂકયો, ભૂલ્યો હું ભરમમેં તવ ભક્તિ ચૂકયો ॥ અક્ષય સુખ લીયાં તેં કરી કર્મ ધાતં ॥ અરિષ્ટ નેમિં૦ ॥ ૬ ॥ અનંત બલ ઊપાયો તજ્યો જગત સારો, અલ્પગુણ કહ્યા મેં પ્રભુ મોહે તારો ॥ જિનદાસ વિનવે તુંહિં માય તાતં ॥ અરિષ્ટ નેમિં૦ ॥ ૭ ॥ ॥ ૩૯ ॥

## લાવણી કાવ્ય રૂપેં.

॥ દુઃખ દુષ્ટ ભુગતા હુઓ નરકવાસી, ચિહું દિસ ફિર્યો ગલે ગેર ફાંસી ॥ કીયો કંઠ છેદન હીયે આપ છાયો, પરમ જિનધર્મ બિન ઐસા દુઃખ પાયો ॥ ૧ ॥ પાપી નરકમેં ખુલી સેજ સોયો, ખડગ લહી હણે શિસ સૂલી માંહે પ્રોયો ॥ પડ્યો જમકે પરવશ કુંભીમેં પચાયો ॥ પરમ૦ ॥ ૨ ॥ કુગુરૂકે કલેજેસું લે જાય ખટકી, જબર જંજીર કરમને નરકમાંહેં પટકી ॥ ઓ પંખીને મસ્તક સબ તોડ ખાયો ॥ પરમ૦ ॥ ૩ ॥ બરછીસું છેદે ઘાણીમાંહેં પીલે, કાઢે

દેવ નેત્ર વીંછુ લગાડી કીલે ॥ મહાલાલથંભસું મુઝે લેઇ લગાયો ॥ ॥ ૫રમ૦ ॥ ૪ ॥ નરકમેં મેરો અંગ કરવતસું ફાડ્યો, વિકટ નદી વેતરણી માંહેં જમને પાડ્યો ॥ વૃક્ષ બડે સામલી તલેં મુઝે બેઠાયો ॥ ॥ ૫રમ૦ ॥ ૫ ॥ કયા ખિલાવે ગોલો લાલ મુખમેં, ભુંજે ભાંડ માંહે પડ્યો હું મહા દુઃખમેં ॥ ફરસ લઈ છોલે જમડા દારૂમેં ઊડાયો ॥ ૫રમ૦ ॥ ૬ ॥ માખી દિલ ચૂંટે સરપ તોડ ખાવે, એ જમ છૂંદે પગ તરૂવો લાલ પાવે ॥ અગનિમય વૃક્ષસું ઊંધો લટકાયો ॥ ૫રમ૦ ॥ ૭ ॥ જાલીમેં પકડી સૂવરને વિણાસ્યો, શોલે રોગ ઊપજાઇ રગત ડીલ વાસ્યો ॥ પિંડ પ્રોવે કરમવસ તનસૂં વીંધાયો ॥ ૫રમ૦ ॥ ૮ ॥ કરાયો સ્નાન કુંડ તેલેં ઊકાલ્યો, વિણાસ્યો હે સિંધને દિલેં ઘાવ ઘાલ્યો ॥ મહાખાર જમોને ઊપર બુર બુરાયો ॥ ૫રમ૦ ॥ ૯ ॥ સહ્યા વાર અનંતિ સો દુઃખ અબ મેં જાન્યો, વિકટ વેદના દુઃખ અલ્પ મેં વખાણ્યો ॥ અરિહંતકે સરણે જિનદાસ આયો ॥ ૫રમ૦ ॥૧૦॥ ॥૪૦॥

## લાવણી કા૦યરૂપેં.

॥ બ્રહ્મપદવી જીત હુવા ભેખ ધારી, સુગતિ પંથકી હે સબ રીત ન્યારી ॥ અગનિ હોમ કરતા જારો દેત ધીકો, દયા મૂલ ધર્મો બિના કામ ફીકો ॥ ૧ ॥ અનેક ભેખ જગતમેં બન્યો હે વજીતો, શ્રી જિનધર્મવિના જન્મ જાય રીતો ॥ હીરદે પ્રકાશ ભયો હે કુમતિકો ॥ દયામૂલ૦ ॥ ૨ ॥ પરભવ સંઘાતિ દયા દાન મેટે, કુદેવ કુગુરૂકા ચરણ જાય ભેટે ॥ કીરતિ ન પાવે ધરમ માનિ નીકો ॥ દયામૂલ૦ ॥ ૩ ॥ જુવારા વાવે જાંહાં અખંડ જોત બાલે, દુર્ગતિકી નીસાની ગર્વકું ન ઘાલે ॥ ગંગામેં ન્હાયો દીયો શીસ ટીકો ॥ દયામૂલ૦ ॥ ૪ ॥ જગત રામકીકું સતી જાણી પૂજે, ભગત ખેતી કરતો ઘરે ભેંસ દૂજે ॥ ભગત નામ જગતમેં ધરાવે જતીકો ॥ દયામૂલ૦ ॥ ૫ ॥ ધન્ય સંત જગતમેં કુમતિ દૂર વર્જી, નાતિ ઓર ગોતિ એ કુટુંબ આપ ગરજી ॥ જિનદાસ કહે યું કોઈ ન કિસીકો ॥ દયામૂલ૦ ॥ ૬ ॥ ॥૪૧॥

## લાવણી કાવ્યરૂપેં.

॥ કુજાપ જપતાં ઘણો કાલ ખોયો, મોહ્યો કરમકી નિંદે અનાદિશું સોયો ॥ લે નીમ નવકાર રત્ન જૈસો મોતી, વિના જૈનધર્મેં સર્વ ભક્તિ થોથી ॥ ૧ ॥ કુદેવ દેખી પૂજે ભૂલ્યો ભરમં, મુગતિ પંથ ચાવે જબર બાંધે કરમં ॥ જિસ પુરૂષકું હે દુર્લભ બ્રહ્મ જ્યોતિ ॥ વિના જૈન ધર્મેં૦ ॥ ૨ ॥ બ્રહ્મ નામ ધારી કહે ગ્યાન મોમેં, છહી કાયકે જીવ અગન માંહે હોમે ॥ સીજે નરક જાલ ધોબી પેર ધોતી ॥ વિના જૈન ધર્મેં૦ ॥ ॥ ૩ ॥ ધરે ધરણો ઘરઘર કરે નરસું દગા, ભસ્મ તન લપેટી ફિરે જગમેં નગા ॥ ધરી ભેખ ભગવો ભણ્યો બાત પોથી ॥ વિના જૈન ધર્મેં૦ ॥૪॥

## શ્રી નેમજીની લાવણી.

॥ નેમનાથ જિનવરકો બદન મુખ, નિરખું કૈસેરી ॥ નેમનાથ ભગવંત બનબાસિ, સિવરમણીકે રાગી ॥ સુમતાભાવ ધર્યો અંતરગત, રાજુલ ત્રિય ત્યાગી ॥ અકેલી બનમેં કૈસેરી ॥ નેં૦ ॥ ૧ ॥ જલબિન મીન છિન હોય જાવે તિમ, રાજુલ દુઃખ પાવે ॥ અંતર આસ લગી અબ ઐસી, નેમનાથ નહીં આવે ॥ મુજે કબ દરસન દેસેરી, કૈસેરી ॥ નેમ૦ ॥ ૨ ॥ સરોવરકે તટ ખડે નગન હોય, મમતા મનકી મૂકી ॥ સીત તાપ વેદન બહુ વેદે, કંચનસી દેહ સૂકી ॥ પરીસહ ભારી સહેસેંરી ॥ નેમ૦ ॥ ૩ ॥ બિન અનપાણી બિન બિકારી, બિન બસતર તપ ધારી ॥ બિન આધાર નિરંજન નિર્મલ, નેમનાથ ગતન્યારી ॥ મુગતિપદ વેગાં લેસેરી ॥ નેમ૦ ॥ ૪ ॥ કર્મ ભર્મ તજ કેવલ લીનો, સુખ સંપતિકે દરિયા ॥ સમોસરણકે બીચ બિરાજે, અનંત જ્ઞાનગુણેં ભરીયા ॥ સિંઘાસન ઉપર બેસેરી ॥ નેમ૦ ॥ ૫ ॥ નેમ સતી મુગતિ પદ લીનો, હુવાં કરમસેં રીતા ॥ દુરગતિકા દુખ બહોત સહેતા, જિનદાસ બહુ બિહિતા ॥ તુમારે સરણે રેહેસેરી ॥ નેમનાથ૦ ॥ ૬ ॥ ॥ ૪૩ ॥

## શ્રી થૂલિભદ્રજીની લાવણી.

॥ સુણો સખીરી રંગ મહેલમેં, મેં ફિરતી થી દીવાની ॥ મેરા પ્રિ-

તમ કોઈ મુઝે મિલાવે, ઘરી પલક દુઃખ કટ જાવે ॥ સુણો સખીરી મેરા દરદ હે, કુણ પંથીસેં દુર હોતા ॥ મેરા યારકી છબી દિખાવે, એસેઆની કુણ આવે ॥ સુ૦ ॥ ૧ ॥ મહેલકે ઉપર ચડ કર દેખું, દુરબિનમેં દુનીયાં સારી ॥ દુનીયાં સારી હોત હજૂરે, નાથકો રૂપ નહિં પાવે ॥ ઘરમેં ફિરતી આંસુ ઝરતી, ખાના પણ મેં નહીં ખાતી ॥ ઘાવ લગા સો ઘાયલ જાને, આલમ સારી ફટકાવે ॥ સુ૦ ॥ ૨ ॥ છતીયાંસેંતી મેરે પીઉ નહીં, દૂર હોતા ગોખમેં હોતી ॥ ગોખમેં હોતી ફિર ફિર જોતિ, ઘરમેં જાકર ફિર રોતી ॥ બાર વરસ લગેં ખેલ ખેલાઇ, વાલમેં છોરી વીગોતી ॥ ધાગા વિહુણા પંથમેં ચલતે, દુનીયાં ચાંપત પાંઊ મોતી ॥સુ૦॥ ૩ ॥ મેરા ખાવન જોગ લેઇ કર, ઘર ઘર ફિરતે થૂલિભદ્રા ॥ થૂલિભદ્રકી વાત સુણતે, છતીયાં ફાટત હે મેરી ॥ દુખભર સારી રેનગઈ પણ, સોવન ખાટેં નહીં સોતી ॥ ચોમાસા પર નાથ ન આતે, તો મરણાં હે એક ફેરી ॥ સુ૦ ॥ ૪ ॥ જાદુ કરણેવાલેકુ કોઈ, બોલાવે નથકો મોતી ॥ નથકો મોતી લાખ સવાકો, મેં કુરબાન કરાદેતી ॥ મોહની મંત્રેં પીઉકું મિલાવે, લેઇ બલૈયા પાઊં પરતી ॥ શ્રી શુભવીર કહે સુણ સજનાં, વેધક બાત કહું કેતી ॥ સુ૦ ॥ ૫ ॥ ॥ ૪૪ ॥

## શ્રી આદિનાથજીની. લાવણી.

॥ મેરે દિલકે મહેરમ તુંહી, શ્રીનાભિનંદન ભગવાન ॥ તેરે ચરણોસેં ઉલજા પ્રાણ ॥ એ આંકણી ॥ કૈલાસ પરવત પર મંદિર, જિહાં પ્રભુજી રાજે ॥ દેવ દુંદુભિ ગયણેં ગાજે ॥ સિદ્ધખેત્ર શેત્રુંજે સ્વામી, આભૂષણ છાજે ॥ જ્યોતસેં ચંદ્ર સૂર્ય લાજે ॥ દોહા ॥ રતમાંહેં હે ચિંતામણિ, જ્ઞાનમેં હે કેવલ જ્ઞાન ॥ સિદ્ધગિરિ તિમ તીર્થમેં, અવર ન એહ સમાન ॥ ભલાજી અવર૦ ॥ આણ એહી જુગત જિનરાજ પ્રગટી આ દ્યો સેવક સુખથાન ॥ તેરે ચરણોસેં ઉલજા૦ ॥ ૧ ॥ અષ્ટાપદ શ્રી આદિ જિનેસર, શિવરમણી છાયા ॥ દરસન તુમ ઇંદ્રાદિક પાયા ॥ સુર નર નારી તેરે દરસનસેં, કેવલ ઉપજાયા, મુનિજન જ્ઞાન ઉદય પાયા ॥ દોહા ॥ મુક્તિ તણેં પંથેં વહે, પામી કેવલ જ્ઞાન ॥ સિદ્ધ અનંત

આગેં હુવા, કરત શત્રુંજય ધ્યાન ॥ ભલાજી કરત૦ ॥ જુગલા ચારી તેરે દરસનસેં, ગએ ગએ નિરવાન ॥ તેરે ચ૦ ॥ ૨ ॥ માત મારૂ દેવા કુખેં, અવતાર રત્નધારી ॥ ચક્રેસરીકે હે કર્ત્તે એ, જયજયકારી ॥ ધુલેવ નગરમેં પ્રગટ પ્રભુજી, મોહ્યા સંસારી ॥ ગલે બિચ મુક્તાફલ હારી ॥ ॥ દોહા ॥ પાંચ કોડ મુનિરાજસેં, ભરત લહે શિવવાસ ॥ અજરામર અજ જે હુવે, કેવલ જ્ઞાન વિલાસ ॥ ભલાંજી કેવલ૦ ॥ બ્રાહ્મી સુંદરી બાહુબલ જિનકું, દીયારે કેવલ જ્ઞાન ॥ તેરે૦ ॥ ૩ ॥ જગત બીચ વિસવાસ તેરો હે, મહા તેજ ગુણવંત ॥ પ્રભુ તુમ અરિગંજણ અરિહંત ॥ ક્રોધ માન મદ લોભ કરો પ્રભુજી, દૂર કરો રે એકાંત ॥ તેરા ગુણ ગાઉં એક મન ચિત્ત ॥ દોહા ॥ સુરગિરિ અષ્ટાપદ ગિરિ, ગિરનાર આબૂ તેમ ॥ સમત શિખર એ પંચકું, વંદૂં બહુ ધરી પ્રેમ ॥ ભલાંજી વંદૂં૦ ॥ જિનદાસ પ્રભુચરણેં તોરે, ઘો દરિસણ ભગવાન ॥તેરે૦॥૪॥

## શ્રી કેશરીયાજીની લાવણી.

॥ રિષભ દેવ તું બડા દેવ હે, દેખનકી ગત હે ન્યારી ॥ કાલાજીકી બડી જ્યોતિ હે, અંગેં કેસર અતિ પ્યારી ॥ એ આંકણી ॥ આગેં પીછેં તોરા કોટ બનાયા, બિચમેં હે બાવન દેરી ॥ સુવર્ણકા તોરા ઇંદા ઝલકતા, સુરત કંઠ સબસેં ન્યારી ॥ રિષભ૦ ॥ ૧ ॥ આગેં પીછેં તોરી બાવન દેરી, બેઠી હે આસન વાલી ॥ માતા મરૂદેવિ પિતા નાભિરાયા, હસ્તીકી તોરી અસવારી ॥ રિષભ૦ ॥ ૨ ॥ તીન સરૂપ એક દિનમેં ધરતે, ધનદેવા તોરી માયા ॥ લાખ ચોરાસી પૂર્વ તોરૂં આયુખું, ધનુષ્ય પાંચસેં સોવન કાયા ॥ રિષભ૦ ॥ ૩ ॥ દેશ દેશકા સંઘજ આવે, માનતા માને સહુ તેરી ॥ કેસર સોનૈયા હુંડીઓ લાવે, આશા પૂરે સહુ કેરી ॥ રિષભ૦ ॥ ૪ ॥ ધુલેવા નગરમેં આપ બિરાજો, દુનીયાં સહુ દર્શન આવે ॥ ઝગમગ જ્યોતિ બિરાજે પ્રભુકી, સો કહેવેમેં નહિં આવે ॥ રિષભ૦ ॥ ૫ ॥ કોઇક પાટે કોઇ ચઢાવે, કોઇક કેસર લઈ આવે ॥ અતર અબીર ફૂલજ્યું બહેકે, રાત દિવસ ગંધર્વ ગાવે ॥ રિષભ૦ ॥ ૬ ॥ કલિયુગમેંતો તુંહીં દેવ હે, પ્રગટ નાથ દેખું

મોરા ॥ ચોશઠ ઇંદ્ર તોરી કરે ચાકરી, સમરણ કરતા સબ તોરા ॥ રિ-ષભ૦ ॥ ૭ ॥ નામ લેતાં ઘટે પાપના, સંકટમાં વારે વારે ॥ વાટ ઘાટ બંધીખાનેથી, કાલોજી કાઢી લાવે ॥ રિષભ૦ ॥ ૮ ॥ અકબર બાદશાહ ચઢકર આએ, હુરમત લેને કાલેકી ॥ બાવીસ લાખ તો લસકર લાવે, પાર નહીં કછુ પાદલકી ॥ રિષભ૦ ॥ ૯ ॥ સબ લસકરકું કીએ અંધલે, ફોજ છૂટી ફિર ભમરોકી ॥ અલ અલ્લાકર ભાગે તુરકડા, પકડી વાટ ફિર દિલ્લીકી ॥ રિષભ૦ ॥ ૧૦ ॥ અવધિ જ્ઞાનમેં જોયું દેવિયેં, રાસ લુંટી સબ ધૂલેવેકી ॥ લીલે ઘોડે ચઢકર આએ, હલકારે સબ ભિલ્લન-કી ॥ રિષભ૦ ॥ ૧૧ ॥ કપૂતને તો માર દીઓ હે, ગર્દનસેં સબ તાતે-કું ॥ ઐસા દેવ હિંદુકા જાણી, મત ચઢજાઓ ધુલેવેકું ॥ રિષભ૦ ॥ ॥ ૧૨ ॥ નથુરામકું સરણ તુમારો, આવે ગિરિવર દર્શનકું ॥ ધ્યાન ધ-રાવી ચિત્ત ઠરાવી, ચાહાસે દેવન મુક્તિકું ॥ રિષભ૦ ॥૧૩॥ ॥૪૬॥

## શ્રી કેશરીયાજીની લાવણી.

॥ ખડા ખડા પ્રભુ અરજ કરંતા, સમરણ કરતા સબ તોરી ॥ દીનાનાથ મોરી અરજી સુનકર, ભવકી ટાલો તુમ ફેરી ॥ ખ૦ ॥ એ આંકણી ॥ વિનિતા નગરીમેં તોરા જનમ હે, માતા તોરી મરૂદેવા ॥ ચોશઠ ઇંદ્ર તોરી કરે ચાકરી, ચંદ્ર સૂર્ય કરતા સેવા ॥ નાભિરાયાકે કુલમેં સોહે, ઋષભ દેવજી નામ તોરી ॥ દીના૦ ॥ ૧ ॥ ધૂલેવાનગર તેરા ખૂબ બના હે, વાંહે દેવલ જિનવરકા ॥ ફિરતિ બાવન દેહરી સોહે, હસ્તી ખડા મરૂદેવીકા ॥ દોનું હાથી જુલે ગિરૂવા, દરવાજે પ્રાક્રમ ભારી ॥ દીના૦ ॥ ૨ ॥ આંગી તેરી ખૂબ બની હે, બૂટી સોભે જડાવનકી ॥ ગલે મોતિનકો હાર બિરાજે, સોભા દીસે કુંડલકી ॥ ચમરી તોરે ઉડે સિરપર, રિષભ દેવકી બલિહારી ॥ દીના૦ ॥ ૩ ॥ ઠમક ઠમક તોરો માદલ જમકે, ઝણુણ ઝણુણ નાદ ઝાલરકા ॥ ધનન ધનન તોરા ઘંટા બાજે, ડંકા બાજે નોબતકા ॥ સમી સાં-જકી હોવે આરતિ, મંડપમાંહે ભીડ ભારી ॥ દીના૦ ॥ ૪ ॥ નિત નિત તોરી આંગી સોહે, મૂગટકી ગત હે ન્યારી ॥ સિરપર તોરે છત્ર

બિરાજે, સામલી સુરત દીસે પ્યારી ॥ એક દિનમેં ત્રણ રૂપજ હોતા, દેખત હે સબ નર નારી ॥ દીના૦ ॥ ૫ ॥ ચાર ખંડમેં મહિમા તોરા, સંઘ આવે સબ દેસનકા ॥ છત્રીશ ખાવિંદ આણા માને, તુમ સમે-રણ અરિહંતોકા ॥ સર્ગ લોક પાતાલ લોકમેં, મૃત્ત લોક માને ભારી ॥ દીના૦ ॥ ૬ ॥ રિષભ દેવકા દરસન કરતા, પાપ જાવે ભવો ભવકા ॥ સમરણ કરતાં બેડી ભાંગે, બંધ ટૂટે સબ કર્મોકા ॥ ભિલડા તોરી આણુજ માને, ઐસો પરતો હે ભારી ॥ દીના૦ ॥ ૭ ॥ સંવત અઢાર ઓગણુસાઠ આસાઢ, શુદબીજે દિન બુધવારી ॥ ઈડર ગઢકા સંગજ આયા, જાત્રા કરે સબ નર નારી ॥ માનતા તોરી સહુકો માને, ઐ-સો પરતો હે ભારી ॥ દીના૦ ॥ ૮ ॥ દરિસન કરતાં જોડી લાવણી, સુન લ્યો ઉનકા ઠિકાના ॥ રાવ મલારકા કડી પરગણા, ગામ ઉનુંકા મેસાણા ॥ રૂપવિજયજી સેવક તુમારો, સુનલ્યો પ્રભુ અરજ મેરી ॥ દીના૦ ॥ ૯ ॥ ॥ ૪૭ ॥

## લાવણી.

॥ અરિહંતજીકે સમવસરણમેં, ચોશઠ ઈંદર આન ખડે ॥ ધ-ર્મચક્રીકા દરસન દેખત, ચોરાસી મત ફૂટ પડે ॥ કેવલ જંડે ઘડે ગ્યાનસેં, દરસનસું દરસાવ પડે ॥ પરમ ધરમ સમકિત ગુણ દેખો, પચરંગી નીસાન ચડે ॥ સુર નર મુનિવર સ્તુતિ કરત હે, પ્રભુ હે સબદેવનમેં બડે ॥ અરિ૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ સોના રૂપા-કે ગઢજ બનાયા, રતન સિંઘાસન કમલ જડે ॥ પૂરવ મુખસેં બૈઠે પ્રભુજી, કેવલ દરસન ગ્યાન ઝરે ॥ સુણકર દેવ માનવ ધરણીધર, ગણધર સાધુ ગ્યાન વડે ॥ સંઘ ચતુર્વિધ દેવ દેવતા, ગ્યાન ક્રિયા સુધ ભાવ ચઢે ॥ હાથ જોડ બિનતિ કરે તોકું, ભવિકજીવ ગુણ ઠાણે ચઢે ॥ અરિ૦ ॥ ૨ ॥ અશોક વૃક્ષકી છાયા મનોહર, યોજન-મેં વિસ્તાર કરે ॥ ભૂમિ સુદ્ધ કર અબિર અરગજા, પાણીકા છટકાવ કરે ॥ પંચરંગ બાદલ ફૂલ સુગંધિત, ફૂલનકે બરસાત કરે ॥ જોજન ભૂમિ સુગંધ વેદિકા, તીર્થંકર પદ આપ વરે ॥ દેવ કોટિ કોટિ કરે પ્ર-

દક્ષિણા, જયજય મંગલ મુખસેં પડે ॥ અરિ૦ ॥ ૩ ॥ ત્રણ્ય છત્ર મસ્તકપર સોહે, ભામંડલ મુખસેં તપતે ॥ ધર્મચક્ર જોજનગત ઉન્નત, દુંદુભિ નાદ બાજા જડતે ॥ સુર નર કિન્નર અસુર વિદ્યાધર, ચઉવિહ સંઘ પૂજા કરતે ॥ ચોશઠ ઇંદ્ર સબ કરે આરતિ, ગણધર વાણી મુખ પઢતે ॥ જૈનધર્મ પાયે નર ભવમેં, મુક્તિ નીસેની તબહીં ચડે ॥ અરિ૦ ॥ ૪ ॥ ચાર પરખદા ધર્મ સભામેં, ધર્મરાજકી સેવ કરે ॥ ધાતી અધાતી કરમ ખપા કર, શુદ્ધાતમ શુભ ભાવ ધરે ॥ લોકાલોક પ્રકાશ કરતહે, સાત નય નવ તત્ત્વ ભાસે ॥ ઉત્પાદ વ્યય ધ્રુવ સત્તામેં, નવપદ નીશ્રેંગુણ ભાસે ॥ મનુગમ ઉદય જિનરાજ સભામેં, હાથ દોયમેં ચક્ર બડે ॥ અરિ૦ ॥ ૫ ॥ ॥ ૪૮ ॥

## શ્રી નેમનાથજીની લાવણી.

॥ ગિરિવર કયું ગયે ગુરૂ ગ્યાની, રાજુલ મનમેં નહીં માની ॥ ગિરિ૦ ॥ નવ ભવકો નેહ મેરો જૂનો, તજ ગયો મેરો શ્યામ સલૂનો ॥ મેરે સીરપેં પડ્યો દુઃખ દૂનો, મેરો હીરદો હુવો સબ સૂનો ॥ નિત નેન ઝરે મુઝ પાની ॥ ગિરિ૦ ॥ ૧ ॥ શુધ સંજમ સમતા પાલે, દૂષણ મનકા સબ ટાલે ॥ સબ ગાંઠ ગરવકી ગાલે, મુગતીકે મારગ ચાલે ॥ એસે નેમનાથહે ધ્યાની ॥ ગિરિવર૦ ॥ ૨ ॥ રાજુલ કેતી સુન પીયા, જુગમેં એસા કયા કીયા ॥ અબલાકું દોસ કયું દીયા, જુગમેં ધિગ ધિગ મેરા જીયા ॥ પરવતકું ચલું રે દિલ જાની ॥ ગિરિ૦ ॥ ૩ ॥ શુધ્ધ સતિને સંજમ લીનો, આતમકો કારજ કીનો ॥ પરમાતમ પદકું ચીનો, અનુભવ રસસેં દિલ ભીનો ॥ જિનદાસ પરૂપી બાની ॥ ગિરિ૦ ॥ ૪ ॥ ॥ ૪૯ ॥

## શ્રી મગસીનાથજીની લાવણી.

॥ પારસ પૂજન જોત જગતમેં, મગસીકે મ્યાને ॥ માલવા મુલક ખલક જાને ॥ એ આંકણી ॥ ખરચ લે સુકૃતમેં માયા, પૂરવ ભવકે પુણ્ય જોગસેં, મગસીનાથ પાયા ॥ કરો તુમ સેવા, મિલસે

મુગતિકા મેવા, એ અગમ નિરંજન દેવા ॥ બડે હે સબ સંવર ક્યાને ॥ પારસ૦ ॥ ૧ ॥ ભાવ ધર દરસનકું આવે, માણિભદ્ર રખવાલી કરતા, શ્રાવક સુખ પાવે ॥ પ્રભુગુણ ગાતા, જિન ચરણોસેં લય લાતા, સુખ સંપત લે ઘર આતા ॥ લગ્યો જિનવરજીસેં ધ્યાનેં ॥ પારસ૦ ॥ ॥ ૨ ॥ અતિશય પારસકા ભારી, દેશ દેશકા ભેલાં હુવે, દરસનકું નર નારી ॥ ભાવસેં પૂજે, જિણ ઘર કામધેનુ દૂજે, સુરગતિ જાવણુકી સૂજે ॥ સૂત્રકી સીખ હીયે આને ॥ પારસ૦ ॥ ૩ ॥ પાર જિનજસકો નહીં પાવે, મગસીનાથકી મહિમા કિમ, સેવકસેં કહી જાવે ॥ સદા પગેં લાગે, મેરે ગ્યાનકલા એક જાગે, જિનદાસ એહી વર માગે ॥ હરો દુઃખ દૂર સુણો કાને ॥ પારસ૦ ॥ ૪ ॥ ॥ ૫૦ ॥

## શ્રી નેમજીની લાવણી.

॥ દગા દે ગયા પતિ ગિરનારી, કહો રે માઇ કૈસેં લગે કારી ॥ એ આંકણી ॥ બિધિ બિન તોરણકું આયા, સખી સબ મિલ મંગલ ગાયા ॥ પશુ ફંદમેંસેં છુડાયા, સતીને દરસન નહીં પાયા ॥ તોડ ગયે નવ ભવકી યારી, મેરી દિલ દયા નહીં ધારી ॥ વિલખતી હે રાજુલ નારી, આતમા અપનીકું તારી ॥ કહો૦ ॥ ૧ ॥ પતિ મેરા પરવત પર ચઢિયા, કરમસેં સનમુખ જઈ અડીયા ॥ ગ્યાનકા ઘાટ હીયે ઘડીયા, પાપ સબ તનમનકા જડીયા ॥ વેદના તન પર ખમ લેતા, મુનિ બન બનમેં વસ રહેતા ॥ કિસીસેં સુખ દુઃખ નહીં કેતા, પરીસહ સહે બોત ભારી ॥ કહે૦ ॥ ૨ ॥ ઇણવિધ ઘનઘાતી તોડ્યા, નેહ સબ સંજમસેં જોડ્યા ॥ કરી હૈ સમકિત પટરાણી, હીયે રૂચ રહી જૈન બાની ॥ મમતા એક મુગતિકી તાણી, રહ્યા સબ પર ઊદાસ આની ॥ સંસારકું બહોત અસાર જાની ॥ પ્રભુ તુમ મમતા સબમારી ॥ કહે૦ ॥ ૩ ॥ સતી મન મનસુબા સોચ્યા, કેસ અપના સિરકા લોચ્યા ॥ દીયા દુરગતિકે સિર ઘોચા, સીતાબી શિવપુરકું પોહોચ્યા ॥ અખય સુખ પ્રભુજીને લીના, મરણ દુખ મેટ સબે દીના ॥ ઈસ્યા જિન મારગમેં જીના, કરે જિનદાસ સેવ તારી ॥ દગા૦॥૪॥ ॥૫૧॥

## દેવ ગુરૂ અને ધર્મ આશ્રયી લાવણી.

॥ મેં નીત નમાતું શીસ, સાધ સંતનકું ॥ સાધ૦ ॥ જુગમાંહે ઈંદ્રિજીત, કીયા બસ મનકું ॥ એ આંકણી ॥ અબ જિન ચંદા જુગ જાણ, જપો જિનવરરે ॥ જપો૦ ॥ એ અચલ બિરાજે દેવ, દરસ દિલ ધર રે ॥ અબ જિનવાણી નિજ નીર, ભર્યો સરવર રે ॥ ભર્યો૦ ॥ કોઈ ન્હાવે સંત સુજાણ, સુઘડ જન નર રે ॥ અબ ઇતની સુનકર સીખ, કરમ ક્ષય કર રે ॥ કરમ૦ ॥ ઇણવિધ શિવ સમતા સુખસેં, અમર પદ વર રે ॥ અબ ભજ ભવ માનવ માંહેં, નાભિ નંદનકું ॥ ॥ નાભિ૦ ॥ જુગમાંહેં૦ ॥ ૧ ॥ તુમ જગ જંજીરા તોડ, તજ્યા ઘર ફંદા ॥ તજ્યા૦ ॥ કોઇ ઊલજ રહ્યો અગનાની, આંખ બિન અંધા ॥ મેં રહ્યો વિષય ભર પૂર, ગરવમેં ગંધા ॥ ગર૦ ॥ મેં બોત હુઓ હેરાન, જબર જુગ ધંધા ॥ મેં કુગુરૂ જોયા જોર, જોગી ઓર જંદા ॥ જોગી૦ ॥ મેં જિનવર પરખ્યો આજ, હુવો આનંદા ॥ અબ જિન ભજનાં સો લાભ, લૂંટ નિજ ધનકું ॥ લૂંટ૦ ॥ જુગમાંહેં૦ ॥ ૨ ॥ અબ જપ પરમેષ્ટી પંચ, પરમ પદ ધારી ॥ પરમ૦ ॥ એ જપતાં જયજયકાર, નરક હોય ન્યારી ॥ અબ લે ગુરૂ ગૌતમ નામ, લબ્ધિ ભંડારી ॥ લબ્ધિ૦ ॥ એ જુગમેં સાચા સંત, સદા સુખકારી ॥ તુમ ભવજલ પામ્યા પાર, સમુદ્ર મહા ભારી ॥ સમુદ્ર૦ ॥ તુમ તાર્યા બહુ નર નાર, બહોત સંસારી ॥ તુમ કાટ કીયો મેદાન, કરમ સબ વનકું ॥ કરમ૦ ॥ જુગમાંહેં૦ ॥ ૩ ॥ અબ અંતરદૃષ્ટિ લગાય, સુનો જિનવાણી ॥ સુનો૦ ॥ એ સુખ સંપતીકી ખાન, મુગત નીસાની ॥ અબ અમરત સી કરતુત, હીયે નહીં આણી ॥ હીયે૦ ॥ મેં દુરગત રૂલીયો બહોત, સેકયો જિમ ધાણી ॥ અબ લે માનવ અવતાર, ચેત તું પ્રાણી ॥ ચેત૦ ॥ એ જિન દરિસન પરભાવ, નરક વિરલાણી ॥ અબ વીનવે યું જિનદાસ, ચાહું દરસનકું ॥ ચાહું૦ ॥ જુગમાંહેં૦ ॥ ૪ ॥ ॥ ૫૨ ॥

## વીરભગવાનની લાવણી.

॥ અનંત બલી જિનરાજ જગતપતિ, ચરણ અંગુઠ મેરૂ કં-

પાયા ॥ દેવ દેવી મિલ કરે વીનતિ, સબ સુરપતિ આનંદ પાયા ॥ એ આંકણી ॥ તેરે ગુણકી મહિમા અબ પાઇ, ઈતનો ગુનો બગસીસ કરો ॥ ખમો અપરાધ પ્રભુ પાપકો, પ્રેમ નજર હમ ઉપર ધરો ॥ કરિ સ્તુતિ ઉઠે સુરિ સુર સબ, જન્મ મોચ્છવ અબ કરણો ખરો ॥ અધિક અધિક ધરિ હર્ષ હીયેમેં, આલસ અપને તનકો હરો ॥ સુદ્ધ તન મનસેં કરો મહોત્સવ, શિવ રમણીકું શિતાબ વરો ॥ ભગતિસેં ભર ધર્યો હીયાકું, અબ દુરગતિસું કાહેકું ડરો ॥ જનન મરનકું મેટ દિયા હે, સોજિન ભક્તિસેં નાહાયા ॥ દેવ૦ ॥ ૧ ॥ સુરનરકી સંપત સુખ દાયક, જિનવરકી એ ભક્તિ ભલી ॥ દોહિલો તું મત હોય જીવડા, અણુ તેડી રિદ્ધિ આવે ચલી ॥ ઉઠાય કલશ હાથોમેં લીના, સુરપતિકા મન હુવા રલી ॥ જય જય શબ્દ મુખસેં સબ બોલે, વિષય ગયે તસ દૂર ટલી ॥ હરખ વદન કર સુર સબ ગાવે, આનંદ ઘડી મુઝ આય મિલી ॥ જન્મ હમારો લેખે લગ્યો હે, સુખકી સેજ સુરલોક ઢલી ॥ ધન ધન હે જિનકી જિંદગાની, જિનવરકા ગુણ મુખ ગાયા ॥ દેવ૦ ॥ ૨ ॥ કરે નિરત જિનવરકે આગેં, વાજાંકી ધુન વાજ રહી ॥ સુરતકા સુર નર હે સબલા, મહીમા મોસેં ન જાય કહી ॥ અંગ મોડ હિત જોડ કરે સબ, સફલ ઘડી મેરી આજ ભઈ ॥ ઉદય આનંદ દિન કર ઘર ઉગ્યો, કુમતિ કલેસણુ અલગી ગઈ ॥ સુર નરકા સુખકી નહીં ગિનતી, અમરાપુર પદ જાય લહી ॥ છપન કુમારી જિનગુન ગાવે, મુખસું કથન કર કીરતિ કહી ॥ એસો ઉલટ ધરિ કરતાં મહોત્સવ, હિરિદે હરખ અધિકા આયા ॥ દેવ૦ ॥ ॥ ૩ ॥ મેરૂ શિખરપર કલસ ઢાલ કર, હાથ જોડ સુર આગેં ખડે ॥ મેં ચરણાકા ચાકર તેરા, અરજ કરે યું ખડે ખડે ॥ છત્ર ચમર ઢાલે જિનવર પર, લલિ લલિ સબ સુર પાય પડે ॥ હુકમ કરો તો નીર નમણકો, સબ સુરપતિકે સીસ ચડે ॥ ઈણ વિધિસેં ભક્તિ જે કરતા, ભવ ભવકા સબ પાપ જડે ॥ તુમ ગુનકો સુરપાર નહીં લે,

જિનદાસ કૈસો કૈસો રડે ॥ ફૂલ સુગંધી નીર છટકતા, સુર સબ પ્રભુકું ઘર લાયા ॥ દેવ૦ ॥ ૪ ॥ ॥ ૫૩ ॥

## આતમઉપર લાવણી.

॥ મરણમથ કૂપ કોન જાને, ફિરે તજ મૂલ ભૂલ પાને ॥ મ૦ ॥ ॥ એ આંકણી ॥ લોકપત પેટ બિચ વસતી, કિસી શત્રુસેં નહીં ખસતી ॥ સંત કોઈ સુરગ કરે મસતી, ઊનુસેં કુગતિ દૂર ખસતી ॥ સુમતિ કર લહી બાત સસતી, આતમા નિરખે નાણ હસતી ॥ કુવે પડવાંકુ ચડ્યો ધ્યાને ॥ મરણ૦ ॥ ૧ ॥ રાજકે સીસ લાત ધરતા, અનંત દલ બલસેં નહીં મરતા ॥ બિના હથીયાર જોર કરતા, કિસીસેં માર્યા નહીં મરતા ॥ સુભટ બિનકાજ સબી સરતા, નિગોદાદિક દુઃખકું હરતા ॥ જિનંદકા બોલ વસ્યા કાને ॥ મરણ૦ ॥ ૨ ॥ શીખ અબ સુને લાલ મોરી, ગ્યાન બિન આતમ રહી કોરી ॥ ભેદકી રીત લહે દોરી, જગત સબ બુદ્ધિ ગઈ તોરી ॥ જ્ઞાનસેં આદ ચલી દોરી, સમજ ન લહે કર્યાં ચોરી ॥ કુગુરૂકું ખોટા કરી માને ॥ મરણ૦ ॥ ૩ ॥ પાણી બિન પ્રાણ બોત જાવે, નિકલ કર બાહાર નહીં લાવે ॥ અધોમુખ જગમેં બતલાવે, ભેદ ષટ દ્રવ્ય સબી પાવે ॥ ઇસ્યો જિનદાસ ગ્યાન ગાવે, બચન ભવિજનકે મન ભાવે ॥ ભેદ ભવિ વિરલો કોઈ આને ॥ મરણમથ૦ ॥ ૪ ॥ ॥ ૫૪ ॥

## કાયા ઊપર લાવણી.

॥ બલ જાવો રે મુસાફર યાર, પ્રીત સબ તેરી ॥ પ્રીત૦ ॥ ઊઠ ચલ્યા પ્રાણ પરદેશ, આસ તજ મેરી ॥ એ આંકણી ॥ યૂં બોલે કરડા બોલ, કીમણી કાયા ॥ કામ૦ ॥ મેં પિયા ન નિર્મલનીર, સરસ નહિં ખાયા ॥ તેરે સંગતકે પરભાવ, નહાં સુખ પાયા ॥ નહીં૦ ॥ પેર્યા નહીં મખમલ્લ ચીર, લીર લટકાયા ॥ તુજ બીનાં મેં બલજલ હુઇ ગઇ, રાખકી ઢેરી ॥ રાખ૦ ॥ ઊઠ ચ૦ ॥ ૧ ॥ મેં દુરગતિકી કરતૂત, પગેં કર ઠેલી ॥ પગેં૦ ॥ હુવો કુમતિકે શિર શત્રુ, સુમતિકો

બેલી ॥ તેં સમતા શીલકી બાત, હીયામેં મેલી ॥ હીયા૦ ॥ સુરગતિકે સુખકી ખાન, ખરી કર જેલી ॥ તેં કીઓ ન હમસું હેત, બણ્યો મેરો બેરી ॥ બણ્યો૦ ॥ ઊઠ૦ ॥ ૨ ॥ તેં બહોત લડાઈ લાડ, કામ નહીં આઈ ॥ કામ૦ ॥ તેં છંડયો હે મેરો સંગ, પ્રીત વિરલાઈ ॥ લે ચલ્યા ચોરાસી માંહેં, કરમ મુઝ ઘેરી ॥ કર૦ ॥ મેં રૂલ્યો જગતકી બીચ, કરૂં કિસ પેરી ॥ તેરી સંગતસેં મેં કીયા, પાપ અતિ ભારી ॥ ॥ પાપ૦ ॥ ઊઠ૦ ॥ ૩ ॥ મેરો હુવો ખરાબો બોહોત, પ્રીત તેરી જાણી ॥ પ્રીત૦ ॥ ભુગતા વિગતામેં અનેક, બોહોત પંછતાની ॥ સુક ગઇ સોચકે માંહેં, કાય કુમલાણી ॥ કાય૦ ॥ મોહે પડી વિપતકે બીચ, માંડ કર ધાણી ॥ તેં રાખી નહીં મેરી લાજ, મુગતકા લેરી ॥ ॥ મુગત૦ ॥ ઊઠ૦ ॥૪॥ સુખદાઈ સુમતિકી સેજ, સભાઇ બેઠો ॥સ૦॥ કાયાને કીયો હેરાન, હુઆ મેં સેઠો ॥ તજ ઘો મિજલસકી મોજ, માનકું મેટો ॥ ભજો ભાવ ભક્તિ પ્રભુનામ, દુરિત સબ નેટો ॥ જિનદાસ આસ જિનરાજ, ચરણ પર ઠેરી ॥ ચર૦ ॥ ઊઠ૦ ॥ ૫ ॥ ॥ ૫૫ ॥

## વિનતિરૂપ લાવણી.

॥ આયો અબ સમકિતકે ઘરમેં, પડે નહીં નિગોદકે ડરમેં ॥ એ આંકણી ॥ પ્રભુજી મેં જગત સબ ડોયો, કહી જિનરાજ નહીં જોયો ॥ ગાંઠકો માલ સબી ખોયો, કુગુરૂસેં મન મેરો મોયો ॥ ગ્યાન નહીં રહ્યો મેરે કરમેં ॥ આયો૦ ॥ ૧ ॥ કુગુરૂ મોહે ઉવટમેં પટકયો, જીવ જબ દુરગતિમેં અટકયો ॥ વિષય સુખ વિછૂને ચટકયો, હીયો દુઃખ નિગોદકો ખટકયો ॥ કારજ નહીં કીયો આપ નરમેં ॥ આયો૦ ॥ ૨ ॥ દયા કર દરિસન મોહે દીજો, દુઃખીકું સરણે રખ લીજો ॥ નજર સુભ મુજ ઉપર કીજો, ભવિ તુમેં વચનોસેં ભીંજો ॥ મરણમેં મરે કોણ ભરમેં ॥ આયો૦ ॥ ૩ ॥ પ્રભુજી તુમ મેરે મન વસીયા, મેરા સબ રોમ રોમ હસીયા ॥ બન્યા મેં જિન ગુણકા રસીયા, સરણ જિનદાસ આય ધસિયા ॥ લગે નહીં મન બ્રહ્મા હરમેં ॥ આયો૦ ॥ ૪ ॥ ॥ ૫૬ ॥

## સુગુરૂની લાવણી.

॥ નમું નમું મેં ગુરૂ નિગ્રંથકું, વે જિન મુદ્રાધારી હે ॥ પુદ્ગલ ઉપર પ્રેમ ન કરતા, મનકી મમતા મારી હે ॥ ન૦ ॥ ૧ ॥ ગરવ ગાલકર ગુપતિ ગોપવે, ગત નિગ્રંથકી ન્યારી હે ॥ કનક કામિનીકે નહિં ભોગી, વેપૂરા બ્રહ્મચારી હે ॥ ન૦ ॥ ૨ ॥ છકાયાકે જીવ અનાથી, ઉનકે વે હિતકારી હે ॥ કરમ કાટકર, કેવળ પાવે, જ્ઞાન ગરથ ગુંણ ભારી હે ॥ ન૦ ॥ ૩ ॥ શુદ્ધ શ્રદ્ધાસેં સુમતિ સેવી, નિજ આતમકું તારી હે ॥ જિનવરકું જિનદાસ વીનવે, ઉનકે ચરણ બલિહારી હે ॥ ન૦ ॥ ૪ ॥ ॥ ૫૭ ॥

## કુગુરૂની લાવણી.

॥ તજું તજું મેં ઉન કુગુરૂકું, કનક કામિની ધારી હે ॥ જ્ઞાન ધ્યાનકી બાત ન જાને, અષ્ટ કરમસેં ભારી હે ॥ ત૦ ॥ ૧ ॥ કરી કપાલેં ભભૂત લપટી, શિરપર જટા બધારી હે ॥ કાન ફાડકર મુદ્રા પહેરતા, ઉનકે ઘરમેં નારી હે ॥ ત૦ ॥ ૨ ॥ જોગ લેઇ કર જીવ વિણાસે, વે મધ મંસ આહારી હે ॥ કૂડા પંથી જગતકું કરતા, મુખસેં કહે આચારી હે ॥ ત૦ ॥ ૩ ॥ કહું ઓગુણ કુંગુરૂકા કબ લગ, સાધ નહિ સંસારી હે, આપ ડુબે ઓરકું ડુબાવે, દુર્ગતિકા અધિકારી હે ॥ ત૦ ॥ ૪ ॥ સમકિત શ્રદ્ધા જૈન ધર્મકી, નહિં કુગુરૂકોં પ્યારી હે ॥ જિનવરકું જિનદાસ વીનવે, કુગુરૂ સંગ ખૂવારી હે ॥ ત૦ ॥ ૫ ॥ ૫૮ ॥

## પરસ્ત્રી નિરખવા ઉપર લાવણી.

॥ ચતુર પરનારી મત નિરખો ॥ શ્રાવણ કેરી રેન અંધેરી, બીજલીકો ચમકો ॥ રાવણ મહોટા રાય કહાવે, લંકા ગઢ બંકો ॥ પાપ કરીને નરક પોહોંચીયો, દુઃખ પાયો અધકો ॥ ૧ ॥ ધાતકી ખંડકો રાય પદ્મોત્તર, દ્રુપદીને હરતો ॥ કૃષ્ણ નરેશર કરે ખુવારી, જબ પુણ્ય હુવો હલકો ॥ ૨ ॥ કીચક રાય મહા દુઃખ પાયો, ભીમેંસું અધકો ॥ નારી દ્રુપદી નેહેં બિચારી, ભવ ભવમેં ભટકો ॥ ૩ ॥ પ-

રનારીકો રંગ પતંગ હે, પોશ્વલકો ઝલકો ॥ ઓસ બુંદ જબ લગે તા-વડા, ઢલક જાયે ઢલકો ॥ ૪ ॥ પરનારીકો સનેહ કરતાં, ધન જાશે ઘરકો ॥ દૂજા દેખકર કરે ખુવારી, જબ વનમેં ભટક્યો ॥૫॥ ॥૫૯॥

## સ્વારથવિષે લાવણી.

॥ કોન જગતમેં તારા ચેતન, કોન જગતમેં તારા રે ॥ અપને અપને સ્વારથકે બસ, બિન સ્વારથ હોય ન્યારા રે ॥ કોન૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ સ્વારથેં માત સપુત્ત બોલાવે, જીજી કર કહે દારા રે॥ વીર કહે ભગિની નિજ સ્વાર્થે, લાગે પિતાકું પ્યારા રે ॥ કોન૦ ॥ ॥ ૨ ॥ હય ગય રથ પાયક ધન પરધન, કોઇ ન રાખન હારા રે ॥ કાલ બેહાલ સબહીકું કરતે, કરતા મુખ પોકારા રે ॥કોન૦॥ ૩ ॥ ઇં-દ્રજાલ સુપના સમ જાના, જૂઠા જગત પસારા રે ॥ સેવો ચરણ કોઈ સંત જનોકે, જીવ હોવે નિસ્તારા રે ॥ કોન૦ ॥ ૪ ॥ ॥ ૬૦ ॥

## અથ નવપદજીની લાવણી.

॥ જગતમેં નવ પદ જયકારી, પૂજતાં રોગ ટલે ભારી ॥ એ આંકણી ॥ પ્રથમ પદ તીર્થ પતિ રાજે, દોષ અષ્ટાદશકું ત્યાજે ॥ આઠ પ્રાતીહારજ છાજે, જગત પ્રભુ ગુણ બારે સાજે ॥ દોહા ॥ અષ્ટ કરમ દલ જીતકે, સકલ સિદ્ધ તે થાય ॥ સિદ્ધ અનંત ભજો બીજે પદ, એક સમય શિવ જાય ॥ પ્રગટ ભયો નિજ સ્વરૂપ ભારી ॥ જગત૦ ॥ ૧ ॥ સૂરિ પદમેં ગૌતમ કેશી, ઊપમા ચંદ્ર સૂરજ જૈસી ॥ ઊગાર્‍યો રાજા પરદેશી, એક ભવમાંહે શિવ લેશી ॥ દોહા ॥ ચોથે પદ પાઠક નમું, શ્રુત ધારી ઊવઝ્ઝાય ॥ સવ્વે સાહુ પંચમ પદેં, ધન્ય ધન્નો મુનિરાય ॥ વખાણ્યો વીર પ્રભુ ભારી ॥ જગત૦ ॥ ૨ ॥ દ્રવ્ય ખટકી શ્રદ્ધા આવે, સમ સંવેગાદિક પાવે ॥ બિના એ જ્ઞાન નહિં કિરિયા, જૈન દરસનસેં સબ તરિયા ॥ દોહા ॥ જ્ઞાન પદારથ સાતમે, પદમેં આતમરામ ॥ રમતાં રમ્ય અધ્યાતમેં, નિજ પદ સાધે કામ ॥ દેખતા બસ્તુ જગત સારી ॥ જગત૦ ॥ ૩ ॥

જોગકી મહિમા બહુ જાણી, ચક્રધર છોડી સબ રાણી ॥ જતિ દશ-ધરમેં કરી સોહે, મુનિ શ્રાવક સબ મન મોહે ॥ દોહા ॥ કરમ નિ-કાચિત કાપવા, તપકૂઠાર કરધાય ॥ ક્ષમાશું નવમું પદ ધરે, કર્મ મૂલ કટ જાય ॥ ભજો તુમ નવપદ સુખકારી ॥ જગત૦ ॥ ૪ ॥ શ્રી સિદ્ધચક્ર ભજો ભાઇ, અચામલ તપ નીધિ થાઇ ॥ પાપ ત્રિહું જોગેં પરિહરજો, ભાવ શ્રીપાલ પરેં કરજો ॥ દોહા ॥ સંવત ઓગણી સત્તરા શોમેં, જે પોષી શ્રી પાસ ॥ ચઇતર ધવલ પૂનમ દિનેં, સકલ ફલી મુઝ આશ ॥ બાલ કહે નવ પદ છબી પ્યારી ॥ જગત૦ ॥ ૫ ॥ ૬૧ ॥

## શ્રી શાંતિનાથજીની લાવણી.

॥ શહેર જુનેમેં શાંતિ બિરાજે, અંગભર ફૂલનકી માલા ॥ અ-ગડબમ અગડબમ નોબત વાજે, ઘંટ વાજતા ચોતાલા ॥ ગજપુર નગરીમેં તેરા જનમ હે, ઘેર ઘેર મંગલ સબ ગાવે ॥ ઇંદ્રલોકથી ઇંદ્ર ઇંદ્રાણી, ઊચ્છવ કરનેકું આવે ॥ ચાલીશ ધનુષ સોવન તેરી કાયા, મૃગલાંછન તોરે પાયા ॥ વિશ્વસેનકે કુલમેં શોભિત, માતા અચિ-રાકે જાયા ॥ સરગ મરત પાતાલ ત્રિલોકમેં, હુવા જોતકા અજુવાલા ॥ ॥ અગડ૦ ॥ ૧ ॥ કેસર ચંદન ઘણાં ઘસીને, પૂજા કરૂં જિનેસરકી ॥ અનુપમ આંગી ખૂબ બની હે, જાગી જ્યોત રાજેસરકી ॥ અશરણ શરણ પતિત દુઃખ વારણ, કરૂણા સાહેબ તુમ્મ ધણી ॥ મુઝ કરણી શુભ મતિ જો જાગે, કૃપા કરો મોરી ભક્તિ ઘણી ॥ તેરે નામસેં ન-વનિધિ પાવે, શાંતિ નાથજી મત વાલા ॥ અગડ૦ ॥ ૨ ॥ આંગી તેરી અજબ બની હે, શાંતિનાથ સાહેબ મેરા ॥ જડાવકી તુમ શોહે ટીલડી, હીરા ચલકતા હે ચોફેરા ॥ અંગભર ફૂલન જટા બની હે, ચમર ઊડતા ચોફેરા ॥ ધૂપધાણુ ઓર જાત બની હે, શિર સોહે મોતી તોડા ॥ નવરતનકા હાર ગલેમેં, જેસા ચંદ્રકા અજુઆલા ॥ લગી જ્યોત તેમ જોત જગતમેં, દીપ તેજકા અજુવાલા ॥ અગડ૦ ॥ ૩ ॥ તેરે નામસેં સબ જુગ મહિમા, ધન્ય તુમારી કરણીકું ॥ શાં-તિનાથજી મેં સેવક તુમારા, મેરી લાજ અપને ધરકું ॥ શાંતિ કરોને

રે શાંતિનાથજી, સમરણ કરતા સબ તેરા ॥ સમી[illegible] હોતી [illegible] રતી, શ્યામ મૂરત દીસે પ્યારા ॥ આરતિ ઉતારે આનંદ ગ[illegible], બાજે મૃદંગ ગડતાલા ॥ અગડ૦ ॥ ૪ ॥ પૂજા કરૂં રે પ્રભુ સાહેબ મેરા, ચરણ પખાલું મેં તેરા ॥ જનમ મરણકા ભય નિવારો, તારો ભવ સાયર ફેરા ॥ લખ ચોરાસી ભવમેં ભમિયો, જેસા ઘાણીકા ફેરા ॥ શાંતિ નાથ મોહેં પાર ઉતારો, ગરીબ ચાકર મેં તેરા ॥ ભાનુચંદકે ભયનિવારો, બાજે જીતકા ઘડિયાલા ॥ અગડ૦ ॥ ॥ ૬૨ ॥

## નવપદજીની લાવણી.

॥ ધર સુમતિસેં ધ્યાન, ચેતન સંવરમેં રખનાં ॥ નવપદ શ્રી નવકાર મંત્ર શ્રી, ધરી ધરી જપનાં ॥ એ આંકણી ॥ કયા કહું મેં તારિફ નવ પદ, જવાબ બડા ભારે ॥ નહિં આદ નહિં અંત જીનોંકા, નહિં લગતા પારેં ॥ પહેલે પદ અરિહંતા, ઓભગવંતા જયકારે ॥ જપો નામ તુમ ઊનકા, જિનસેં હોવે ઊદ્ધારે ॥ કટે પાપકા મૂલ બિઘન સબ, હો જાવે દૂરેં ॥ અનંત અનંત કર્મકે થોકરે, હો જાવે ચૂરે ॥ ભવો ભવકે પ્રાશ્ચિત સારે, જાવે મિટકારે ॥ શાશ્વતા એ મંત્ર જિનોમેં, બડા ચમત્કારે ॥ જિસ દિન જપનાં જાપ ધ્યાન શ્રી અરિહંતકા ધરનાં ॥ નવ૦ ॥ ૧ ॥ નમો સિદ્ધ ભગવંતા ઓ હે, અલેપ કિરતારે ॥ નહિં રંગ નહિં રૂપ જિનોમેં, નહિં કુછ આકારે ॥ નહિં ચક્ષુ નહિં જિભા નહિં ઓ, નાસા શ્રોતારે ॥ નહિં પાદ નહિં પાની નહિં ઓ, કરતા ભુક્તા રે ॥ ચઊદ રાજકા અગ્રભાગમેં, હે સિદ્ધ શિલ્લા રે ॥ ઇષદ્‌ભારા નામ કહેતે, સિદ્ધાંત અંદરે ॥ એહે સિદ્ધ શિલ્લાકા નામ હૈ, તુમ સુનકરકે લેનાં ॥ નવ૦ ॥ ધર૦ ॥ ૨ ॥ પીસતાલીશ લાખ જોજન હૈ, ઊનકા પરિમાણે ॥ જોજનકા ચોવીસ ભાગ એક, ઊપરસેં લેને ॥ આવે જાવે ના આપ આપકી, ઓઈ જગ્યો મ્યાને ॥ ઊહાં રહે અધર માહારાજ નહિં, કુછ પાણી પવને ॥ નાહિં ક્રોધ નહિં કષાય નાહિં ઓ, કરતે ભગવાને ॥ એક હજાર ઓર આઠ ગુનોસેં, બિરાજે ભગવાને ॥ ભરે સુખ ભરપૂર નાહિં સંખ્યાકા પરિ-

માણુા ॥ નવ૦ ॥ ધર૦ ॥ ૩ ॥ નમો પદ આચારજ પ્રાયશ્ચિત, જાવે ભવ ભવ કે ॥ એ આપ બડે માહારાજ જીતતા, પાંચો ઇંદ્રીકે ॥ નવ બ્રહ્મચાર પાલનેવાલે, પંચ માહાવ્રતકે ॥ પંચ સમિતી તીન ગુપતી ગુન, છત્રીસ હે ઊનકે ॥ સુધર્મા સ્વામી જંબૂ સ્વામી, બોત ગિનતી ઊનકે ॥ કરૂ વંદના ઊનકુ પ્રાશ્ચિત, જાવે ભવ ભવકે ॥ આચારજ પદ જપોને અવિચલ, અક્ષય સુખ પાના ॥ નવ૦ ॥ ધર૦ ॥ ૪ ॥ ઊપાધ્યાયજી ભગવાન મેરા સત, ગુરૂ સબસેં બંકા ॥ નમસ્કાર મેં કરતા ચોથે, પદમેં નામ જિનકા ॥ આચારંગ સુગડંગ ઠાણુંગેં, સમવાયાંગ કરણુકા ॥ ભગવતી જ્ઞાતા ઊપાસગ અંતગડ અનંતરઊવવાઈકા, પરસન વ્યાકરણુ વિપાક નામ, સુનો બાર સૂત્રકા ॥ ચોલના ઓર પ્રતિ ચોલના, અભ્યાસ હે ઊનકા ॥ નવ પલ્લવ કર દેવે મૂર્ખકું, એસે ગ્યાન ગુરૂકા ॥ આચારજ કે જેસે હોઈ, મેરે સતગુરૂકુ કહેનાં ॥ નવ૦ ॥ ધર૦ ॥ ૫ ॥ નમો લોએ સવ્વ સાહૂણં, નમસ્કાર કરનાં ॥ સાધુ મુનિરાજ કેસે ઊનકે, ગુન તુમ સુન લેનાં ॥ અઢી દ્વીપકે મ્યાને પંદર, ખેતર સુનલેનાં ॥ ઓ પંદર ખેતરકે સાધુ ઊનકો, નિત્ય વંદન કરનાં ॥ પંચ સમિતિ સમતા તીન, ગુપ્તિસેં ગુપત રહેનાં ॥ છક્કાયકે પીઅર પંચ, મહાવ્રતકું પાલના ॥ નવ પ્રકારકે પરિગ્રહોંસોં, ઊનકું ત્યાગ દેનાં ॥ સ્ત્રી ઔર લક્ષ્મી રાજ રિદ્ધિ સબકું છોડ દેનાં ॥ અખય પદકે ખાતર સંયમ, સાધનકું ચાહાનાં ॥ નવ૦ ॥ ધર૦ ॥ ૬ ॥ પાંચ પદ તો કહે ઓર દૂસરે, પદ હોંઇગે ચારે ॥ સુનો નામ તબ ઊનકા કહેતા, સારા બિસતારે ॥ એસો પંચ નમુક્કારો, નવ પદ અંદરે ॥ એ પાંચો ભગવાન કહે તજી, ઊંવાં નમસ્કારેં ॥ મંગલાણું ચ સવ્વેસિં નિરમલ, કારી કિરતારે ॥ પઢમં મંગલં હવઇ મંગલં, નવ પદ હુવે પૂરે ॥ ઊનકે ગુન તુમ ગ્રહો ને ઉતરો, ભવ સાગર પારે ॥ એ પાંચોકે નામ રતનસેં, પાપ હુવે દૂરે ॥ ચઊદ પૂરવકા સાર મંત્ર નવ, કાર સુન લેનાં ॥ જો નર ભજે દિન રેન

હોવે, મુક્તિસેં મિલનાં ॥ નવ પદ શ્રી નવકાર મંત્ર, શ્રી ઘરી ઘરી જપનાં ॥ ધર૦ ॥ ૭ ॥ ॥ ૬૩ ॥

## કેશરીયાજીની લાવણી.

॥ શ્રીઋષભદેવ મહારાજ કેસરીયા, બેઠા પાહાડોમેં ॥ કેસરી૦ ॥ આસ પાસ ગુલજાર જડી, લગ રહી પાહાડોમેં ॥ એ આંકણી ॥ ટૂક ટૂક પર હે ધજા ધજા પર, ચોકી ભિલ્લનકી ॥ સબ શ્રાવક મિલ પૂજા કરતે, કેસર ચંદનકી ॥ શ્રી૦ ॥ ૧ ॥ ખાસા દેવલ બન્યા દેવલ પર, કલ્લી ચડવાઇ ॥ અષ્ટ દ્રવ્ય લેઇ પૂજા કરતે, ઊઘોત સવાઈ ॥ શ્રી૦ ॥ ॥ ૨ ॥ સેત્રુંજા ગિરનાર જીવ તુમ, અષ્ટાપદ જાનાં ॥ સોનગિરિકે દરસન કરકે, ચંપા પુરી આનાં ॥ શ્રી૦ ॥ ૩ ॥ ચંપાપુર ઓર પાવા પુરજીવ, સમેત શિખર જાનાં ॥ મુક્તાગિરિકે દર્શન કારકેં, આબૂજી આનાં ॥ શ્રી૦ ॥ ૪ ॥ રાયણપુર ઓર ગઢ આબૂજી, માર્ગે તુંગી ગિરિ જાનાં ॥ મગસીજીકે દરિસન કરીકેં, ગોડીજી આનાં ॥ શ્રી૦ ॥ ॥ ૫ ॥ શ્રીશંખેશ્વર દરિસન કર ચલ, તારંગે જાનાં ॥ પુરપટ્ટણકે દરસન કરકેં, કલ્લીકુંડ આનાં ॥ શ્રી૦ ॥ ૬ ॥ સબ તીરથકી કરી જાતરા, ઘરકું બી જાનાં ॥ કહે શ્રી ગંગાદાસ ભાઈ વાણી, ભગવતકી લેનાં ॥ શ્રી૦ ॥ ૭ ॥ ॥ ૬૪ ॥

## જિનપૂજારૂપ હોરી ખેલની લાવણી.

॥ ફાગુણ મહીના ફાગમેં હોરી ખેલનાં, નાભિનંદા હો નંદકે સરનમેં રહેના ॥ ચૂવા ચંદન ઓર અરગજા કેસર ઘસનાં, કેસરસેં કરો જિન પૂજા ॥ નાભિનંદા હો નંદ બડે મહારાજા ॥ તુહીં તુહીં તુહીં બિના નહીં દૂજા ॥ પ્રીતમ પ્યારા તે પ્યારા પ્રાણ જીવને, કરતા બંદગી તેરી, બંદગી દીલકે મીયાને, ભવિજન ભાવેં ભાવસેં ને પૂજા કરનાં ॥ નાભિનંદા હો૦ ॥ ફાગુન૦ ॥ ૧ ॥ ગુણીજિન ગાવો તુમ ગાવો જિનકે ગુણે, આસા તૃષ્ણા તૃષ્ણાકું તજો અભિમાને, સીયલ સમતા સમતાસેં ધરનાં ધ્યાને ॥ દુર્લભ ધર્મ હો ધર્મ પાયા

પુણ્યેં, એસા અવસર હો અવસર ફરિ નહીં આવે ॥ દેવગુરૂ ભક્તિ ભક્તિ જુગતિ નહીં પાવે ॥ ચેતન ચેત ચેત કર રહેનાં ॥ નાભિનં૦ ॥ ॥ ફાગુન૦ ॥ ૨ ॥ અબીર ગુલાલ ગુલાલ ઓર ખસબોઇ, ફુલ લેનાં કેતકી ને જાઈ જૂઈ ॥ ચંપો ડમરો ડમરો મોગરો સહી, આંગીઆં રચાવો રચાવો પ્રભુકે તોઇ ॥ જાસુલ લેનાં તુમ લેનાં કમલ લાલે ॥ માલતી મચકુંદ મચકુંદ ચમેલી ફુલેં ॥ સતર ભેદેં ભેદેં તુમ પૂજા કરનાં ॥ નાભિ૦ ॥ ફાગુન૦ ॥ ૩ ॥ દ્રવ્યભાવેં ભાવસેં હોરી ખેલના, અષ્ટકર્મ હો કર્મ જલાકર દેનાં ॥ મોહ માયા માયા મમતા પરિહરના ॥ સદગુરૂ ગુરૂકે ચરન ચિત્ત ધરનાં ॥ સંસાર સુપનાં સુપનાં માંગ તુમ જાનો, દેવ ગુરૂ ધર્મ તુમ ધર્મકું પીછાનો ॥ ભવિકા ભાવેં ભાવસેં ને ભક્તિ કરનાં ॥ નાભિ૦ ॥ ફાગુન૦ ॥ ૪ ॥ ॥ ૬૫ ॥

## ઊપદેશની લાવણી.

॥ કુમતિકી સંગત નાહિં કરિયેં રે ॥ કુમ૦ ॥ સંગત કરિયેં ઐસી સદ્ગુરૂકી, ભવજલનિધિ તરિયેં ॥ ગુરૂ વિના ગ્યાન ધ્યાન નહીં સૂજેરે ॥ ગુરૂ૦ ॥ સદ્ગુરૂ સમ નાહિં કોઇ જગમેં, મૂરખ પ્રતિ બૂજે ॥ ભક્તિ બહુ ભાવો ॥ મહારાજ ભક્તિ બહુ ભાવો, મુક્તિમેં ફાવો ॥ સેવન શુદ્ધ વિનય વિધ કરિયેં રે ॥ સેવન૦ ॥ સંગત૦ ॥ ૧ ॥ સદ્ગુરૂ શબ્દ દીએ ઐસા રે ॥ સદ્ગુ૦ ॥ ઓઁ -હ્રીઁ શ્રીં અરિહંત જપો જન, લહો સિદ્ધિ જગત તૈસા ॥ ચિદાનંદ ધ્યાવો ॥ મહારાજ ચિદાનંદ ધ્યાવો ॥ પરમ સુખ પાવો ॥ જેમ ચોરાશીમેં ન ભમિયેં રે ॥ જેમ૦ ॥ સંગત૦ ॥ ૨ ॥ સદ્ગુરૂ શીખ દીએ તે સાચી રે ॥ સદ્ગુ૦ ॥ ક્રોધ માન મમતા પરિ હરિયેં, કાયા એ કાચી ॥ અમર નહીં કોઈ ॥ મહારાજ અમર નહીં કોઈ ॥ જગતમેં જીવન જોઈ ॥ દયા ધર્મ દિલ બિચ ધરિયેં રે ॥ દયા૦ ॥ સંગત૦ ॥ ૩ ॥ જોબન ધન થિર નહીં રેહેનાંરે ॥ જોબન૦ ॥ ખલક ખજાનાં ખીણુ નહીં ખૂટે, હલક હોય જાનાં ॥ સંચો મત કોઇ ॥ મહારાજ સંચો મત

કોઇ ॥ સુકૃત કર સોઇ ॥ કાહેકું કૃપણુ ચિત્ત કરિયેં રે ॥ કાહેકું૦ ॥ ॥ સંગત૦ ॥ ૪ ॥ સબે હૈ સ્વારથકે મીતા રે ॥ સબે૦ ॥ તપજપ દેવ ગુરૂકી સેવા, એહ પરમારથ ચિત્તા ॥ જગતપતિ જાચો ॥ મહારાજ જગતપતિ જાચો ॥ મદભરેં મમતા મત માચો ॥ જિન સમરણુ ચિત્ત ધરિયેં રે ॥ જિન૦ ॥ સંગત૦ ॥ ૫ ॥ કહે રંગવિજય સુણુ પ્રાણી રે ॥ કહે૦ ॥ ધંધા સબે સંસાર તણા, તજી સદ્દ હો જિનવાણી ॥ સુણો જિન કરણી ॥ મહારાજ સુણો જિન કરણી ॥ શિવપદ નિસરણી ॥ સેવો રે જિન ચરણા, જિમ અજર અમર પદ વરિયેંરે ॥ જિમ૦ ॥ સંગત૦ ॥ ૬ ॥ ॥ ૬૬ ॥

## શ્રી શાંતિનાથની લાવણી.

॥ શ્રી શાંતિનાથ મહારાજ બિરાજે, માંડવગઢ માંહિ ॥ સરવ ધાતુકી મૂરત ખાસી, દરસનકે ત્યાંહિ ॥ શાંતિ૦ ॥ ૧ ॥ બોલુ દોલુ બાવન દેવરા, બીચ જિનેસરજી ॥ માનભદ્ર મહારાજ ખડા હે, શોભા દરશનકી ॥ શાંતિ૦ ॥ ૨ ॥ દેશ દેશકે આવે જાતરા, દરશનકે ત્યાંહિ ॥ સુંદર મૂરત ખૂબ રચના, માંડવ ગઢમાંહિ ॥ શાંતિ૦ ॥ ॥ ૩ ॥ દેખ સુપના તેરે દર્શન આયા, માંડવ ગઢમાંહિ ॥ શો મણુ તો ઘી ચઢાયા, દીપકકે માંહિ ॥ શાંતિ૦ ॥ ૪ ॥ ઊડુંધ્ર સીકા પંચ આયા, માંડવગઢ માંહિ ॥ અષ્ટ દરવકી પૂજા કરકેં, ગિનાત જમવાઈ ॥ શાંતિ૦ ॥ ૫ ॥ સેવક અરજ કરે કર જોડી, મૂરતિ મેં માગી ॥ શાંતિનાથ દુર્બલકે દાતા, જનમ મરણુ ત્યાગી ॥ શાંતિનાથ૦ ॥ ૬ ॥

## લાવણી.

॥ તેરી સુરત સોહેણી દેખ, મેરા મન હરખે ॥ તેરે દરશનકું મેં, નિત્ય ઊઠ આવું તડકે ॥ તેરે મસ્તકેં મુગટ, કાનમેં કુંડલ લટકે ॥ તેરે બાજુબંધકી ઝળક, મેરે મન અટકે ॥ કોઇ પડે કરીકે જોડ, હાથ બિચ દમકે ॥ મેરે પાપ હુવે સબ દૂર, દેખ કર તનકે ॥ એ નંદીવર્દ્ધન સુરપેં કિરપા કરકેં ॥ એ ધર્મદાસ તેરા ગુન ગાવે હરખેં ॥ ૧ ॥

## લાવણી.

॥ સિદ્ધ નમો અરિહંત નમો વલી, આયરિયા ઊવઝ્ઝાય નમો ॥ નમો નમો સબ સાધુ નિરંજન, કેવલિ કહ્યા જિન ધર્મ નમો ॥ સિદ્ધ૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ બાર દેવલોકેં નવ ગ્રૈવેયકેં, પંચ અનુત્તરેં ચૈત્ય નમો ॥ ભુવનપતિ વ્યંતર નંદીશ્વર, શાશ્વતાશાશ્વત ચૈત્ય નમો ॥ સિદ્ધ નમો૦ ॥ ૨ ॥ શત્રુંજય અષ્ટાપદ ગિરનારેં, પાવા ચંપા સમેત શિખર નમો ॥ ચતુર્વિધ શ્રીસંઘ મંગલ ભણતા, ભક્ત ભણે નિત્ય નિત્ય નમો ॥ સિદ્ધ૦ ॥ ૩ ॥ ॥ ૬૯ ॥

## શ્રી માહાવીર સ્વામીના પારણાની લાવણી.

॥ માતા ત્રિશલા ઝુલાવે નંદનકું રે, ઝુલાવે માહાવીરકું ॥ તીનો ભુવનકે નાથ, ઝુલ રહે પારણેકું ॥ મણિ કંચનકે પારણે, દોરી હે રેસમકી રે ॥ દોરી૦ ॥ ઘુઘરૂ બાજે છુમ છુમ, કયા શોભા કહું ઊનકી ॥ સો રહે આપ ભગવાન, નહિં ઈચ્છા ધાવનકી રે ॥ નહીં૦ ॥ અંગુષ્ઠમ્યાને અમરિત ચૂસ, રહે સ્વાદ ઊનકી ॥ એ સ્વાદકી સુગંધ, ચલતી ફૂલ કમાનકી રે ॥ ચલ૦ ॥ સુવર્ણવર્ણી કાયા જેસી, બન રહિ કંચનકી ॥ દેશી ફેંકની ॥ એસી ક્યા શોભા કહું ઊનકી, કહેતા નહિં લગતા પાર ॥ એસે અનંત બલકે ધણી, સો કરન હાર કિરતાર ॥ ચોસઠ ઈંદર, સબ નમતે હે ઊનકું રે ॥ સબ૦ ॥ તીનો૦ ॥ ॥ ૧ ॥ સૌધરમા ઈંદરને, બોલવાયે કુબેરકું રે ॥ બોલ૦ ॥ નિરધનીયાકા ધન લે જાવો, સિદ્ધારથ ઘરકું ॥ ધન લાવ લાવ કરને, ભર દિયે ઊનકે ઘરકું રે ॥ ભર૦ ॥ સિદ્ધારથ રાજા ફિર, બિચારતે દિલકું ॥ એ સબી પુન ઊનકે, કેહેતે હે ત્રિશલાકું રે ॥ કહેતે૦ ॥ જે જે હુવા મંગલ દીપક, અપને રે કુલકું ॥ દેશી ફેંકની ॥ બોત બધારા દેખકર, ઊલટ ભયા દિલ રાજાકા ॥ વરધમાન કુંવરકા નામ લીયા, નહિં પાર પરાક્રમકા ॥ આન બડે બડે રાજા, સબ નમતે હે ઊનકું રે ॥ સબ૦ ॥ તીનો૦ ॥ ૨ ॥ પાંચ બરસ કે હુવે, વર્દ્ધમાન

કુંવરે રે ॥ વર૦ ॥ રમત રમતે આયે, સભાકે અંદરે ॥ [illegible] કે દિલકું, નંદન લગતે પ્યારે રે ॥ નંદન૦ ॥ ભણુનેકે [illegible] અબ, [illegible] કનાં નીશાલેં ॥ વરઘોડા કીયા તૈય્યાર, ગજઘોડે શણગારે રે ॥ [illegible] ॥ નંદનકું બેઠાય, હય હસ્તીકે ઊપરેં ॥ દેશી ફેંકની ॥ બાજિંત્ર બોત બાજ રહ્યા, નીકલતા સુરતાન ॥ લીલે પીલે નિશાન, પંચરંગી ઊહાં ઊડે બોત નિશાન ॥ ભણુ રહે આપ ભગવાન, કોન ભણાવતે ઊનકું રે ॥ કોન૦ ॥ તીનો૦ ॥ ૩ ॥ સબી બાલક લે કર સંગ, નંદન ચલે રમનેકું રે ॥ નંદન૦ ॥ ઇંદરકી સભામેં, વરણાવતે ઊનકું ॥ એક દેવ ઊઠા ઊહાંસેં, આયા ફિર પૃથ્વીકું રે ॥ આયા૦ ॥ બડા ભોરીંગ બનકર, લપટાયા વૃક્ષકું ॥ બાલક લગે બિહીને ॥ લગે પોકાર કરનેકું રે ॥ લગે૦ ॥ વર્દ્ધમાન કુંવરે, ફિર ફેંક દિયા ઊનકું ॥ દેશી ફેંકની ॥ ઊહાંસે બાલક બન ગયા, લગા ઊસમેં રમને ॥ આપ હાથસેં દાવલિયા સો, કોઈ નહિં જાને ॥ રમત રમતે, કયા બિચારતે દિલકું રે ॥ કયા૦ ॥ તીનો૦ ॥ ૪ ॥ ફિર ઊસી દેવનેં, બેઠાયે ખંધ પરેં રે ॥ ॥ બે૦ ॥ લંબી કીધી કાય, રૂપ કીયાજ વિકરાલે ॥ બાલક લગેં બિહિને, કરતે સબ પોકારે રે ॥ કરતે૦ ॥ અપને નંદનકું લે, ચલે ગગન પરેં ॥ ફિર અવધિ છોડ કરને, દેખા દિલ અંદરેં રે ॥ દેખા૦ ॥ એહ દેવનકી જાત, મૂકી ઊઠાઈ ઊન પરેં ॥ ફિર કીયા મૂકીકા પ્રહાર, દેવ ગયે સમાકરે રે ॥ દેવ૦ ॥ એ ઊનકા બલ દેખ કર, નામ લીયાજ મહાવીરે ॥ દેશી ફેંકની ॥ એસા બલ દેખકર, દેવગયે ઇંદ્રાસનકું ॥ મહાવીર નામ લિયા સો, કેહેતે ઇંદરકું ॥ એ બોહોત કહે બિસ્તાર, મેં કયા કહું તુમકું રે ॥ મેં કયા૦ ॥ તીનો૦ ॥ ૫ ॥ ॥ ૭૦ ॥

## શ્રી મહાવીર સ્વામીની લાવણી.

॥ ઊત્તમ જીવ જદ ઊદર આયે, હુવે સપના ઊનકી માતાકું ॥ તેજવંત નહિં છુપકર રહેતા, માલમ પ્રડતા હે સબકું ॥ ચોવીશી તો હો ગઇ થારો, જિનશાસન જિનકા ચલતા ॥ કોન પુરૂષોંકું યાદ કરૂં મેરે, રૂવે રૂવેમેં રમ રહેતા ॥ દેવાનંદા બ્રાહ્મણકે ઘર, પ્રથમ ગ-

રભ ઊનને લીયાથા ॥ મહા સુખમેં બેઠે ઈંદર, આસન ઊનકા કંપાથા ॥ ફિકર હુઇ ઈંદર રાજાકું, વિચાર દિલમેં કરતાથા ॥ અવધ છોડ કર દેખા ઈંદ્રને સબ, ઊનકું માલમ પડતાથા ॥ દેશી ફેંકની ॥ દેખા તીર્થંકર બ્રાહ્મણ ઘરકું, ફિકર હુઇ ઈંદર રાજાકું ॥ બોલાવે હરણગમી દેવતાકું, લે જાઓ ગરભ ત્રિશલા ઘરકું ॥ અશુભ નિદ્રા ઢાલી, ગરભ હર લે ચલે ઊનકે ઘરકું ॥ તેજવંત નાહિં છુપકર રહેતા, માલમ પડતા હે સબકું ॥ ૧ ॥ ગરભ બદલ કર ચલે હરણગંમી, આય બેઠે ફિર આસનકું ॥ ચઊદ સુપન ફિર માતકું દેખે, જૂદે જૂદે કેહેતે તુમકું ॥ પહેલે સુપન ગજવર દેખા, રિષભ સિંહ કહેતા તુમકું ॥ ચોથે લછમી માતા આઇ, પાંચમે પુષ્પકી માલાકું ॥ છઠ્ઠે ચંદ્રમા સાતમે સૂરજ, આઠમે દેખી ધજાકું ॥ નવમે કલસ અમીયભરેલા, પદમ સરોવર કહે તુમકું ॥ દેશી ફેંકની ॥ અગીયારમે ખીરસાગર દેખા, બારમે વિમાન તુમ કર લ્યો લેખા ॥ તેરમે રતનકી કરો પરીક્ષા, ચઊદમે અગ્નિશિખાકું દેખા ॥ સુપન દેખ કર રાણી જાગી, કહેને લગી સ્વામીકું ॥ તેજવંત નહિં છુપ કર રહેતા, માલમ પડતા હે સબકું ॥ ૨ ॥ બડી ફજર હુઇ. ઊઠ સિદ્ધારથ, પૂછે સુપન પાઠકકું ॥ ગ્યાન ધ્યાનસેં બોલ્યા પાઠક, ઊત્તમ જીવ આયા ઊદરકું ॥ તીન ભુવનકે નાથ ચક્રી, હોવેંગા કહેતા તુમકું ॥ પૂરણ માસેં જનમ લિયાથા, સિદ્ધારથ રાજા ઘરકું ॥ ઓચ્છવ મોચ્છવ કારણ ઈંદર, લે ગયે ફિર મેરૂકું ॥ છોટી કાયા દેખી ઊનોકી, સંશય ઊપના ઈંદરકું ॥ દેશી ફેંકની ॥ તીન જ્ઞાન ઊદરસેં આયે, પગકે અંગૂઠે મેરૂ ડગાયે ॥ ફિર તીર્થંકરકું નવરાયે, પીછે સિદ્ધારથ ઘરકું લાયે ॥ સાત હાથકી કાયા ઊંચી, ઊત્તર ફાલ્ગુણ નખેતરકું ॥ તેજવંત નાહિં છુપકર રહેતે, માલમ પડતા હે સબકું ॥ ॥ ૩ ॥ સોવન વરણી કાયા જિનકી, જંઘપર સિંહકા લંછના ॥ મહા પરાક્રમ અનંત બલવંત, લોહી દૂધકા હે વરણા ॥ માગશર સુદિ દશમીકે દિને, સંજમ લિયા મહાવીરને ॥ બાર વરસ લગેં મૌન

રહે ફિર, કરમ ઊડા દીયા ભગવાને ॥ વૈશાખ શુદિ દશમીકે દીને, ભયાથા કેવલ જ્ઞાને ॥ ઊસદિન દેશના ખાલી ગઈ જબ, કોઇ ન લિયે વૃત્ત પચ્ચખ્ખાણુ ॥ દેશી ફૈંકની ॥ અગિયાર ગણુધર સંગ જિનુંકે, ચઊદ હજાર સાધુ હે ઊનકે ॥ છત્રીસ હજાર સાધવી સબ મિલકે, સાચે દાખલે હે સિદ્ધાંતકે ॥ કવિ ગિરધર લાલ હૈ સૂરતકે, હુઈ સદ્‌ગુરૂકી મેહેર સદામેં, યાદ કરૂં ઊન પુરૂષોકું ॥ તેજવંત નહિં છુપકર રહેતે, માલમ પડતા હે સબકું ॥ ૪ ॥ ॥ ૭૧ ॥

## સંસાર ઉપર લાવણી.

॥ ભાઇ કલકી ખબર નહિં કીસી, ઘડીમેં કયા હોનેવાલા ॥ પણુ ચેત ચેત મન ચેતન પ્યારે, અબ અવસર મિલનાં ॥ એ આંકણી ॥ ભાઈ ચેત શકે તો ચેત, મૂઠી ભર લે હીરૂંકી ॥ પણુ રતન ચિંતામણુ હાથ આયા હે, કર જતના ઊનકી ॥ ભાઈ જાન હોત કયું અજાણુ હોતા, એ બાતા કિનકી ॥ પણુ સ્ફટિક મણિકું છોડ, ખરીદ કયું કરતા પથરૂંકી ॥ દેશી ફૈંકની ॥ ચેતો ચેતો મેરે યાર, રખો જિનજીસેં પ્યાર ॥ હોજાઓ ગાનોસેં તૈયાર, સુખ અનંત અનંત પાવોગે ॥ કરો દયાધર્મ વેપાર, લાભ હો જાવે અપાર, જીનુંસેં હોવેગા ઉદ્ધાર, એસે ભવસાગર તરોગે ॥ એસી બાતાં હી રાખો હિરદે, ખોલદો વજર કપાટ તાલા ॥ પણુ અષ્ટ કરમ ચકચૂર, કરત કોઈ ચેતનનીરેઆલા ॥ ભાઇ કલકી ખબર નહિં કીસી ઘડીમેં કયા હોને વાલા ॥ ૧ ॥ ભાઈ ધરમ કરો કુછ ધ્યાન, બાતાં જૈનોકી ઝીણી ॥ પણુ દશ બોલે સંસાર, પાવે કોઈ સુકૃતકી કરણી ॥ ભાઇ ઊંચ ખેત્ર ઊંચ ધર્મ દૂધ ઓર, પુત્ર મિલે પ્રાણી ॥ પણુ પાંચ ઇંદ્રિકું વશ કરે, સદ્‌ગુરૂ મીલે જ્ઞાની ॥ દેશી ફૈંકની ॥ જાણુ પણા હે અજબ ચીજ, હૈ જિનોકે બિચ ॥ ઓર સબ હે કીચ સમજે કોઇ સુરતા ॥ એ સચ્ચી બાત માનો, મારગ શુદ્ધ પીછાનો, સમકિત ધારી હોવેગો સાણો, એહી પ્રગટ બાત કહેતા ॥ અબ આગેં સુણુ જાઓરે ॥ અબ આગેં સુણુ જાઓ બાત મરમકી ॥ મરમકી સમજે કોઈ બિરલા રે ॥

પણ જિનકું પાયા હે જ્ઞાન, ઔહી નર જપતા હે માલા ॥ ભાઇ કલ૦ ॥ ૨ ॥ એક પંથી પરદેશી ફિરતા, અટવી કે મ્યાને ॥ પણ દૂરસેં એક હસ્તી દેખા, બડાજ મસતાનેં ॥ જબ ધાક લગી દિલકું રે, ઓહી નર લગાજ ભાગનને ॥ પણ ભરી શ્વાસ નિઃશ્વાસ દોડતા, ગીરાજ કૂપ માને ॥ દેશી ફેંકની ॥ દેખો કેસી ગતિ હુઈ, મૂલી વડકી હાથ આઇ ॥ અંદર લટકતો હે ભાઇ, ઓ નીચેં દેખે ॥ અંદર ચાર હે ભુજંગ, એ તો બડે બરજંગ, દેખે સો હોયે ગાડંગ, ગીરેગા ઊનકે મુખમેં, ઓ કરે અંદેસા દીલમેં ॥ અકલ ગઇ હુવા રે ઘેલા, પણ કિસ તરેસેં નિકલું બહાર, મેરા કોન કરે રખ વાલા ॥ ભાઈ કલ૦ ॥ ૩ ॥ ઊપર મધુપૂડેકા ઘર, માંખીઆ લગી હે ચટકાને ॥ પણ બડી આપદા આઇ ઊસે, ફિર હોતી વેદાને ॥ ઊંવાસેં મધકા ટીપા ગીરા, આયા ભાઇ કે મુખ મ્યાને ॥ પણ લાલચ બૂરી બલા, ને અંતેં ખોવેગા જાને ॥ દેશી ફેંકની ॥ સુર વિદ્યાધર આવે, દુઃખ ઊનકા જાવે, શીર કે કહાવે, તું ચલ મેરા સંગ, તુજે બાહાર નીકાલે ॥ તુજે વિમાન બેઠાવે, તુજે દેવ લોકકું લે જાવે ॥ તું ચલે મેરી સંગ એસા બોલ ઊસ મૂલાપર ઊંદર એક કાલા એક ધોલા, એ દોને લગે કાતરને ગફલત, મત રહેનાં લાલા ॥ ભાઇ૦ ॥ ૪ ॥ એસા સુખી સકલ સંસાર, તુમ અમ દોનું હે ભાઇ ॥ પણ પિંડેસે ભરમ દેખલો, કરનાં ચતુરાઇ ॥ ભાઇ ભવરૂપી આ કૂવા, આઉખા રૂપી વડવાઇ ॥ પણ રાત દિન દો ઊંદર સમજો, સુરતા નર કોઇ ॥ દેશી ફેંકની ॥ કાલરૂપી હાથી મધપૂડા કુટુંબ સહુસાથી, જીવ હોવેગા પંથી, અટવી સંસાર જાણો ગુરૂ વિદ્યાધર કેહેના, ઊપદેશ વારંવાર લેનાં ॥ આપના કાનુંસેં સુનનાં, એહી પ્રગટ બાત કહેતા ॥ ધન ધન આગમ અરિહંતા ॥ તુમારી જ્ઞાનકી લીલા, પણ પીયો પ્રેમ રસ પ્યાલા, અનુભવ જાગે રે લાલા ॥ ભાઇ૦ ॥ ૫ ॥ ॥ ૭૨ ॥

## સિદ્ધગિરીની લાવણી.

॥ સિદ્ધગિરિ સિદ્ધગિરિ રે સિદ્ધગિરિ ॥ સિદ્ધગિરિને અમ-

રાપુરી, નહિ અધુરી, સુન જ્ઞાની ॥ સૂરજકુંડોકા નિર્મલ પાનીજી ॥ આદિનાથ રે આદિનાથ રે આદિનાથ ॥ આદિનાથ, અજિત અજિત પ્રભુ સાથ, સંભવ અભિનંદન મેવા ॥ તુમ હો દેવનકે દેવાજી ॥ સુમતિ૦ ॥ સુમતિ રે સુમતિ રે સુમતિ ॥ સુમતિ આપદા મિટિ, નિર્મલ હુઇ ગતિ આપ મેવા ॥ ભવો ભવ કરૂં તારી સેવાજી ॥ સુમતિ૦ ॥ દેશી ફેંકની ॥ દર્શનથી દુઃખ મિટ ગયા, બોત સુખ પાયા ॥ ભાવસેં જાત્રા ગયા, પાપ ગુમાયા ॥ દિલસેં રે દિલસેં રે દિલસેં ॥ દિલસેં શુદ્ધ ભક્તિસેં, ચોખે મનસેં, છોડ દે કપટકી બાની ॥ સૂરજ કુંડોકા નિર્મલ પાની જી ॥ સિદ્ધગિ૦ ॥ ૧ ॥ છઠ્ઠારે છઠ્ઠારે છઠ્ઠા ॥ છઠ્ઠા પદમપ્રભુ સ્વામી કહું શિર નામી, જી અંતરજામી, કરૂં પૂજા ॥ તરણ તારણમેં તુંઇ દૂજા જી ॥ છઠ્ઠા૦ ॥ સુપાસ રે સુપાસ રે સુપાસ ॥ સુપાસરે પૂરો મન આશ, ભવો ભવ દાસ, બજાઊં બાજા ॥ હાથમેં ચંદ્ર પ્રભુ રાજા જી ॥ સુપાસ૦ ॥ દેશી ફેંકની ॥ સુવિધિ જિન નવમા, નવમા માહારાજ જી ॥ શીતલ જિન દશમા, કહું દશમા માહારાજજી ॥ પ્રથમ રે પ્રથમ રે પ્રથમ ॥ પ્રથમ તલાટી ગયા, વંદના કીયા, નામતો લિયા, ઊનોસેં સફલ જિંદગાની ॥ સૂરજ૦ ॥ ॥ સિદ્ધ૦ ॥ ૨ ॥ શ્રેયાંસ રે શ્રેયાંસ રે શ્રેયાંસ ॥ શ્રેયાંસ ઓર વાસુ પૂજ્ય, વિમલ અનંત નાથ પ્યારા ॥ ગુણ મેં ગાઊં આજ તોરા જી ॥ ગુણવંતા ॥ ગુણવંતારે ગુણવંતારે ગુણવંતા ॥ ગુણવંતા ધર્મનાથજી, શાંતિ નાથજી, કુંથુનાથજી મોહનગારા, કાજ આજ ભક્તનકા સારાજી ॥ ગુણવંતા૦ ॥ દેશી ફેંકની ॥ અરનાથ જપું દિન રાત, મહારાજજી ॥ મલ્લિ જિન મુનિસુવ્રત મહારાજજી ॥ મુગતિ રે મુગતિ રે મુગતિ ॥ મુગતિ સુન જુગતિ, કરૂં ભગતિ, નમિ નાથકી નેમજી ગિરનાર નિશિઆની ॥ સૂર૦ ॥ સિદ્ધ૦ ॥ ૩ ॥ એ વીશ રે એ વીશ રે એવીશ ॥ એ વીશ, નમિ જિન ઇશ, નમાવું શીશ, સમત શિખર મુગતેં ગયા ॥ વાસુ પૂજ્ય ચંપા પૂરી થયાજી ॥ નેમિનાથ ॥ નેમિનાથ રે નેમિનાથ રે નેમિનાથ ॥ નેમિનાથ પારસ પ્રભુ નાથ, જોડી-

બે હાથ માહાવીરસ્વામી પાવા પુરિ ગયા, વાસુપૂજ્ય ચંપા પુરી થયા જી ॥ નેમિનાથ૦ ॥ દેશી ફેંકની ॥ ચોવીશ જિન મન વંછિત ફલ, દાતારે મહારાજ જી ॥ સેવકને ઊતારો, ભવપારરે મહારાજ જી ॥ સુન છંદ રે સુન છંદ રે સુન છંદ ॥ સુન છંદ હરફ કરી બંધ, તુટ ગયા ફંદ, ઊનોસેં સફલ જિંદગાની ॥ સૂરજ કુંડોકા નિર્મલ પાની જી ॥ સિદ્ધગિરિ૦ ॥ ૪ ॥ ॥ ૭૩ ॥

## ઊપદેશ લાવણી.

॥ સાખી ॥ ॥ ભવ દવ દહન નિવારવા, જલદ ઘટા સમ જેહ ॥ જિનપૂજા જુગતેં કરી, ત્રિવિધેં કીજેં તેહ ॥ ૧ ॥ પૂજા કુગતિ અરગલા, પુણ્ય સરોવર પાલ ॥ શિવગતિની સાહેલડી, આપે મંગલ માલ ॥ ૨ ॥ સુભનૈવેધ સુભભાવસું, જિન આગેં ધરે જેહ ॥ સુર નર શિવપદ સુખ લહે, હલીય પુરૂષ પરેં તેહ ॥ ભલાંજી સો હલીય પુ-રૂષ પરેં તેહ ॥ ૩ ॥ ધન ॥ ॥ અજિતજિન ઊપમા ભારી, પુઠે નહી છે પરવારી ॥ સંભવ મન સેવિયેં સાતા, અભિનંદન જુગમેં ત્રાતા ॥ ૧ ॥ સુમતિ જિન સંત હે ભારી, પદમજી પહોતા નિરવાણી ॥ હાંરે જિનરાજ મેરા સચ્ચા, તેરે બિન સબી કામ કચ્ચા ॥ ૨ ॥ ભજ જીન તુંહી તુંહીં૦ ॥ અરિહંત હંત ભગવંત વંત થઇતા ઘટ ઘટમેં ખેલતા પરમાતમા જી ॥ ઇતિ ॥ ॥ ૭૪ ॥

## ઊપદેશ લાવણી.

॥ ચેત ચતુર નર કહત સદ્ગુરૂ, કીસિ વિધસેં લલચાના હે ॥ તન ધન યૌવન સયલ કુટુંબા, એક દિવસ તુજ જાનાં હે ॥ એ આં-કણી ॥ મોહ માયાકી બડી જાલમેં, જિસમેં તું ઊલજાણા હે ॥ કાલ આહેડી ચોટ આકરી, તાક રહ્યા નીસાના હે ॥ ચેત૦ ॥ ૧ ॥ ચિહું ગતિમેં તો ભટકત ભટકત, તોહિ અંત ન આના હે ॥ ચાર દિનોકી દેખ ચાંદની, તાહીમેં લોભાણા હે ॥ ચેત૦ ॥ ૨ ॥ પૂરવ ભવકે પુણ્ય સંયોગસેં, નરકી દેહી પાના હે ॥ નવ મહિના તું રહ્યો ઊદરમેં, દુઃખ

દેખ્યા અસમાના હે ॥ ચેત૦ ॥ ૩ ॥ મલ મૂત્રકી [illegible] કોથલી[illegible] તે
માંહે સંકટ ભીના હે ॥ રૂધિર સુકાયા આહારજ કીના, પ્રથ[illegible]
તો લીના હે ॥ ચેત૦ ॥ ૪ ॥ જનમ સમય તો કોડ ગુણેરી, વેદને તેં
દેખાણા હે ॥ અબતો ભૂલ ગયો તું પ્રાણી, ઐસા મૂઢ અજાના હે
॥ ચેત૦ ॥ ૫ ॥ ઊંઠ કોડ તે સુઈયા સરખી, નાતિ કર ચોબાણા હે ॥
તેથી વેદન અનંત ગુણેરી, ઊંધે મુખ જૂલાણા હે ॥ ચેત૦ ॥ ૬ ॥
બાલપણો તેં ખેલ ગમાયો, યૌવનમેં ગરવાણા હે ॥ આઠ પહોર કીની
મદ મસ્તી, ખોટી લગન લગાના હે ॥ ચેત૦ ॥ ૭ ॥ રંગી ચંગી દેહી
રાખે, ટેહેડી ચાલ ચલાના હે ॥ આઠ પહોર કીયો ઘરધંધો, લગ
રહ્યા આર્ત્તધ્યાનાહે ॥ ચેત૦ ॥ ૮ ॥ સાધુ સંતકી સુની નહીં બાની,
દાન સુપાત્ર ન દીના હે ॥ તપ જપ કરણી કછુ અ ન કીની, નરભવ
સફલ ન કીના હે ॥ ચેત૦ ॥ ૯ ॥ માત પિતા સુત બેન ભાનેજી,
ત્રીયાસું લલચાના હે ॥ તું નહીં ઈસકા એ નહી તેરા, સ્વારથ લગેં
આધીના હે ॥ ચેત૦ ॥ ૧૦ ॥ કૃત અકૃત કર ધનકું મેલ્યા, ઘણાસું
વેર બંધાના હે ॥ માયા તો કછુ લાર ન ચાલે, જહાંકી જહાં રહાનાં
હે ॥ ચેત૦ ॥ ૧૧ ॥ ઊંચા ઊંચા મંદિર ચણાયા, કીયા ઘણા કાર-
ખાના હે ॥ ઘડી એક નહીં રાખત ઘરમેં, જાલત જાઈ મસાના હે
॥ ચેત૦ ॥ ૧૨ ॥ છિન છિન માંહેં આયુ છીજે, અંજલી કેસા જરના
હે ॥ કોડ જતન કર એહ જીવકા, તોપણ આખર મરનાં હે
॥ ચેત૦ ॥ ૧૩ ॥ ચક્રી કેશવ મંડલિક રાજા, ઇંદ ચંદ સૂર દાના હે ॥
કાલ આહેડી હે સરવ જગતકો, તો કયું ધરે ગુમાના હે ॥ ચેત૦ ॥
॥ ૧૪ ॥ ક્રોધ માન માયા મદ માતો, પારકી પીરન જાના હે ॥
આશા તૃષ્ણા ચડત ચઊગની, કરતા જન્મ મરાના હે ॥ ચેત૦ ॥ ૧૫ ॥
યૌવન ગમાયા બુઢો હોઇ બેઠો, તોહી સમજ ન લીના હે ॥ ધરમ
રતન કછુ હાથ ન લીનો, પરભવમેં પછતાના હે ॥ ચેત૦ ॥ ૧૬ ॥
સુખાનંદજી સુખકે દાતા, હીરાનંદગુન ઠાના હે ॥ રામકૃષ્ણ ઊપદેશ
સુનાયા, ભવ્યજીવ સમજાના હે ॥ ચેત૦ ॥ ૧૭ ॥ સંવત અઠાર વરસ

સડસઠેં, સાદડી સહેર સુહાના હે ॥ ફાગુનશુદિ તેરસકે દિવસેં, એ ઊપદેશ સુનાના હે ॥ ચેત૦ ॥ ૧૮ ॥ ॥ ૭૫ ॥

## વિનતિરૂપ લાવણી.

॥ તુમેં નિરંજન નાથ હમારા, અરજ કરૂં સો માનીયેં ॥ તુમેં૦ ॥ એ આંકણી ॥ મેં કાયર કંગાલ કુસંગી, દયા દુર્બલકી ખાણીયેં ॥ તુમેં૦ ॥ તુમ ભગતિમાં સુરતિ અણુ બનતી, દુઃખભર તન મેરો જાણીયેં ॥ તુમેં૦ ॥ કહે જિનદાસ જગતમેં, નિર્ગ્રંથનો મત તાણીયેં ॥ તુમેં૦ ॥ ૧ ॥ ॥ ૭૬ ॥

## શ્રી કુંથુનાથની લાવણી.

॥ શ્રી કુંથુનાથ કરમ કાટ, મુક્તિ મોજ પાયા ॥ કરૂણા કર સબ જીવનકી, કરણી કરણુ ધાયા ॥ અબ દુર્ગતિકો ખોજ ખોયો, બોધ બીજ પાયા ॥ શ્રી૦ ॥ ૧ ॥ સુરપતિ હોય હજૂર, ચરણેં ચિત્ત લાયા ॥ અબ ભક્તિભાવ હઇયે બસાયા, જિનવર જસ ગયા ॥ શ્રી૦ ॥ ॥ ૨ ॥ ભવિ ભવ જનમ સફલ કીયો, લીયો લાભ માયા ॥ અબ નરક દુઃખસેં ડરકર, જિનદાસ સરણે આયા ॥ શ્રી૦ ॥ ૩ ॥ ॥ ૭૭ ॥

## શ્રી નેમિનાથની લાવણી. ચોક પહેલો.

॥ શ્રી નેમિ નિરંજન બાલપણે બ્રહ્મચારી ॥ પ્રભુ મુખ પૂનમકો ચંદ, અતુલ બલ ધારી ॥ એ આંકણી ॥ લિયે બરાબરીકે મિત્ર, અતિ સુરસાલા ॥ રસરંગેં આવે જદુપતિ આયુધ શાલા ॥ કહે મિત્ર સુણો પ્રભુ એ છે શંખ ઊદારા, નહિં ગિરધર પાખેં ઓર બજાવન હારા ॥ કરકમલેં લેકર શંખ બજાઓ ભારી ॥ પ્રભુ૦ ॥ ૧ ॥ સુણી શંખશબ્દકી ધ્રુની અતિ વિકરાલ, ખલભલિયા શેષને ફણી સપ્તપાતાલ ॥ ચિત્ત ચમકા મનમેં ભવનપતિકા ઈશ, થરહર થરકયાં ત્યાં વ્યંતર પતિ બત્રીશ ॥ મૂકી નિજઠામને નાસંતી સુરનારી ॥ પ્રભુ૦ ॥ ૨ ॥ સાગર ગડયા ગિરિવર ને ડુંગર ડોલ્યા મોટા, ત્રોડી બંધનને નાઠા ગજરથ ઘોડા ॥ ઊછલિયાં સાયર નીર ચડયાં કલ્લોલે, ભાંગી

તરૂવરની ડાલ થયા ડમડોલે ॥ ત્રૂટા વર મોતિહાર, ઝબુકી નારી ॥ પ્રભુ૦ ॥ ૩ ॥ શશી સૂરજ તારા, વૈમાનિકના સ્વામી ॥ સહુ કરે પ્રશંસા અહો, પ્રભુ અંતર જામી ॥ પ્રભુ ચક્ર ફેરવી, કિયો ધનુષ ટંકારે ॥ ગિરધરની ગદા લેઇ કરમાં, નેમ ફેરે ભંકારે ॥ કહે માણુક મુનિવર ચિંતા ભઇ મુરારી ॥ પ્રભુ૦ ॥ ૪ ॥ ॥ ૭૮ ॥

## શ્રી નેમજીની લાવણી. ચોક બીજો.

॥ ગુણવંતા શ્રી જિનરાય, સભાયેં આવે ॥ પ્રણામ કરી હરિ હેત, ધરી બોલાવે ॥ મન મોહન પ્રાણ આધાર, દરસન મુજ દીજેં ॥ હો બંધવ આપણ બલની, પરીક્ષા કીજેં ॥ તુમેં વાલો અમચો હાથ, વદે ગોપાલા ॥ પ્રભુ હરિનો વાલે હાથ, કમલ જ્યું નાલા ॥ શ્રી નેમતણું બલ દેખી, અચરિજ પાવે ॥ પ્રણામ૦ ॥ ૧ ॥ પ્રભુ લંબાવે નિજ હાથ, સકલ ગુણખાણી ॥ તિહાં કરે ખરાખર જોર, તે સારંગ પાણી ॥ ન નમે તિલમાત્ર લગાર, ટિકાયો ભારી ॥ જાણે હિંડોલે હિંચતો, હોય ગિરધારી ॥ દેખી બલ અદભુત તેજ, ચમકયો આવે ॥ પ્રણામ૦ ॥ ૨ ॥ હરિ બોલે મધુરી વાણી, ભય મન આણી ॥ ભાંખે હલધરને એમ, નેમ બલ જાણી ॥ હો બાંધવ મહારા નેમ, સકતિ અતિ મોટી ॥ મેં દીઠી નજર હજૂર, વાત નહિં ખોટી ॥ એ રાજતણાં તે કાજ, મેં બલા કહાવે ॥ પ્રણામ૦ ॥ ૩ ॥ એ મહાબલિયો બલવંત છે બાલે વેશેં ॥ મુઝ રાજ ઊલાલી એક, પલકમેં લેશે ॥ ઇમ કરતો મન આલોચ, મહીનો દાણી ॥ ઇણે અવસર બોલે દેવ, ગગનમેં વાણી ॥ કહે માણુક પ્રભુ સંયમ, લેશે ભાવેં ॥ પ્રણામ૦ ॥ ૪ ॥ ॥ ૭૯ ॥

## નેમનાથજીની લાવણી ચોક ત્રીજો.

॥ હરખ્યો હરિ નિજચિત્ત સભામાં આવે, કહે રૂકમણીને નેમ વિવાહ મનાવે ॥ એ આંકણી ॥ અતિ સુંદર બાલા ભરજોબન મદમાતી, દીપે સસિવયણી સહસ બત્રીશ સોહાતી ॥ જીનજીનો ઝાલી હાથ હરિજી લાવે, નિજ મંદિર સુંદર અંતેઉરમેં આવે, બોલે પ-

ટરાણી આઠ દેવરને ભાવેં ॥ કહે૦ ॥ ૧ ॥ કોઈ છાંટે અબિર ગુલાલ કેસરનાં પાણી, કોઈ ઘાલે ગલામાં હાર પુષ્પના આણી ॥ રાધા ને રૂકમણી બોલે મધુરી વાણી, હો દેવર મહારા પરણીજેં એક નારી ॥ તુમ જાદવકુલ સણગાર સમાન સોહાવે ॥ કહે૦ ॥ ૨ ॥ મુખ મચકોડીને પ્રભુનો પાલવ ઝાલે, સામલિયા સુંદરી એક વિના કિમ ચાલે ॥ બહુ મલી કૃષ્ણની નાર વરણવી કહેતી, નકરોજી બાલક બુધ્ધ, ઓલંભા દેતી ॥ વિનિતાનાં સુણી વચન મુખ મલકાવે ॥ કહે૦ ॥ ૩ ॥ બાલા સહુ બોલી મુખમલપંતુ જાણી, માન્યોજી માન્યો નેમ પરણશે રાણી ॥ શ્રીસમુદ્રવિજયને કૃષ્ણજી એમ કહેતાં, સહુ કરે વિવાહની વાત આપણ નથી લેતા ॥ કહે માણક પ્રભુને પદમણી પરણાવે ॥ કહે૦ ॥ ૪ ॥

## નેમજીની લાવણી ચોક ચોથો.

॥ મલ્યો જાદવ કેરો વૃંદ છપન કુલ કોડે, પ્રભુ કરી સણગાર ને નેમ ચડયા વરઘોડે ॥ એ આંકણી ॥ તિહા ભેરી નફેરી પંચ શબ્દ વજડાવે, મિલી બાલા કોકિલ, કંઠે મંગલ ગાવે ॥ કોઇ હાથી ઘોડે બેઠા રથ સુખ પાલેં, પાયક અડતાલીશ કરોડ, તે આગલ ચાલે ॥ મલ્યા દશે દસાર હલધર, હરિજી જોડે ॥ પ્રભુ કરિ સણંગાર ને, નેમ ચડયા વરઘોડે ॥ ૧ ॥ વાજે તંબાલુ જરી ફરકે નીશાન, બહુ સાજન મહાજન જોર ચલાવે જાન ॥ એમ કરતાં પ્રભુજી ઊગ્રસેન ઘેર આવે, દેખી મુખ નાથનું રાજુલ મન સુખ પાવે ॥ તબ કરતે પશુઅ પોકાર લાખો કરોડે ॥ પ્રભુ૦ ॥ ૨ ॥ છોડીને પશુનો વૃંદ રથડો વાલે, ઘર આવી પ્રભુજી દાન સંવત્સરી આલે ॥ સુણી વાતને રાજુલ મૂર્છા ધરણી ઢળતી, હે નાથ શું કીધું કોડી વિલાપો કરતી ॥ લઇ સંયમ દંપતી કરમ કઠિનને તોડે ॥ પ્રભુ૦ ॥ ૩ ॥ અબ ઊપનું કેવલજ્ઞાન મુગતિમાં જાવે, પ્રભુ સિદ્ધ બુદ્ધ અજરામર પદવી પાવે ॥ ગુરૂ રૂપકીરતિ ગુણ ગાતે રંગ સવાયા, મેસાણે રહી ચૌમાસ શ્રીજિનગુણ ગાયા ॥ મુનિ માણક લાવણી ગાવે મનને કોડે ॥ પ્રભુ કરી૦ ॥ ૪ ॥ ઇતિ ॥

# અથ શ્રીપાર્શ્વનાથજીની લાવણી.

॥ અગડબમ્ અગડબમ્ બાજે ચોઘડા, સવાઇ ડંકા સાહેબકા ॥ છનનં છનનં અવાજ હોતા, મહેલ બનાયા ગગનોંકા ॥ શ્રીકલ્યાણ પારસ નાથ નામકા, નિત બાજતા હે ચોઘડા ॥ તીન લોકમેં સચ્ચા સાહેબ, પારસનાથ અવતાર બડા ॥ ૧ ॥ બણારસિ નગરિમેં તેરા જનમ હે, માતા વામા કે નંદા ॥ અશ્વસેન કે કુલમેં શોભે, જૈસા સરદ પૂનમ ચંદા ॥ સ્વર્ગ લોકમેં હુવા આનંદા, ઇંદ્રાણી મંગલ ગાવે ॥ તેત્રીશ ક્રોડ દેવતા મિલકર, ઓચ્છવ કરનેકું આવે ॥ ૨ ॥ કોઇ આવતાં કોઈ ગાવતાં, કોઇ નામ લેતા દેવા ॥ ચોસઠ ઇંદર અરજ કરંતા, ચંદ્ર સૂર્ય કરતા સેવા ॥ કેઇ સુરનર સાહેબકે આગેં, અરજ કરંતા ખડા ખડા ॥ જિનકે સરૂપકો પાર ન પાવે, જિનકા ગુણ હે સબસેં બડા ॥ ૩ ॥ દૂર દેશસેં આયા જોગી, બડે જોર તપસા કરતા ॥ નીચેં લગાતા જ્વાલા જોગી, બડે બડે ઝોંકેં ખાતા ॥ બાર બરસકી ઊમર જિનજીકી, છોટે પનમેં બહોત કલા ॥ બરો બરીકે લીયે સોબતી, તપસીકું દેખન ચલ્યા ॥ ૪ ॥ જ્ઞાન દેખકે બોલે જોગીસેં, ઐસી તપસ્યા કયું કરતા ॥ ઓ જોગી તેરે બડે લકડેમેં, નાગ નાગણી દો જલતા ॥ પારસનાથ જોગીશું કહેતા, તોબી તપસી નહીં સુનતા ॥ લકડે દીયે ફેંક જંગલમેં, લોક તમાસા દેખંતા ॥ ૫ ॥ કયા કીયા બે જોગી તુમને, નાગ નાગણી જલા દીયા ॥ સરન નવકારા દીયા નાગકું, ધરણેંદ્રા પદવી પાયા ॥ બડી ઊમેદસેં આયા સાહેબ, સંવત્સરીકા દાન દીયા ॥ માત પિતાકી આજ્ઞા લેકર, મહારાજાને યોગ લીયા ॥ ૬ ॥ રાજ છોડકે ચલે જંગલમેં, જુગતીસેં કાઊસગ્ગ કીયા ॥ બડે ધીર ગંભીર તુમને, તીન લોકમેં નામ કીયા ॥ ઊષ્ણ કાલકી બડી ધૂપમેં, નિરંજન નિરંકાર ખડા ॥ કમઠાસુરને કીયા કડાકા, નભમંડલ બાદલ ચડા ॥ ૭ ॥ સોહિ દિનકોં કમઠાસુરને, પીછલા દાવા જગવાયા ॥ મેઘમાલિકી સેના લે કર, જલકૂં જલદી બુલવાયા ॥ બડા કીયા ધમઘોર જોરસેં, પવન ચલાયા મ-

તવાલા ॥ કડડ કડડ હુઆ કડાકા, ચમક બીજકા અજુવાલા ॥ ૮ ॥ મૂસલ ધારેં મેઘ બરસતા, ગગન ગાજતા ચોતાલા ॥ સાત ખૂડકી બડી જડીમેં, પ્રભુ ખડા હે મતવાલા ॥ નાક બરોબર આયા પાની, નાથ નિરંજન ધીર બડા ॥ પરાજય નહિ હોય જીનુંકા, ઐસા પ્રભુકા ધ્યાન ચડા ॥ ૯ ॥ સંકટસેં સિંહાસન ડોલ્યા, હૂવા ઘંટકા અવાજા ॥ અવધિજ્ઞાનસેં ઇંદ્રેં દેખ્યા, ધાઓ ધાઓ ધરણી રાજા ॥ ધરણીધર જલદીસેં આયા, પદમાવતીકું સંગ લીયા ॥ પદમાવતીને લીએ સીરપર, શેષનાગકે છત્ર કિયા ॥ ૧૦ ॥ કોડ ઊપાય કીએ કમઠને, કુચ્છ ઇલાજ નહીં ચલતા ॥ તરને વાલા સાહેબ ઊનકું, છલનેવાલા કયા કરતા ॥ જીતે શ્રી જિનરાજ હાર કે, કમઠ હાથ દો જોડ ખડા ॥ ધરણીધર સાહેબ કે આગે, અરજી કરતા ખડા ખડા ॥ ૧૧ ॥ કેવલ લેઈ શિવપુરકું પહોચે, પારસનાથ શુભ મતવાલા ॥ લગી જ્યોતમેં જ્યોત દીપકકી, તપે તેજકા અજુવાલા ॥ વીસ નગરમેં પારસનાથકા, દેવલ બનાયા તેતાલા ॥ બડે દેવલમેં ઇંદર સોહે, ઘંટ વાજતા ચોતાલા ॥ ૧૨ ॥ બડી જુગતસેં સિંઘાસન કર, કોટ બનાયા દેવલકા ॥ જગો જગોપર સિખર ચડાયા, બડા કામ દરવાજેકા ॥ ભામંડલકે આગેં શોભતા, મૂલ ગંભારા આરસકા ॥ પીછેં પચીશ દેંરીયાં શોભિત, સિરે કામ સિંઘાસનકા ॥ ૧૩ ॥ મૂલનાયકકે ઊપર સોહે, સહસ ફણા મહારાજજીકા ॥ ચોમુખકી ચતુરાઈ બની હે, ઐસા કામ મેં નહીં દેખા ॥ અઢારસેં પાંસઠ સવાઇ, મૂહૂર્ત્ત ફાગુણમાસ બડા ॥ સુદિ ત્રીજકું તખત બેઠે, જગો જગોપર નામ ચલા ॥ ૧૪ ॥ દેસ દેસકે સંઘ મિલકર, તેરે દરશનકું આયા ॥ જગત ગુરૂ જિનરાજ જગતમેં, બડી તેરી અકલ માયા ॥ ધર્મ ચંદ જોઇતા સવાઇને, બડા સામી વાત્સલ્ય કીયા ॥ સકલ સંઘકી આજ્ઞા લેકર, બડા સિખર નીસાન દીયા ॥ ૧૫ ॥ કરમ ચંદને દેવ ચંદને, ખેમ ચંદને ખૂપ કીયા ॥ પારસનાથકું તખત બેઠાકે, જગો જગો પર નામ કિયા ॥ ક્રીર્ત્તિ બિજય ગુરૂરાજજી પ્રણમું, પાય ગુરૂકા રાજ બડા ॥ ગલુ-

અચંદ સાહેબકે આગેં, જિનસાસનકા કામ બડા ॥ ૧૬ ॥ ચંગ રંગસેં, ગ્યાન ધ્યાનસેં ખડા ખડા ॥ હાથ જોડ કર [illegible]રજી રતા, પારસનાથજી તુંહી બડા ॥ બડા કામ તેરે હે સાહેબ, મુ[illegible] નહિં કહ્યા જાતા ॥ શિવરમણીકું વરી જિનજીને, ભવિજનકૂં સુખકેં દાતા ॥ ૧૭ ॥

## અથ શ્રી વિજયકુમરજી અને વિજયા કુમરીની લાવણી.

॥ શ્રીવીતરાગ જિન દેવ નમું શિરનામી, કહું શીલ તણો અધિકાર મુક્તિ જિણ પામી ॥ જિહાં વચ્છદેશમેં કોસંબિ નગરિ જાણી, પણ દખણ દેશમેં પ્રગટ પણે વખાણી ॥ તિહાં શેઠ તણો સુત વિજય કુમર વેરાગી, સુણિ શીલતણો મહિમા મનમેં લય લાગી ॥ તબ હાથ જોડકર મુનિપેં સોગન માગી, હુઆ એક માસમેં કૃષ્ણ પક્ષકા ત્યાગી ॥ ૧ ॥ ધન વિજય કુમરકી કરી કમી કછુનાંજી, જિણે ચિત્ત ચોખે શીલ આદરચું ભર જોબનકેમાંજી ॥ એ આંકણી ॥ પાલે શ્રાવક ધર્મ શુદ્ધજ્ઞાન મુખ ઊચ્ચરે, પોસહ પડિકકમણાં સંવર કરતાં વિચરે ॥ કરિ દયા દાન સંતોષ શીલ શુદ્ધ પાલે, ધરિ ધર્મધ્યાન ઊર આતમકું અજુઆલે ॥ દૃઢ સમકિત ધારી શંકા કંખા નવિ આણે, પર પાખંડીકો પરચો નહીં વખાણે ॥ દેવાદિકનાં દુઃખ દેખિ ધર્મ નવિ છંડે, ચડતે પરિણામેં કરણી અધિકી મંડે ॥ ધન૦ ॥ ॥ ૨ ॥ પુણ્યયોગેં વિજયાકુમરિ મલી ગુણવંતી, શુદ્ધ ચોશઠ કલાની જાણ મહા બુદ્ધિવંતી ॥ ગજગમણી રમણી બોલે કોકિલ વાણી, તનુ કંચન સોહંત બદન ભાળ ભલકાણી ॥ અતિ અધર લાલ કોમલ કપોલ બહુ સોહે, કર ચરણ ઊદર નયન કમલ જોઈ મન મોહે ॥ બહુ હર્ષ ભાવશું વિજયકુમરજી વીહા, પુણ્યયોગેં જોડ મલી પરણે ઘર પ્રીયા ॥ ધન૦ ॥ ૩ ॥ હવે વિજયકુમરજી સોહે સુંદર તલાઇ, અબ સુરસુંદરકી દેવરૂપ છબિ છાઈ ॥ બિહુ કાને કુંડલ રત્નેં જડિયા સોહે, શિર લાલ મુકુટ મુક્તાફલ દેખી સુરનર મોહે ॥ ગલે હાર

રત્નેં જડિયા સોહે બહુ ભારી, કર કંકણુ ચમકણુ મુદ્રડીયાં છબિ ન્યારી ॥ અરૂ બદન ભાલ નિર્મલ શશિ નેત્રેં સોહે, ઈત્યાદિક ગુણુ કરિ વિજયકુમર મન મોહે ॥ ધન૦ ॥ ૪ ॥ તબ રંગ મહેલમેં બૈઠાં પલંગ બિછાઈ, પ્રીતમકી સેજાં સુંદર તન સજ આઈ ॥ અણિયાલાં કજ્જલ વીજલીયાં ચમકંતી, કર જોડી ઊભી પીયુ આગલ મલપંતી ॥ ચમકે ચુડિયાં સાર મણિયેં ચમકંતી, નકવેસર વેણી જૂમરીયાં જમકંતી ॥ કર કડિયાં જડિયાં મુદ્રડિયાં દમકંતી, અરૂ નેઊર પગમેં ઘુઘરિયાં ઘમકંતી ॥ ધન૦ ॥ ૫ ॥ જબ બદન દિખાવે કામ જગાવે બાલા, ઇંદ્રાણી સરખી ઊભી રૂપ રસાલા ॥ પ્રીતમકો આદર માગે સુંદરિ ઊમાઈ, તન મન ઊલસંતિ ઊભી આશા લાઇ ॥ કહે વિજય કુમરજી અહો સુંદરિ ભલેં આઇ, પણુ હમણાં તુમશું કામ નહીં મુજ કાંઇ ॥ દિન તીન લગેં તો નહીં મદનકી છાંહી, ફિર તમ હમ પીછે સુખેં સુખેં દિન જાઈ ॥ ધન૦ ॥ ૬ ॥ કહે કુમરિ કુમરકોં કહો કારણુ છે કાંઇ, હું સુંદર તન સજ કર આઇ છું ઊમાઇ ॥ અબ અવસર ભરિયાં કેમ તજો પ્રીતમજી, મેં નિયમ લિયાં છે તું સુંદરી નહિં સમજી ॥ તબ કુમરિ પૂછે કહો પ્રીતમજી હમકું, અબ કિસી ભાંતકા નિયમ લિયા હે તુમકું ॥ મુઝ બાલપણાથી શિયલ રૂચ્યો મનમાંહી, કિયા કૃષ્ણુપક્ષકા નિયમ મુનિપેં જાઇ ॥ ધન૦ ॥ ૭ ॥ તબ વિજયા કુમરી ઊભી મુખ કુમલાઇ, મુજ મનકી આશા આશ રહી મનમાંહી ॥ કહે વિજય કુમર સુણુ સુંદરિ કયું કુમલાઈ, પણુ જિમ છે તિમ મુજ વેગ કહો ફુરમાઈ ॥ તબ વિજયા કુમરી નિરજપણું મન લાઇ, નીચા નેત્રેં કરી વાત કરે મુરજાઈ ॥ મુજ બાલપણાથી શીલ રૂચ્યો મન માંહી, પહિલા પરણેકા પરિણામ હતા નહિં કાંહિ ॥ ધન૦ ॥ ૮ ॥ ગુરૂણિપેં કિયા મેં શુક્લ પક્ષકા સોગન, અબ તો મહારે હુઆ દોનું પક્ષકા આગન ॥ પ્રીતમજી તુમ તો પરણો નારિ અનેરી, પણુ પહેલી ઇચ્છા શીલ તણીથી મેરી ॥ કહે વિજય કુમરજી અહો વલ્લભ ગુણવંતી, અબ તુમ હમ જોડી મલી બહૂ દી-

પંતી ॥ હવે રત્ન છોડ કોણ કાચ ગ્રહે સુણપ્યારી, શુદ્ધ શીલ પાલશું મુક્તિ રમણી છે નારી ॥ ધન૦ ॥ ૯ ॥ બહુ દેવલોકનાં સુખ વિલસ્યાં વાર અનેરી, પણ મન ઈચ્છા પૂરણ ભઈ નહી કુણ કેરી ॥ જીવ નરક નિગોદ ભમ્યો ભવસાયર માંહી, બહુ કાલ ગમાયો ગરજ સરી નહીં કાંહી ॥ અબ ઊત્તમ કુલ અવતાર લીયો છે આઈ, પુણ્યયોગેં મુનિવરની યોગવાઈ પાઈ ॥ અબ માત તાત સબ ભ્રાત મિલે સ્વારથકા, ચડતે પરિણામેં શિયલ પાલશું નિત્યકા ॥ ધન૦ ॥ ૧૦ ॥ અબ અલ્પ સંપદા દેખી કહો કિમ ખોઇયેં, પણ વાટી સાટે ખેત ખોયા દુઃખ હોઇયેં ॥ અબ એહ બાત અપને નહીં કરની કિસીકું, જો હમ દોનુને નિયમ લિયાહે ખુસીકું ॥ કર જોડી કુમરી કહે કુમરશું અરજી, પણ વાત એ છાંની કિમ રહિશે કુંઅરજી ॥ સુણી સસરો સાસુ ઘણા ખીજશે તુમશું, પણ કિસી શરમસેં રહ્યો જાયશે હમશું ॥ ધન૦ ॥ ૧૧ ॥ સુણ પ્રીતમ પ્યારી એહ આપણી શિક્ષા, યહ બાત પ્રગટી તબ નિશ્ચેં લેવી દીક્ષા ॥ એકણ સેજેં સોવે સુંદરિ અરૂ સાંઇ, સૂતે સૂતે બાત કરે જ્યું બહિનને ભાઇ ॥ દો બેર કરે પડિકકમણ સામાયિક આઈ, કરે દાન શીલ તપ ભલી ભાવના ભાઈ ॥ તિહાં બાર વરસ વહિ ગયાં એમ કરંતાં, પણ વાત વિસ્તરી શીલપણે વિચરંતાં ॥ ધન૦ ॥ ૧૨ ॥ તબ દક્ષિણ દેશમેં વિજયા વિજયજી કેરાં, શ્રી વિમલ કેવલી કિયાં વખાણ ઘણેરાં ॥ બેહુ ચરમ શરીરી છે મહા ઊત્તમ પ્રાણી, સહુ અચરિજ પામ્યા સુણિ કેવલિ મુખવાણી ॥ સુણિ જિનદાસ શ્રાવક હુઓ બહુત પ્રસન્ન, હું જાઇ કરૂં તિહાં હર્ષે ધરી દરસન્ન ॥ બહુ હર્ષે ભાવશું આવ્યો નગરિ કોસંબી, શ્રી વિજય કુમરની વાત સુણી અચંભી ॥ ધન૦ ॥ ૧૩ ॥ બહુ હર્ષે ભાવથી મલિયો કુંઅર કુંઅરિયાં, પરિવાર જિમાયા બહુત હર્ષે મન ધરિયાં ॥ તબ માત તાત કુમરકા ઘણું ઊમાહ્યા, તુમ કહો શેઠજી કુણ સગપણથી આયા ॥ શ્રીજૈન ધર્મ સ્નેહેં કરી હોંશે હું આયો, શીલવંત કુમર કુમરીકો દરિસન પાયો ॥ ધન્ય તુમચે કુલમેં ઊપના

ઊત્તમ પ્રાણી, શ્રીવિમલ કેવલી શોભા ઘણી વખાણી ॥ ધન૦ ॥ ૧૪ ॥ એક સેજેં સોવે શીલ નિર્મલું પાલે, બિહું બાલ બ્રહ્મચારી આતમ અજુવાલે ॥ બહુ અચરિજ સરખી વાત સુણી હું આયો, પણ ભાવ મુનિકો દરશન નિર્મલ પાયો ॥ તબ માત તાત કહે કહોજી હમકું ન્હાના, તુમ કિસી ભાંતકા નિયમ લીયા હૈ છાના ॥ તબ નેત્ર નિચાં કરી વાત કહે વિસ્તારી, અબ સંયમ લેવા ઈચ્છા ભઈ હમારી ॥ ધન૦ ॥ ૧૫ ॥ જબ માત તાતપેં માગે કુમરજી આગ્યા, તબ નાત જાત સબ કુમરકું કહનેં લાગ્યા ॥ તબ બહુત હઠનશું લહી કુમરજી શિક્ષા, ચડતે પરિણામેં દોનું લીનિ શુદ્ધ દીક્ષા ॥ બહુ કઠિન હોઇનેં તપસ્યાશું લય લાઇ, ભવિજીવ સુધાર્યા શુદ્ધ સમકિત પદ પાઇ ॥ અરે જીવ અબ છતી વાંછે કિમ છટકાઈ, ધન્ય વિજય વિજયા ( કુમરી ) નેં અધિક કરી અધિકાઇ ॥ ધન૦ ॥ ૧૬ ॥ ચડતે પરિણામેં કરણી કીધી નિર્મલ, મુનિ મુકતેં પહોતા દોનું પામ્યા કેવલ ॥ શ્રી દોલત રામજી જીવાજી સ્વામી, ઋષિ લાલચંદ ગુણ ગ્રામ કિયા શિરનામી ॥ સય સંવત અઢાર અડશઠેં અવસર પાયા, શહેર કોટા કેરા રામપુરે ગુણ ગાયા ॥ જિહાં શ્રાવક બહૂ વસે શ્રદ્ધા ગુણવંતા, જિહાં સાધ સાધવી આવે વિહાર કરંતા ॥ ધન. ॥ ૧૭ ॥ ઇતિ શ્રી વિજય કુમરજી અને વિજયા રાણીની લાવણી સમાપ્ત ॥

## અથ અવંતીજિન અઠ્ઠાઈ મહોત્સવ લાવણી.

॥ પ્રભુકરો સેવ ચિત્ત લાય જાય અઘ તેરા ॥ જિન વરશું કર તું પ્રીત મિટૈ ભવફેરા ॥ ટેક ॥ જીવ રમ્યો કુમતિકે સંગ સુમતિ નહિં પાયો ॥ વહિ ગયો અનંતો કાલ કુગુરૂ ભરમાયો ॥ દુઃખ સહ્યો નિગોદકે બીચ નરકમેં ઠાયો, મેં ધુન અક્ષરકે ન્યાય માનવગતિ આયો ॥ પ્રભુ આયો શરણુ મેં આજ કાજ કરો મેરા ॥ ૧ ॥ જિનવર૦ ॥ જિનભક્તીકે પરભાવ રોગ સબ જાવે ॥ શ્રીપાલનરેસર કોઢ દૂર સબ થાવે ॥ જિમ અભય દેવસૂરીનો રોગ ગમાવે ॥ સુખ પાવે જસવિસ્તાર પ્રભૂ જે ધ્યાવે ॥ પ્રભુ તુમ સમ નહીં કોઈ દેવ જગતમેં હેરા ॥ ૨ ॥

જિન૦ ॥ મુઝ વસ્યો હીયાકે માંહિ ઓર ચિત્ત નાવૈ ॥ ઘનકેકી આવાજ સુની કૃષી ઉલસાવે ॥ મનગમે નહીં સરવરકો જલ ઘન ચાવે ॥ જગચાતક માસ વસંત કોકિલ હરખાવે ॥ મુળલગ્યો નેહ તુમ સાથ ચરણકો ચેરા ॥ ૩ ॥ જિન૦ ॥ જસ પાયો ચોમાસે બીચ અવંતીનગરી ॥ સોહાગન ગાવે ગીત નીરભરી ગગરી ॥ શ્રીસંઘ અઠ્ઠાઈ મહોત્સવકી ચિત્ત ધરરી ॥ ગુરૂવાર દૂજ તિથી આશ્વિનમેં વદિ વરરી ॥ નિત્ય નવ નવ મહોત્સવ હુવે શાંતિ જિન દેહરા ॥ ૪ ॥ જિન૦ ॥ ભવજીવ કરે જિનભક્તિ સદા હરખાઈ ॥ મુઝ રહો સદા અનુકૂલ પ્રભુ સુખદાઇ ॥ અબ ફલી મનોરથમાલ વિજયપદપાઈ ॥ રણધીર વિજયનો લાભ લાવની ગાઈ ॥ અબ સરણ તિહારી નાથ અવંતી મેરા ॥ ૫ ॥ જિન૦ ॥ સવઈયા એકતીસા ॥ પ્રભુસેંતી પ્રીત કર, મુનિકી સંગત કર, જ્ઞાન ઉર ધ્યાન ધર, કુમતિ નિવારકેં ॥ તનમનવચકર, જિનવર સેવા કર, દ્રવ્ય અરૂ ભાવ ધર, પૂજો નેમ ધારકેં ॥ ધપમપ ધોંધોં કર, અનોપમવેશ ધર, તતા થેઈ તાલ વર, નાચો પાપ ટારકેં ॥ સદગતિ હોય જબ, ગુરૂ રણધીર તબ, કહે લાભ દીજેં અબ, અવંતી જુહારકેં ॥ ૧ ॥ ઇતિ અઠ્ઠાઈ મહોત્સવ લાવણી સંપૂર્ણ ॥ ૧૨ ॥

## થૂલીભદ્રજીની કોશ્યાની લાવણી.

॥ રાજઊછવેં લાવણી ॥ એ દેશી ॥ મંજન ચીર તિલક આઘંત, ચતુર શણગાર સફાર ધરી ॥ મનોહર શિરપર ચીવર ચંભી, કૌસંભીકી શોભ કરી ॥ ૧ ॥ ચિહું દિશભાલી ફૂલકી જાલી, દીપક માલી જ્યોતિ વરી ॥ ધુર પરિણામ સકામહ રામા, રામા રંગેં ગેલ્લ કરી ॥ ૨ ॥ નવ નવ રંગે છંદ છપૈયા, ઓચરીયા રસગુણ ભરીયા ॥ ઠમક ઠમક પગ ભૂતલ ઠમકે, ઝમકે રમઝમ ઝાંઝરીયાં ॥ ॥ ૩ ॥ ત્દંદયાનંદન કેતકી ચંદન, ફૂલ અમૂલ મલક મલકે ॥ ખલક ખલક કર કંકણ ખલકે, ઝલક ઝલક ટીકોં ઝલકે ॥ ૪ ॥ જરમર જરમર મેહુલો વરસે, જલસેં ભરી ભરી વાદલીયો ॥ ઘનન ઘનન ઘનઘોર અઘોરં, ગાજે રાજે વીજલીયો ॥ ૫ ॥ દુહુક દુહુક અવિવેકાનેકા, ભેકા

સોરસજોર ઘને ॥ કુહુક કુહુક રસીલા નીલા, કોકીલા સહકાર વને ॥ ૬ ॥ બહુત પીપાસી મેઘ જલાશી, ફુલી વનવાસી વેલડીયાં ॥ પ્રેમ તણાં રસરેલા ચાલ્યા, પણ થૂલીભદ્ર નવિ પડીયાં ॥ ૭ ॥ ટહુક ટહુક ગિરિ કેકા છેકા, કરતા કેકી માલ્હે છે ॥ વૈરીની પરેં એ વરસાલો, વિરહીને ઘણું સાલે છે ॥ ૮ ॥ ધપ મપ માદલકે ધોંકારા, કંસ તાલ વીણા સખરી ॥ તાથેઈ તતથેઈ તાન ન ચૂકે, મૂકે નેત સહેત ધરી ॥ ૯ ॥ ફરસત ક્ષણતર કુંતલ ભૂતલ, ચંચલ અંચલ કર લેતી ॥ ગીત રીત મદમોદ વિનોદેં, ફરક ફરક ફુદડી દેતી ॥ ૧૦ ॥ લલક લલક ઢલકંતી કાયા, કાચ ઢલાયા મેં છાયા ॥ જીવનકે પરિ નેહ ઉપાયા, બચન વદે કરતી માયા ॥ ૧૧ ॥ પ્રીતમ પ્રેમકી બાત બિચારો, ભ્રમન ભ્રમન રોતો ભમરો ॥ દગ્ધા કેતકી ભસ્મેં લોટત, પંડિત પૂછત કાંઈ કરો ॥ ૧૨ ॥ ભમર કહે મોય દેહ દહે એક, વિરહે કેતકી નારી તણે ॥ તસ રક્ષાયેં વિરહે સમશું રમશું નહિં મરૂએ દમણે ॥ ૧૩ ॥ કહે કવિતા શામલતા સબતનુ, પીલી પૂંઠ કિશું કીધી ॥ પ્રેમકી ચોટ લગી મોય બહુલી, તાસ ઉપર હલદી દીધી ॥ ૧૪ ॥ કરિ ચિત્ત બદનેં લટકે ચટકે, મટકે નવિ અટકે રાગેં ॥ પ્રીતકી રીતિ અનોપમ નાટક, કરતાં પ્રેમ દાન માગે ॥ ૧૫ ॥ કહે મુનિહેલી સુણો અલબેલી, નાટક નવી કરતાં આવે ॥ શ્રીશુભવીર વજીર પસાયેં, ભવનાટક સુણજો ભાવેં ॥ ૧૬ ॥

## અથ આત્મોપદેશ લાવણી.

॥ સુણો શ્રી જૈનધર્મ ભવિ પ્રાણી, આતમવાણી અરદાસી ॥ આત્મસરૂપ અધ્યાતમ ચેતન, શુદ્ધ આતમા અવિનાશી ॥ ૧ ॥ અનુભવ જાકી મતિ પ્રગટી હે, સૂખરૂપ આતમ જાન્યા, શુદ્ધ સુચંદસદા અતિનિર્મલ, આત્મજ્ઞાન આત્મેં માન્યા ॥ ૨ ॥ પરવશરંગી હોઈ પરવશમેં, બહુરંગી બહુ હે અંધા ॥ બાહ્યાભ્યંતર કરે મગરૂરી, દુઃખ ધરે મૂરખ દ્વંદા ॥ ૩ ॥ મૂલગ્યાન હિત કહે તુમચા, સાહેબસેં વલી બુધ જાગી ॥ આતમ સત્ય અધ્યાતમ પ્રગટે, સ્યાદવાદ તિહ ઝડ લાગી

॥ ૪ ॥ દ્વૈત અદ્વૈત કહ્યા નવિ જાવે, કયા ઠરાવે મૂઢ સમા ॥ અંધોઅં- ધકી પરંપર ભાસી, ઠેઠ કયું અબ પાર પરનાં ॥ ૫ ॥ ચાર્ વેદ ટલે સિદ્ધાંતેં ટલે, મૂરખ કહે મેરા મેરા ॥ ગ્યાનકી બાત ગ્યાનીહી જાને, નહિ મૂરખ મેરા તેરા ॥ ૬ ॥ વિસ્તાર વાણી દેખ તું મૂરખ, અંધા કયું તેરે દિલમેં ॥ સદગુરૂકી તો બાત નહિ ભાયા, ફિર કયા કામ ભયા ઇનમેં ॥ ૭ ॥ જોગાભ્યાસી ભોગાભ્યાસી, તરનેકી ગતિ હે ન્યારી ॥ પૂરણસરૂપ ઘર દીપક પ્રગટે, બ્રહ્મર્ ભૂલ ટલે ભારી ॥ ૮ ॥ હં- સસરૂપ પિછે કોઈ પૂરા, ગ્યાની પુરૂષ વે હે હંસા ॥ ક્ષીર નીરકા ભેદ બતાવે, મિટ જાવે હે મનસંસા ॥ ૯ ॥ હંસ સભાવ હંસ હુઇ જાને, કાગજાતી તો પત ખોવે ॥ જીવ શિવકા સરૂપ ઘટમાંહે, સમજુ વિ- ચારી ચિત્ત જોવે ॥ ૧૦ ॥ સદગુરૂકું ચિત્તમેં ધરલીના, માનવ ભવ પુણ્યેં પાયો ॥ કર અપની ભલપણ તું પ્રાણી, મૂઢ જન્મ એલેં ગમા- યો ॥ ૧૧ ॥ દાન શિયલ તપ ભાવ સુખાણી, સંતોષ ઓર સુમતા છાઈ ॥ ધરમધ્યાન જીવદયા વિવેકા, આતમરામા સુખદાઈ ॥ ૧૨ ॥ ક્ષમા ખડગમેં અરિ કાલનકું, જીત લિએ હે જગનાથા ॥ અજરામર ભયે સાહેબ સચ્ચા, સેવો પ્રભુશિવપુર સચ્ચા ॥ ૧૩ ॥ જીવઘાત કહે જે પરમેશ્વર, મૂઢ આતમ દર્શી કાચો ॥ જ્ઞાન રહિત ધરમ સબ જૂઠા, સાચકું ખોજે સોઇ સાચો ॥ ૧૪ ॥ ગુરૂગ્યાન દીપ લેઇ હાથમેં, કયૂંહિ કરે તનમેં સામા ॥ જાણ હુઈ અજાણ કયૂં હોવે, સમજીએં આતમ- રામા ॥ ૧૫ ॥ નિર્ભય જ્ઞાન ચિદાનંદ તેરા, ધર્મપર્યાયેં હે અનંતા ॥ અનંતા પર્યાયેં ધરમજ પ્રગટે, ભેદેં ભાખે ભગવંતા ॥ ૧૬ ॥ તત્ત્વધરમ જૈનગુરૂજ્ઞાની, નહિ હે પક્ષકા સંગી ॥ પક્ષાપક્ષ કથે ઉસ કુમતિકું, અધ્યાતમ હે સત ભંગી ॥ ૧૭ ॥ કયું પરે સંસાર સમુદ્રમેં, એહી હે અંધાર કુઆ ॥ જનમ મરણ ભય કયૂં નહિ આવે, સુણ રે શીખામણ સૂઆ ॥ ૧૮ ॥ જ્ઞાનરૂપ ખાંડ ધારપર ચલનાં, એહી હે અજી અથિર બાજી ॥ હંસવિલાસ હે હંસ સભામધ્ય, તીહાં હે અનુભવરાજી ॥ ૧૯ ॥ ગુણ પ્રગટયાવિન મુક્તિ દુર્લભ, જીવકારૂપ ગહે સો જાતી ॥ ભલા ન

બૂરા ન જાણે અપના, જિસકું ભીતર હે કાતી ॥ ૨૦ ॥ દગા દંભ ઘાત અથિર બાજી, કરમજ રૂઠે કૌન સગા ॥ સમજ્યા બિન તેરી કોન ગતી હે, તેરો ભેદ હે હંસકાગા ॥ ૨૧ ॥ જીવજ એસે દુરગતિ ર-જળે, માનવ ભવકું વિગોઇ ॥ પરનિંદા પરધરમકું ધ્યાતા, મરે નર-કમેં આપ રોઇ ॥ ૨૨ ॥ ગ્યાન કથા ધર્મકથા સુને, પીછાસું પકરી જાવે ॥ જિને દિયા ઓ મેં પીછા દીયા, મૂઢહિ કયા માનવ કહાવે ॥ ૨૩ ॥ ધિગ હે અપની નાત જાતકું, માત તાતકું લજવાયા ॥ હંસ સુ-ભાવ કાલ છલ નાહિં, વાયસ હંસકું ઠગ આયા ॥ ૨૪ ॥ હંસા હોઇકે મોતી ચુગણાં, આગમ સરોવર કે માંહે ॥ મોતી અથાગ અતાગ વિવેકા, હે કોઈ ગણુતી નાંહિ ॥ ૨૫ ॥ ચૌદ રાજ ભૂમિ મધ્ય ભાગેં, હંસા કાગા ચૂક જાતા ॥ હંસા ગ્યાની વિવેક વિચારે, સમઝ ગ્યાનકી તું બાતાં ॥ ૨૬ ॥ યા સંસાર વેરાગર ભરિયા, હુઇએં એકા અવતારી ॥ પરમસિદ્ધિ પદારથ પામે, આ ઠામ હે સુખકારી ॥ ૨૭ ॥ ભવ્ય અ-ભવ્યકી ખબર જો પાવે, ભવ્ય તે ઉપદેશા પાવે ॥ અભવ્યકું પ્રતિ-બોધન લાગે, ચઉદ લોક ઉનસેં નાવે ॥ ૨૮ ॥ સુખ વાંછે જીવ સર્વે સુખકું, સિદ્ધ શિલાકું તે ધ્યાવે ॥ કરમ નાથ નાથ્યો સુખવાસી, ખેંચ પીછાહી ફિર લ્યાવે ॥ ૨૯ ॥ લખ ચોરાશી પરિભ્રમન કરે, જીવ કાગ ઉપાધીકો ॥ હંસ સુભાવ ભૂલ ગયો સંગેં, જીવજ કાગ અનાદીકો ॥ ॥ ૩૦ ॥ તજ ઉપાધ અબાધક જાની, ટલે હિ ભ્રમના આતમકી ॥ હંસ ચાલકી ચલગત જાનો, પ્રીત બને પરમાતમકી ॥ ૩૧ ॥ ધન્ય ધરા મૈં સદ્‌ગુરૂ પાયે, ધન્ય જ્ઞાન સચ્ચા માને ॥ ધન ધન પ્રભુજી કે-વલ જ્ઞાની, જઇન ધરમ ધન ધન જાને ॥ ૩૨ ॥ અજ્ઞાનીકા તજ ઉ-પદેશા, ભેદેં સમઝે યા વાણી ॥ કહે ઋષભ નેકી વિચારત, મુક્તિ લહેજો ભવિ પ્રાણી ॥ ૩૩ ॥ ઇત્યાત્મોપદેશ લાવણી સંપૂર્ણ ॥

## અથ કવિ દીપ વિજયજી કૃત શ્રી ઋષભ દેવજીની લાવણી.

### દોહો.

આદિકરન આદી જગત, આદિ જિણંદ જિનરાજ ॥
ધુલેવનાથ જાચો ધણિ, બરનું શ્રી મહારાજ ॥ ૧ ॥

## લાવણી.

॥ કાસ્યપ ગોત ઇખાગ વંશમેં, મરૂદેવા જનની જાયો ॥ નાભિ નરેસર વંસ ઉજાલન, આદિ ધર્મ જસ પ્રગટાયો ॥ ૧ ॥ ચોસઠ સુરપતિ દેવ દેવી મિલ, મંદિર ગિર પૈ ન્હવરાયો ॥ ઇસો ઋષભ નિધિ પ્રગટ કલ્પતરૂ, સુરનર મુનિજન નિત્ય ધ્યાયો ॥ ૨ ॥ ખડગ દેશમેં નગર ધુલવેં, જાસ દદામા ધુરતા હેં ॥ જાકો મહિમા અપરંપારા, કવિજન કીર્તિ કરતા હે ॥ ૩ ॥ આદૌ મૂરત કાલ અસંખ્યકી, પૂજી સુરગણ અસુરિંદા ॥ સુરપતિ નરપતિ વંદિત પદ જુગ, વલિ પૂજિત સૂરજ ચંદા ॥ ૪ ॥ લાખ અગ્યાર હજાર પંચાસી, વરશ પાંચશે પંચાસા ॥ ઈતને બરસ પર લંકા ગઢમેં, પૂજિત રાવણ ગુનરાસા ॥ ૫ ॥ રામચંદ્ર સીતા અરૂ લછમન, ઓ મૂરત પૂજન લ્યાએ ॥ નયરી અયોધ્યા જાતે અધબિચ, નયર ઉજેણી ઠહરાએ ॥ ૬ ॥ પ્રજાપાલ નરપતિકી તનયા, સુંદરિ મયણાં ધરમનકી ॥ બાપ કરમ અરૂ આપ કરમકી, ભઈ લડાઇ મરમનકી ॥ ૭ ॥ આપ કરમકે ઊપર નૃપનેં, કુષ્ટીવરપેં પરણાઇ ॥ મયણાં ચિંતે કાંઇ નવાઇ, કરમ લખી સો બનિ આઇ ॥ ૮ ॥ ઇકદિન જિન પૂજન ગુરૂવંદન, આઇ શ્રી જિન મંદિરપેં ॥ વંદન પૂજન કરકે ઇકચિત, ધ્યાન ધરે મન કંદરપેં ॥ ૯ ॥ ઇતિ ॥

## અથ મયણા સુંદરીકી ધ્યાન સ્તુતિ.

### ( મોતિદામ છંદ. )

॥ તુંહિ અરિહંત તુંહિ ભગવંત, તુંહિ જિન રાજ તુંહિ જગસંત ॥ તુંહિ જગનાથ તુંહિ પ્રતિપાલ, તુંહિ મનમોહન ગાજિ દયાલ ॥ ૧ ॥ તુંહિ ભવભંજન ભાવ સરૂપ, તુંહિ અરિ ગંજન રંજન ભૂપ ॥ તુંહિ અવિનાસી તુંહિ વીતરાગ, તુંહિ મહારાજ તુંહિ વડ ભાગ ॥ ૨ ॥ તુંહિ ગુણધામ તુંહિ વિસરામ, તુંહિ નવનિધ તુંહિ વડનામ ॥ તુંહિ અઘનાશ તુંહિ અવિનાશ, તુંહિ મતિવંત તુંહિ મતિ વાસ ॥ ૩ ॥ તુંહિ ગુન કેવલ રૂપ અનંત, તુંહિ જગતારન તારન સંત ॥ તુંહિ જગધ્યેય તુંહિ જગધ્યાન, તુંહિ ચિદ્દરૂપ તુંહિ

જગ ભાન ॥ ૪ ॥ તુંહિ મમ માત તુંહિ મમ તાત, તુંહિ મમ ભ્રાત તુંહિ મમ છાત ॥ તુંહિ સરણાગત રાખણુ હાર, તુંહિ દુખ દોહગ ટાલણુહાર ॥ ૫ ॥

## લાવણી.

॥ કરૂં અરજ એક તોપેં જિનપતિ, કંત કુષ્ઠસેં નહીં ડરતે ॥ પૂરવ કરમકે લિખિત લેખ જે, કિસકે ટારે નહીં ટરતે ॥ ૧ ॥ પણ તુઝ શાસન જગત હેલના, જગત ઢંઢેરા બાજત હે ॥ આપ કર્મ અરૂ જૈન ધર્મકે, ફલ પાઇયેં યો લાજત હે ॥ ૨ ॥ યો દુખ મોસેં સહ્યો જાત નહીં, આદિનાથ જગ રખપાલા ॥ કરૂના કરકેં રોગ નિવારન, ગુન કીજેં જગ પ્રતિપાલા ॥ ૩ ॥ યક્ષ પ્રસન્ન હોય ફલ બીજોરાં, હાથ તણો ફલ તવ દીનો ॥ મયણા તવ ઉલ્લાસ ભઈ મન, ચિંતે સબ કા-રજ સીનો ॥ ૪ ॥ તો દિન નમણુ નીર તનુ ફરસે, કુષ્ઠ રોગ સબ નાસત હે ॥ કામદેવ અરૂ અમર સમોવડ, નૃપ શ્રીપાલ સોહા-વત હે ॥ ૫ ॥ યા કીરત પ્રભુ તિહારી ભૂતલ, પ્રગટ પ્રબલ હે જસ સેરો ॥ આસો ચૈત્ર માસમેં મહિમા, દેશ દેશમેં પ્રભુ તેરો ॥ ૬ ॥ ફિર વાગડ દેશ વડોદ નગરમેં, જગપર પ્રભુકરૂના કિની ॥ કિતને વરસ લગ મહીમાં મહિમા, અવિચલ ભૂતલ રિદ્ધ દીની ॥ ૭ ॥ દિ-લ્લીપર તુરકાન ભયો તબ, પાદશાહ લરવા આયો ॥ છૂત ભૂત પથ્થ-રકી મૂરત, જડ મુલ્લાંસેં ઉખરાયો ॥ ૮ ॥ બહો દિનાં લગ કીઇ લ-રાઇ, થાકો યાૈં વાચા બોલે ॥ દેવ હિંદકો બડો જાગતો, યાૈં બોલત ફિર ફિર ડોલે ॥ ૯ ॥ સુનો બાત કાજી મુલ્લાં તુમ, એક બાતસેં ત્રા-સેંગા ॥ ગૌ બ્રાહ્મણુ પ્રતિપાલ કહાઈ, ગોવધસેં યાૈં નાસેંગા ॥ ૧૦ ॥ ગો વધ કરન લગે જબ નજરેં, દેખ શકે કયાૈં પ્રતિપાલા ॥ કરન જુદ્ધજબ ભએ મહાબલ, શસ્ત્ર ઝડો ઝડ વિકરાલા ॥ ૧૧ ॥

## દુહો.

॥ મહા યુદ્ધ કરનેં લગે, ધાવ ચોરાશી અંગ ॥
॥ કરી મલોખા ગાડલી, આએ ધુલેવ સુરંગ ॥ ૧ ॥

## લાવણી.

॥ ગામ ધુલેવેં વંશ જાલમેં, ગુપ્ત રહે હેં પ્રભુ ધરતી ॥ ગાય એક કોડી બનીયનકી, આઈ વાંહાં ચરતી ચરતી ॥ ૧ ॥ સ્રવે તિહાં પયધારા શિરપર, સાંઝ સમેં ફિર નહીં દૂઝે ॥ રીશ કરી તવ ગોપાલન પર, ગવા પાલ થરથર ધ્રૂજે ॥ ૨ ॥ દુજે દિન ગોલારેં આયો, લહ્યો ભેદ કહ્યો બનીયનપેં ॥ શેઠ આય જબનજરેં દેખ્યો, ચકિત ભયો હેં તનમનપેં ॥ ૩ ॥ મધ્ય રાતમેં સુપનો દીનો, ઋષભ નાથકી મૂરત હૈ ॥ બહિર નિકાસો કરો લાપસી, ભિતર મૂરત પૂરતહૈ ॥ ૪ ॥ નવ દિનમેં સબ ધાવ મિલાસી, મત કાઢેતું નવ દિનમેં ॥ કિયો શેઠને હુકમ પ્રમાણેં, આયે સંઘ બહોછો દિનમે ॥ ૫ ॥ કે ઉપવાસી કૈ વ્રતધારી, કૈ અલુઆણે પાઉંચલે ॥ કઇ લોકકું દુઃકર બાધા, કબાં પ્રભુકો દરસ મિલે ॥ ૬ ॥ યું સબ લોકાં દરસતરસકી, કહે લોક મૂરત કાઢો ॥ લાઓ લાઓ મહરાજકી મૂરત, સંઘ સબે લીનો આડો ॥ ૭ ॥ જબ્બર જસ્તપેં દિવસ સાતમેં, લાપસિ બાહિર તવકીને ॥ અંસ અંસભર વ્રણ રહા એ, સંઘ લોક દર્શન દીને ॥ ૮ ॥ ફિર સુપનેમેં દ્રવ્ય દિખાયો, સંઘે મિલ દેવલ કીનો ॥ મધ્ય બિરાજે ઋષભ તખતપર, કલિયુગમેં યૌં જસ લીનો ॥ ૯ ॥

## દુહો.

સંવત અઢાર ત્રેસઠમેં, ભાઉ સદા શિવરાય ॥
કિયો ધિંગાનો દુષ્ટનેં, ભાખું બરન બનાય ॥ ૧ ॥

## મોતિદામ છંદ.

॥ સદાશિવરાય ચિંતે મન એહ, લુંટે બહુધામ જમીપર જેહ ॥ ભિલ્લાં પત નાથ ધુલેવ કહાય, લખોલગ દ્રવ્ય ભંડાર સુનાય ॥ ૧ ॥ જાવાં અબ લૂંટણુ ગામ ધુલેવ, ગ્રહું સબ માલ જઈ તત ખેવ ॥ આયો નિજ ફોજ લેઇ દલ ગાજ, તોપાં દોય સાથ લીઆ બહુ સાજ ॥ ૨ ॥ કંપુ દોય લાર લીએ શીરંગાણુ, ઉટાં ભર સાથ લીએ કોક

બાણુ ॥ તવાં બહુ લોક કહે મહારાજ, નહી ઇહ કારન કૃત્ય અ-કાજ ॥ ૩ ॥ એ તોબહ જાજલ દેવ કહાય, રહે નહીં લાજ તિહાંરિય કાંય ॥ તવાં ફિર બોલે સદાશિવ ભૂપ, ગ્રહું સબ માલ અબાં ચઢી ચૂપ ॥ ૪ ॥ ઇસ્યો કહિ આવત દુષ્ટ કરૂર, કિયો નજરાણુહ નાથ હજૂર ॥ રખ્યો નહીં નાથ તવાં નજરાણુ, ભયો મન ચક્રિત માન ગિલાણુ ॥ ૫ ॥ તવાં મન ચિંત ભંડારી બુલાય, મિઠે વચ બોલ સબે લલચાય ॥ લઈ સંગ આય મુકામ મઝાર, કિયો તબ કૂચ લઇ સબ લાર ॥ ૬ ॥ કરે તબ ગામ પુકાર પુકાર, ભંડારિ સબેય પુકાર પુકાર ॥ કરો અબ બાહર નાથ દયાર, ગયો કિહાં આજ ગરીબ નિવાજ, ચઢો અબ વાહર રાખણુ લાજ ॥ ૭ ॥

### દોહા.

॥ ઊણુ સમે કોઊ શેઠકો, વહાણુ તારણુ કાજ ॥ ગયે અધિષ્ઠાયક નાથજી, ભેરૂ ગએ વહાં ગાજ ॥ ૧ ॥ સુણો અરજ પ્રથિનાથજી, સ-હેર ધુલેવ મઝાર ॥ કિઓ અકારજ દુષ્ટને, શીઘ્ર ચલો જન તાર ॥ ૨ ॥ આએ તુરત મહારાજજી, કરવા જન સંભાલ ॥ દો ઘોડે દોનું ચઢે, ભેરૂ અરૂ પ્રતિપાલ ॥ ૩ ॥ ભિલ્લ કોપ આપેં કિયો, દશ દિશિ ફોજ હજાર ॥ માર માર ચો તરફથેં, ભઈ લડાઈ ત્યાર ॥ ૪ ॥

### ભૂજંગપ્રયાત છંદ.

ફુક્કે ફૂકુ ફુક્કે વહે કોક બાણું, સણુંણું સણુંણું તીર તરકસ્સ બાણું ॥ ધુબાકેં ધડાકેં વહે નાલ ગોલા, જિસા કર્કસા જમ્મરા નયણુ ડોલા ॥ ૧ ॥ કિતેં અંગપેં શસ્ત્રરા ઘાવ લાગે, કિતેં મારથેં કંપતે દૂર ભાગે ॥ કિતેં દંતપેં તરણુ લેવેં વરાકા, કિતેં થરથરે ત્રાસ હોવેં નિરાકા ॥ ૨ ॥ કિતેં રસુલ્લા ઇલલ્લા પુકારે, કિતે દીન વ્હૈકે ખુદાપેં સંભારે ॥ કિતે નાથપેં કેશરાં ખુન માને, કિતે નાથકું જાગતી જોત જાને ॥ ૩ ॥ સદાશીવને ઘાવ લગ્ગો અટારે, પુની ભાઉ જશવંત દોનું સંહારે ॥ બડો કોપ જાની સબે ફોજ ભાજી, હુઇ કેશરી નાથરી જીત બાજી ॥ ૪ ॥ સદાશીવને આખડી અટક લીનો, સવા પાંચશે રૂકમરો ખુન દીનો ॥ ઈસો નાથ ધૂલેવરો મર્દ ગાજી, સદા કેશરા નાથરી જીત બાજી ॥ ૫ ॥

### દુહો.

યા વિધ કલિયુગ જગજના, તાર્યા કૈ જિનરાજ ॥
દીપ વિજય કવિ રાજકું, મહેર કરો મહારાજ ॥ ૧ ॥

### ( મોતીદામ છંદ. )

॥ તુંહિ નવ નિદ્ધ તુંહિ અડ સિદ્ધ, તુંહિ મન વંછિત વંછિત રિદ્ધ ॥ તુંહિ સરદાર તુંહિ કિરતાર, તુંહિ સરણાગત દીનદયાળ ॥ ૧ ॥ તુંહિ ઘટકુંભ તુંહિ ગવધેન, તુંહિ સુરવૃચ્છ તુંહિ મમસેન ॥ તુંહિ દચ્છણાવત દાયક દેવ, તુંહિ વિસરામ તુંહિ વડસેવ ॥ ૨ ॥ તુંહિ મમ પ્રાણ આધાર જરૂર, તુંહિ મમ ઇચ્છિત દાયક નૂર ॥ તુંહિ મમ ભૂપ તુંહિ પતશાહ, તુંહિ મમ રિદ્ધ ભંડાર અગાહ ॥ ૩ ॥ તુંહિ મમ મંત્ર તુંહિ મમ યંત્ર, તુંહિ મમ સત્ય તુહિં મન તંત્ર ॥ તુંહિ ગછનાયક તુંહી શ્રીપૂજ્ય, તુંહિ મમ પૂજ્ય તુંહિ જગ પૂજ્ય ॥ ૪ ॥

### લાવણી.

॥ નાથ ધુલેવા કીરત સુનકે, દેશ દેશ નૃપ આવત હે ॥ કેશરમેં ગરકાવ રહેંથેં, કેશર નાથ કહાવત હે ॥ ૧ ॥ સહેર પરગણે દેશ દેશાવર, ફિરે દૂહાઈ નાથનકી ॥ હિંદુ મુસલ બડ રાણા હાજર, પૂરેં ઇચ્છિત સબ મનકી ॥ ૨ ॥ જલવટ થલવટ વાટ ઘાટમેં, રણ રાવલ દુઃખ દૂર હરે ॥ ઇકચિત્ત ધ્યાનેં જે નિત સમરે, અખય ખજાના અભર ભરે ॥ ૩ ॥ ધિધિમપ ધિધિમપ ધમપ ધમપમપ, તાલ પખાવજ રાજતહેં ॥ ગડગડ દૌ ગડગડ દૌ ગડગડ દૌ, ગડગડ દૌ, ઘોંઘોં નોબત બાજતહેં ॥ ૪ ॥ હિંદુપતિ પતશાહ ઉદેપુર, ભીમસિંહકે રાજનમેં ॥ એહ લાવણી ખૂબ બનાઈ, સકલ સંઘકે સાગનમેં ॥ ૫ ॥ સંવત અઢાર પચ્ચોત્તર વર્ષે, ફાગુણ સુદિ તેરસ દિવસેં ॥ મંગળ કે દિન દીપ વિજયકું, દરસન પરસન દો ઉલસે ॥ ૬ ॥

### કલશ છપ્પયછંદ.

॥ સમવસરન જગ સરન, તીન લોક કલિમલ હરન ॥ ધુનિ બરસત જલ ધરન, ભરન પોષ પાવન કરન ॥ જુગલ ધર્મ નિતિ

હરન, સબ કરમ ઓઘ ઘન જરાન ॥ મોહ મલ્લ અરિ દરન સુકનકા બરન સુધ ચરન ॥ ઇંદચંદ પદ જુગલ સેવન, જગત બિરદ તારન તરન ॥ દીપ વિજય કવિરાજ બહાદુર, ઋષભ નાથ અસરન સરન ॥ ૧ ॥

પુન: છપ્પયછંદ.

॥ ઋષભ નાથ મહારાજ, સબે દુ:ખદારિદ્ર ભંજન ॥ ઋષભ નાથ મહારાજ, સબે ભૂપ મનરંજન ॥ ઋષભ નાથ પ્રથિનાથ, સમસ્ત્રો વાહર ધ્યાયેં ॥ ઋષભનાથ પૃથિનાથ, મંગલ નામ ગવાયેં ॥ દીપ વિજય કવિરાજ બહાદુર, ખલક મુલક હાજર રહે ॥ કલિ જુગજાયો દેવતું, સુરનર સબકીરત કહે ॥ ૨ ॥

॥ ઇતિશ્રી શ્રીમંતશ્રી આતપત્ર ધારક શ્રી ત્રિલોકી પાતશાહ મહા મહારાજાધિરાજ ચક્રવર્તિ નરિંદ્ર સૂરિંદ્ર સેવિત ચરણારવિંદ શ્રી ઋષભ નાથજીકી લાવણી સમાપ્ત ॥

## અથ શ્રી નેમનાથજીની લાવણી.

॥ નેમનાથ મોરી અરજ સુનીજેં, મેં હું દાસી ચરણુંકી ॥ તોરણ આયે ફિર મત જાઓ પિયા, તુમકું સોગન યાદવકી ॥ નેમ૦ ॥ ૧ ॥ જાન લેઇ તુમ વ્યાહન આયે, લારે સેના માધવકી ॥ છપન્ન કોડકુલ યાદવ આયે, એ અવસર નહીં ફિરનુંકી ॥ નેમ૦ ॥ ૨ ॥ રથ ફિરાકે ગિરિવર ધાયે, હમકું છંડી નવ ભવકી ॥ મેરે સાવરે શ્યામ સલૂને, અબતો હું નહીં રેહેનેકી ॥ નેમ૦ ॥ ૩ ॥ સુણુસજની મેં તોકું કહુંછું, દેખું શોભા ગિરિવરકી ॥ નેમ શ્યામકું દેખીઆણુંદ, તતક્ષણ પાયે પડનેકી ॥ નેમ૦ ॥ ૪ ॥ રાજુલ સુંદરી તિહાંથી નીકસી, જાઇ ચઢી ટૂંકેસરકી ॥ માત પિતા બંધવ સહુ છાંડી, જાશું સંગેં જાદવકી ॥ નેમ૦ ॥ ૫ ॥ હાથ જોરકે વીનવે રાજુલ, વાત સુણો પીઉ મુઝ ઘરકી ॥ હમકું છાંડ ચલે નિરધારી, અબહું પ્રીતમ સરણુંકી ॥ નેમ૦ ॥ ૬ ॥ નેમ કહે તું સુણ હો રાજુલ, વિષયા રસ છે વિષ સરખી ॥ એ સંસાર અસાર નિરંતર, કર કરની એક તરનુંકી ॥ નેમ૦ ॥ ૭ ॥ પીઉજી પાસેં સંયમ લીનો, જિનસેં કારજ સરનુંકી ॥ તપસ્યા કરિને ઉત્તમ

કરણી, એ ભવપાર ઉતરનુંકી ॥ નેમ૦ ॥ ૮ ॥ પીઉજી પહેલાં રાજુલ નારી, પહોતાં છે પરમા પદકી ॥ કેવલ પાયે નેમ સિદ્ધાએ, એહી શોભા હે જિનકી ॥ નેમ૦ ॥ ૯ ॥ ચતુર કુશલ તો કહત લાવની, જિનસેં કારજ સરનુંકી ॥ અરિહંત ધ્યાન ધરો દિલમાંહે, ફિર ફેરા નહિં ફિરનુંકી ॥ નેમ૦ ॥ ૧૦ ॥ ઇતિ **શ્રી નેમનાથજીની લાવણી.**

## અથ શ્રીપારસનાથની લાવણી.

॥ તેના ગાવત રંગ ચંગશું, જ્ઞાન ધ્યાનમેં ખૂબ ખડા ॥ તીન લોકમેં સચ્ચા સાહેબ, પારસ નાથ અવતાર બડા ॥ ૧ ॥ સહુસેં દિલ લગા નિશાની, ઊપરહેનિગા બાની ॥ અંજલી ગત જલ ભરયા જૈસા, ભરોંસા પિંડકા ઐસા ॥ ૨ ॥ ઔરત ઓર મેહેલ કયા કરનાં, છોડ કર એક દિન ચલનાં ॥ તેરા નહિ કોઇ કીસી બાતેં, ચલેગા એકલા રાતેં ॥ ૩ ॥ હમ યાદ કરે અડંગ પ્રભુસેં, જો મિલે ગૌતમહી હુમસેં ॥ સૈયું યો રોજ દીલ બેઠો, સદા શુભ વીર ધરે બેઠો ॥ ૪ ॥ અરે જિનરાજ મેરા સચ્ચા, તેરે બિન સબી કામ કચ્ચા ॥ ભજ જન તુંહિ અરિહંત ભગવંત સાધુ સંત સંત, થૈથા ઘટમેં ખેલતા પરમાતમા ॥ ૫ ॥ ઇતિ ॥

## અથ શ્રીપારસનાથ લાવણી.

॥ પારસનાથ વિખ્યાત જગતમેં, જિનશાસનમેં, જયકારી ॥ જસ ગુણ મહિમા અપર પાર હે, ધ્યાન ધરે સુર નર નારી ॥ એ આંકણી ॥ નાથ નિરંજન ભવદુઃખ ભંજન, તત્ત્વજ્ઞાનકે દરિયા હે ॥ જ્યોતિસ્વરૂપી જગદાનંદન, જગ જસ કીરતિ વરિયા હે ॥ પા૦ ॥ ૧ ॥ નગર બનારસી વરતે જગમેં, અશ્વસેન નૃપ અધિકારી ॥ વામા કૂખેં કુલ અજુવાલણ, પ્રગટ્યા પારસ પટધારી ॥ પા૦ ॥ ૨ ॥ નરકનિગોદ ભયા અજુવાલા, આસન કંપ્યા સુરપતિકા ॥ છપન દિગ્‌કુમરી કરવા આઈ, જનમ મહોત્સવ જગપતિકા ॥ પા૦ ॥ ૩ ॥ ચોસઠ સુરપતિ પ્રણુમી પ્રભુને, મેરૂ ગિરિ લઈ નવરાવે ॥ કરી મહોચ્છવ માતા પાસેં,

મૂકી સરગેં સુર જાવે ॥ પા० ॥ ૪ ॥ અનુક્રમેં જોબન પાયા જિનજી, વિષયારસમેં વરણાવે ॥ માત પિતા કરિ હરખેં મહોચ્છવ, રાણી પ્રભાવતિ પરણાવે ॥ પા० ॥ ૫ ॥ અદ્‌ભુત રૂપ અનૂપમ જોડી, દંપતિ વિલસે સુખ સારા ॥ મેહેલ મનોહર મનકી મોજાં, પ્રેમ પુરાતન ધરી પ્યારા ॥ પા० ॥ ૬ ॥ એક દિન ગોખેં રમતાં રસ ભર, સારી પાસા સુખકારી ॥ લોક કુલાહલ કૌતુક કરતાં, જાતાં દેખી નર નારી ॥ ॥ પા० ॥ ૭ ॥ પાસકુમર તબ પૂછત પ્રેમેં, કહાં ચલત હે જન સારે ॥ લોક કહે એક આએ તાપસ, કઠોરકે હે ખમનારે ॥ પા० ॥ ૮ ॥ ખલક ચલે દુનિયાં દરસનકું, લેઇપૂજાકી પતરાલી ॥ મિષ્ટાન્નાદિક મોદક મેવા, ખાન પાનકુ ઘૃતસાલી ॥ પા० ॥ ૯ ॥ સુનકે પાસ કુમર પણ જોવા, આવે આશ્રમ કાનનમેં ॥ દીઠા જોગી તપહી તપતા, તમક તેજસેં તાનનમેં ॥ પા० ॥ ૧૦ ॥ પંચકુંડ પાવક પર જલતા, અધબીચ બેઠા આસનસેં ॥ ઊર્ધ્વે ભુજા કરી ગ્રહી જપમાલા, ધ્યાન ધરંતા નાસનસેં ॥ પા० ॥ ૧૧ ॥ ભૂયેં લૂઠંતી જહારો લેઇ, દગમુદ્રિત કરી દુનિયાસેં ॥ લાલ સિંદૂર લપેટા ભાલેં, અંગવિભૂતિ ભુંસિયાસેં ॥ પા० ॥ ૧૨ ॥ નાગ જલંતા દેખી દયાલા, અવધિજ્ઞાન ધરી માનનસેં ॥ કહે જોગીકું કયા તન જાલે, જીવ દયા બિન જાનનસેં ॥ પા० ॥ ૧૩ ॥ તબ જોગી કહે સુણો નૃપનંદન, મત છેડો તુમ મુનિયનકોં ॥ ગજ ઘોડા રથ ખેલ ખેલાઓ, જાઓ ડરાવો દુનિયનકોં ॥ પા० ॥ ૧૪ ॥ હમ જોગી અવધૂત એકિલા, વનવાસી વિચરંદા હે ॥ ગુરૂકે જ્ઞાન સહી ઘટ ભીં-તર, જોગી જિહાં શંકરંદા હે ॥ પા० ॥ ૧૫ ॥ કોન ગુરૂ તુઝ ભેખ ધરાયા, નવિ ઓલખાયા ધરમનકું ॥ દીક્ષા ભરમ ભરાયા તુઝકું, કાયા કષ્ટજ કરનનકું ॥ પા० ॥ ૧૬ ॥ હમ ગુરૂ ધરમ પિછાના એસેં, માયા મમતા નવિ ધરતા ॥ કંચન કામિની સંગ ન કરતા, અવિનાશીપદ અનુસરતા ॥ પા० ॥ ૧૭ ॥ કાષ્ઠચિતાસેં નાગ નિકાલા, કાન સુનાયા નવ પદકું ॥ પ્રભુદરસેં પરમેષ્ટીધ્યાનેં, લઇ અવતાર અસુર ઇંદકું ॥ ॥ પા० ॥ ૧૮ ॥ પાસકુમરકી થઈ પરશંસા, કમઠ લજાણા લોકનમેં ॥

દ્વેષ ધરંતો પાસપ્રભૂ પર, રહેતો અહોનિશ શોકનમેં ॥ પા૦ ॥ ૧૯ ॥ ક્રિયા અજ્ઞાન કરીને, દેવ થયો ઘન ગરજનકો ॥ અવધિ પ્રયુંજી વૈર સુભાવેં, પૂરવ પારસ તર્જ્જનકો ॥ પા૦ ॥ ૨૦ ॥ નિજ ઘેર આવી નાથ નિહાલે, ચીતર રાજુલ નેમીને ॥ સુખ સંસાર તજી તન મનથી, વરસી દાનેં વ્રત લીને ॥ પા૦ ॥ ૨૧ ॥ તપ જપ સંજમ સમતા સંગેં, રહેતા અહનિશ ધ્યાનનમેં ॥ વડતલેં ઊભા કાઉસ્સગ્ગેં, તવ ઝડ લાગી તાલનમેં ॥ પા૦ ॥ ૨૨ ॥ જિન નાસા લગેં નીર ભરાણું, તોભી ન ચલિયા ધ્યાનનસેં ॥ આસન કંપિત દેખત અપનાં, ધરણીધર જુવે જ્ઞાનનસેં ॥ પા૦ ॥ ૨૩ ॥ દમતા દેખી અપના સાહેબ, કમઠાસુર મદ હારણકું ॥ ધરણીધર પદમાવતી આવે, શ્રીજિન કષ્ટનિવારણકું ॥ પા૦ ॥ ૨૪ ॥ સહસફણા શિરછત્ર બનાવી, ધરણીધર રહે કર જોડી ॥ પદમાવતીકું લહિ શિર સાહી, કમઠ હકાર્યો જઇ દોડી ॥ પા૦ ॥ ૨૫ ॥ દુંદુભિનાદ બજાયા દેવેં, રંગ રાગ ગુણ ઉચ્ચરંતા ॥ ધરણીધર પદમાવતી નાચે, ઠમકે પાયલ પગ ધરતા ॥ પા૦ ॥ ૨૬ ॥ ઝાંઝર ઝણકે નેકુર રણકે, ઘમકે ઘુઘરી પાયનમેં ॥ ઘુમરિ દેતા લૂંછણ લેતા, તતથઈ તાન મચાવનમેં ॥ પા૦ ॥ ૨૭ ॥ નવનવિભાંતે નચતી નાટક, લલિ લલિ નાક નમાવત હે ॥ અષ્ટકરમ દલ દૂર હઠાવી, શુકલધ્યાન પ્રભુ ધ્યાવત હે ॥ પા૦ ॥ ૨૮ ॥ નાથકે ચરણે સીસ નમાવી, અમર ગયા નિજ આવાસેં ॥ પ્રગટ્યા કેવલજ્ઞાન પ્રભુકું, પહોતા શિવપુર સહવાસેં ॥ પા૦ ॥ ૨૯ ॥ જ્ઞાન ધ્યાનસેં ગોઠ મચાવો, રંગ મચાવો અનુભવકો ॥ જિનગુણ ગાવો ભાવના ભાવો, તાપ સમાવો ભવ દવકો ॥ પા૦ ॥ ૩૦ ॥ અધિક માસ ઓગણીશેં એકે, શ્રાવણમાસેં સુધિ શાલી ॥ રંગવિજય રહી રાજનગરમેં, કહી લાવની લટકાલી ॥ પા૦ ॥ ૩૧ ॥ ઇતિ ॥

## અથ શ્રીપારસનાથની લાવણી.

॥ પ્રભુ પારસ ભજલે ભાઈ, ગ્યાન ધ્યાન સંયમ સમકિતસેં, સુખરે કમાઈ ॥ મેલ મન અંતરકી આંટી, કરમ ઊદય ચેતનકું પડી

જબ, નિગોદકી ઘાંટી ॥ ત્રુટક ॥ મહાદુઃખ પાયા, મહારાજ મહાદુઃખ પાયા, જિનવર મુખસેં નહિં ગાયા, નહિં તિલભર શાતા પાઇ ॥ જ્ઞા૦ ॥ ૧ ॥ તન ધન જોબન નહિં આપનાં, કુટુંબ કબીલા મેડી મંદિર, રજનીકા સુપનાં ॥ ત્રૂ૦ ॥ સબી બિરલાવે ॥ મહા૦ ॥ સંપત સંગત નહિ આવે, ફિર ચેતન મન પસ્તાવે, ધરમ નિજ કર લે સુખદાઇ ॥ જ્ઞા૦ ॥ ૨ ॥ ભરમ અંતરગતમેં લાગો, વિષય હેત કુમતિસેં વિષય રસ, ચાખણકું લાગો ॥ ત્રૂ૦ ॥ પાપસંગ ચાલે ॥ મહા૦ ॥ ચેતનકું નરકમેં ડાલે, જિન મારગકું નહિં ચાલે, જપો જિનવરકું લય લાઇ ॥ જ્ઞા૦ ॥ ૩ ॥ મેરા પાપ ભવોભવકા કાપો, મુગતીદાન અમર સુર પદવી, સેવકકું આપો ॥ ત્રૂ૦ ॥ વીનતિ માનો ॥ મહા૦ ॥ અરદાસ હઇઆમાં આનો, મુજકું અપનો કર જાનો, દેવ દીઠા જિનવર નાઈ ॥ જ્ઞા૦ ॥ ૪ ॥ અરજ આપકો સેવક કરતા, ભવજલમાંહિ પાર ઊતારો, મેં નિગોદસેં ડરતા ॥ ત્રૂ૦ ॥ શ્રીજિનવાણી ॥ મહા૦ ॥ અમૃતસું અધિકી જાણી, જિનદાસ હઈયામાં આણી, કીર્ત્તિ જિનવરકી મેં ગાઇ ॥ જ્ઞા૦ ॥ ૫ ॥ ઇતિ ॥

## અથ શ્રીપાર્શ્વનાથ લાવણી.

॥ પ્રભુપાસ જિણંદા, દરસન દેખી આણંદા, મુખ પૂનમકા ચંદા, સાસ કમલકી સુગંધે જી ॥ નિર્મલ કાંતિ અતિરૂપાલી, સબ કહેતે ભગવાને જી ॥ એ આંકણી ॥ બાલપણેકે મ્યાને, પ્રભુ હે બહોત સિયાને, ચલે કમઠા પૂજને, હુવે ઘોડે પર સ્વારે જી ॥ આજુ બાજુ સબ ચલે સિપાઇ, ગમરૂંદા ચોપદારે જી ॥ દેશી ફેંકતી ॥ નગરી વાણારસી હે ગામ રે, ઊહાં તાપસકા એક ધામ રે, કરતા અગનાની કામ રે, પાઉં બાંધ્યા ઊનને ઊંચે, શીસ ગયા ફિર નીચેં, નહિ દયા ધરમ રૂચે, ઊને ધિખાઇતી તો અગનેં જી ॥ કરૂણાવંત કૃપાકે સાગર, આએ બાત દેખને જી ॥ પ્ર૦ ॥ ૧ ॥ ઊસકોં કહેતે ભગવાન સુણ તાપસ અજાણ, તું તો હે અગનાન, નહિ ખટકાયકી તો ખ-

બરે, નાગ તો એકીલા જલતા, કાષ્ઠકે અંદરે જી ॥ પ્રભુ નિકાલ બાહાર, સબ દેખે નર નાર, સેવક દીયે નવકાર, ધરણીધર પદવી પાયા જી ॥ દેશી ફેંકતી ॥ હુયે ધરણીધર બડવંતી રે, નાગરાયકી હો ગઈ ગતિ રે, અગિલે ભવકી બાત હુઈ છતી રે ॥ પ્રભુ કિયા ઉપગાર, દિયા મંત્ર નવકાર, તુમ હો જગત આધાર, એસી સ્તુતિ કારણેં જી ॥ ધરણુરાય પાર્શ્વનાથ સાસત માને જી ॥ પ્ર૦ ॥ ૨ ॥ પ્રભુ પારસ સ્વામી, હુવે મુગતિકે કામી, સુખ સંસાર વામી, ચારિત્ર અંગીકાર કીયા જી ॥ મસાણુ ભૂમિકે મ્યાને જાકર, કાઉસગ અપને લીયા જી ॥ કમઠકી હુઈ પુરી, મરિ હુવા મેઘમાલી દુરી, ઊને બાત બિચારી મેરા, દાવ તો આજે આયા જી ॥ દેશી ફેંકતી ॥ વેરભાવ આવ્યા દિલમગને રે, ખુબ ઘટા ચડાવી ગગને રે, વરસાદ પાણી પવનેં રે, જ્યાં થે પારસ ભગવાન, પ્રભુ ચુકતા નહિં ધ્યાન, પાણી ચઢાય પહેલી ચઢાઈ ધૂલ, ધરણીધર રાય હે દૂર, ઉનકે કંપતો આસને જી ॥ પ્ર૦ ॥ ૩ ॥ પદમાવતી ધરણીધર, રૂપ મહાલક્ષ્મી કરકર, બેઠાયા ખંધપર, એતો પાસપ્રભુ કિરતારે જી ॥ સહસ્ર ફણીકા નામ હોકર, છત્ર કિયા શિરપરેં જી ॥ મેઘમાલિ મસ્તાન, કયું કરતા તોફાન, જુદ્ધ કરતા અસમાન, આજ લેવી તેરી ખબરે જી ॥ મૂઢમતિ મહાપાપી તું તો, કયું ઊતરેગા ભવપાર જી ॥ દેશી ફેંકતી ॥ પ્રભુ પાયે લગાયા મેઘમાલી રે, બહોત તકસીર હુઇ હમારી રે, જાઉં ચરણુકમલ બલહારી રે, હોય જયવંતા જયકારી રે ॥ જગતારક જિન દેવા, કરે ચોસઠ ઇંદર સેવા, તુમ નામેં નવનિધ મેવા, ભવોભવહે તોરે શરણેં જી ॥ અષ્ટકરમ ચકચૂર લગે, ભવસાગરમેં તરનેં જી ॥ પ્ર૦ ॥ ૪ ॥ ત્રેવીશમો જિનરાયા, એક શો વરસનું આયા, શિવનગરીકું સિધાયા જી ॥ જનમમરણુ ભય ટાલી એ તો, અવ્યાબાધ સુખ પાયાજી ॥ મેં તો પ્રણુમું પ્રભુ પાસ, ભવોભવ તારો દાસ, પૂરો મનકી આશ, મેંને ગુણુ તમારા ગાયા જી ॥ આવાગમન મિટ જાય, એસી કિરપા કરો જિનરાયા જી ॥ દેશી ફેંકતી ॥ તુમ સાચા

સાહેબ મેરા રે, મિટિયા ચોરાશી ફેરા રે, મેં સેવક ભવોભવ તેરા રે, દેખાઓ મુગતિકા ડેરા રે, સદગુરૂ દિયે જ્ઞાન, છૂટે શબ્દોકે બાન, ગાજે શાસ્ત્ર પ્રમાણુ, કુલ સકલ સબદો દિયે માને જી, એકેક શબદેં તિન તિન કડિયાં, કોઇ વિરલા પીછાને જી ॥ પ્ર૦ ॥ ૫ ॥ ઈતિ ॥

## અથ જીવઊપદેશ લાવણી.

॥ સત્ય ધરમકું છોડ અધર્મેં, પડનાં ના ચઇએં ॥ તીર્થ છોડકે ઓર ડુંગરપર, ચડનાં ના ચઇએં ॥ સત્ત ગુરૂકું છોડ કુગુરૂકું, સેવનાં ના ચઇએં ॥ કલ્પવૃક્ષકુ છોડ લિંબ ફલ, ખાનાં ના ચઇએં ॥ જિનમંદિરકું છોડ, ગુણિકા ઘર જાનાં ના ચઇએં ॥ શીયલ વ્રતકું છોડ તરિયાકું, અડનાં ના ચઇએં ॥ તી૦ ॥ ૧ ॥ દયા ધરમકું છોડ હિંસાકું, કરનાં ના ચઇએં ॥ સુમતિ તજકે ચાર કષાયકું, ધરનાં ના ચઇએં ॥ ગુરૂગમ સચ્ચા મિલા નીચકી સંગત, કરનાં ના ચઇએં ॥ ગંગાજલકું છોડ ક્ષારજલ, ન્હાનાં ના ચઇએં ॥ જિન આગમકું છોડ વિકથામેં, પડનાં ના ચઇએં ॥ તી૦ ॥ ૨ ॥ વચન શુદ્ધ પ્રકાશ કીસીકું ગાલી, દેનાં ના ચઇએં ॥ સુકૃત તજકે કીસીકા અદત્ત, લેનાં ના ચઇએં ॥ અવગુણ પારકા કહી મરમકા બચન, કહેનાં ના ચઇએં ॥ નગર છોડ કે વાસ ઉજડમેં, રહેનાં ના ચઇએં ॥ બુરી ભલી સુણિ બાત કીસીસેં નાહક, લડનાં ના ચઇએં ॥ તી૦ ॥ ૩ ॥ મારમાર મન માર ઓર પ્રાણીકું, મારનાં ના ચઇએં ॥ વ્રત છોડકે પંચ ઇંદ્રિયકું, પાલનાં ના ચઇએં ॥ પરસંપતકું દેખ અપણા જીવ, બાલનાં ના ચઇએં ॥ ચતુર હો કે રતન કૂવેમેં, ડારનાં ના ચઇએં ॥ દીપચંદ યું કહે કિસિ મૂરખસેં, અડનાં ના ચઇએં ॥ તી૦ ॥ ૪ ॥ ઇતિ ॥

## નેમનાથની લાવણી.

॥ મેરો વાલમ બનમેં ગયો, રી મા મેરો વાલમ બનમેં ગયો ॥ મેરો કંથ હાથ નવિ રહ્યો ॥ રીમા મેરો૦ ॥ એ આંકણી ॥ મેહેલ મલપતી અવર નારિકો, રતિ ન માન્યો કહ્યો ॥ આતમકો નિજ

કારજ કરતાં, પંથ મુગતીસેં લહ્યો ॥ રીમા૦ ॥ ૧ ॥ મોહજાલકો ફંદ કાટ કર, જ્ઞાનાનંદી માંહે થયો ॥ નરક નિગોદકો . મહેલ સાસતો, સો તો સઘલો દૂર થયો ॥ રીમા૦ ॥ ૨ ॥ બાવીસ પરિસહકો દુઃખ-ભારી, જો નિજ તન પરખિયો ॥ અષ્ટ કરમકું નબલાં કીજેં, અ-જ્ઞાન થૂ થૂ ભયો ॥ રીમા૦ ॥ ૩ ॥ કરમ નિજ કુટુંબ ફંદ બાલા, કેવલ પ્રગટાયો ॥ વિષય વિપત્તિકે સાગર માંહે, જિનદાસ ભરમાયો ॥ રી મા૦ ॥ ૪ ॥

## અથ જીવઉપદેશ લાવણી.

॥ નિર્ધનકા ધનવાન હુવા તબ, દાનપુણ્ય કરનાં ચઇએં ॥ શ્રાવક હો કે હો ભવિપ્રાણી, દ્વાદશ વ્રત ધરનાં ચઇએં ॥ મનુષ્યા-જનમ મિલ ગયા તેરે તાંઇ, દયા ધરમ કરનાં ચઇએં ॥ તીન રત-નકું ઓર સમકિતકું, શુદ્ધસમકિત માન્યા ચઇએં ॥ બડી ફજરમેં કુમતિ તજકેં, જિનમંદિર જાનાં ચઇએં ॥ વિષફલ તજકે અમૃત ફલકોં, ચતુરા તુમ ખાનાં ચઇએં ॥ સાત વ્યસનકું છોડ નીમ દસ, નિત્ય કરનાં ચઇએં ॥ શ્રાવ૦ ॥ ૧ ॥ ઉત્તમ કુલકી તરિયા હો કેં પાતિ વ્રત રખનાં ચઇએં ॥ પંડિત હુઈ ભવિપ્રાણિ મિજલસમેં, ભ-ખનાં ના ચઇએં ॥ ઊપશમ ઉગ્યાં વૃક્ષ જિનોકા, અમૃતફલ ખાનાં ચઇએં ॥ સુકૃત કરણી કરો સખી તુમ, અકૃતસેં ડરનાં ચઇએં ॥ શ્રા૦ ॥ ૨ ॥ સીસ મુંડાકર ચેલા હુવા તબ, સુગુરૂ બચન માન્યા ચઇએં ॥ ભોજન હો કે હો ભવિ પ્રાણી, અભક્ષ ખાનાં નહિ ચ-ઇએં ॥ જિનશાસનકા ભેખ લિયા તબ, આચારસેં ચલનાં ચઇએં ॥ કામ ક્રોધ માયા લોભ ઊનકું, દૂર તજનાં ચઇએં ॥ શ્રા૦ ॥ ૩ ॥ જ્યાં જ્યાં તીરથ હે જિનવરકા, ત્યાં સબકું ચલનાં ચઇએં ॥ કાયાશક્તિ હો ભવિપ્રાણી, તુમકું વ્રત કરનાં ચઇએં ॥ વાર વાર નરભવ નહિ મિલતા, એ યાદ રખનાં ચઇએં ॥ સત્તગુરૂકી શીખ સુનકે ખિજ મત, મેં રહેનાં ચઇએં ॥ દીપચંદ કર જોડી કહે મેરી શીખ, રૂદે ધ-રનાં ચઇએં ॥ શ્રા૦ ॥ ૪ ॥ ઇતિ ॥

## નેમનાથની લાવણી.

॥ મેરા હઠ મત કર રે જનની, મૈં જાઊંગી ગિરનાર, દીક્ષા લેઊંગી ભવતરણી ॥ એ આંકણી ॥ છપન કોટિ કુલ જાદવ આયે, ખૂબ બરાત બની ॥ તોરણથી રથ ફેર ચલા જદ, પશુઅન બચન સુણી ॥ મે૦ ॥ ૧ ॥ સંગ સમુદ્રવિજય બલભદ્ર, મુરારિ કે સજની ॥ જઈ મનાવો નેમનાથકું, આ છબિ કોણ બની ॥ મે૦ ॥ ૨ ॥ માત પિતાદિક સરવે કુટુંબી, ક્ષમા કરો સજની ॥ હમ રેહેનેકી નાંહિ ભલી હે, કરૂં શ્યામ મિલની ॥ મે૦ ॥ ૩ ॥ અવધિ ધરી કે ઇંદર આયે, પુરૂષાકાર ધરી ॥ કિસવિધ પર કહું રાજિમતી મિલે, ત્રિભુવન નાથ ધની ॥ મે૦ ॥ ૪ ॥ રાજિમતી મન સુમતિ લે કર, પિયુશું પ્રીત ધરી ॥ ચોપનમા દિન પતિસેં પેહેલી, ભાવશું શિવમંદિર સંચરી ॥ મે૦ ॥ ૫ ॥

## અથ બિભીષણેં રાવણને સીતા પાછી આપવા-માટે કરેલા ઊપદેશની લાવણી.

॥ કહે બિભીષણ સુણ ભાઇ રાવણ, અરજ કરૂં છું હિતકારી ॥ તીન ખંડકો નાથ કહીજેં, પાછી આપો પરનારી ॥ એ આંકણી ॥ રાજા જનકની પુત્રી કહિજેં, મિથિલા નગરી અધિકારી ॥ ભામંડલકી બેહિન કહિજેં, વિદ્યાધરમેં સિરદારી ॥ તી૦ ॥ ૧ ॥ રામચંદ્રજીએ ધનુષ્ય ચડાયા, સીતા કીધી ઘરનારી ॥ વિદ્યાધરકું જોર દિખાયા, જબ સીતાકી છોડ લારી ॥ તી૦ ॥ ૨ ॥ રામચંદ્રકા છોટા ભાઈ, કોટી શિલાને ઊઠાવી ॥ સીતાના તે દેવર કહિએં, લક્ષમણ નામ જે કહેવાવી ॥ તી૦ ॥ ૩ ॥ તે ઘરની છે એહ સુંદરી, સતીયો માંહે સિરદારી ॥ ઓર પુરૂષકું નહિં આદરે, જો હોય ઇંદર અવતારી ॥ તી૦ ॥ ૪ ॥ સુપનામાં નહિ વંછે સુંદર, કીસી ગિણતમેં સબી તેરી ॥ તું તો રાજા અન્નનો કીડો, છોડ દીયો ઊનકી નારી ॥ તી૦ ॥ ૫ ॥ જો તું ઇનકો સંગ ન છંડે, આંખ મીચ કર અંધકારી ॥ કામ ગહિલો

કયોંકર સૂજે, ફોજ દલ હુવા તૈયારી ॥ તી० ॥ ૬ ॥ રામચંદ્ર સુગ્રીવ નમાયે, વિદ્યાધરકો શિરદારી ॥ વિદ્યાધરંદલ સહુ જગાયા, રામચંદ્ર હુવા તૈયારી ॥ તી० ॥ ૭ ॥ કહે માન મેલ દે સીતા, નીકલ લંકા લે ઘેરી ॥ ઘણા સુભટ તુજ હારચાજાસેં, કરશે તે લંકા ઢેરી ॥ તી० ॥ ૮ ॥ તોરા જોરા કાંહી ન ચાલે, પરતરીયા કીધી ચોરી ॥ સુપુરૂસાકોં પડે પાધરી, અરજ લીયો હઇડે ધોરી ॥ તી० ॥ ૯ ॥ તું જાણે હું ઘણો જોરાવર, તીન ખંડકા સિરદારે ॥ સીતા પાછી નાંહિ મેલે તો, રામ-ચંદ્રજી નહી હારે ॥ તી० ॥ ૧૦ ॥ એ નારીનો સંગ કરે તો, હોશે ઘણી ખરાબી ॥ દુનિયામેં ફજેતી હોવે, નરભવ જનમંતર હારી ॥ ॥ તી० ॥ ૧૧ ॥ એહ મંદિર ને એહ માલીયાં, સહસ બત્રીશે તુજ નારી ॥ એક સીતાને કારણ ભાઇ, હોવે નરકકા અધિકારી ॥ તી० ॥ ૧૨ ॥ કહ્યું માન મેલી દે સીતા, તો કરશું સેવા તારી ॥ નહિ તો ઊઠીને અમેં જાશું, રામચંદ્ર શરણાધારી ॥ તી० ॥૧૩॥ રીશ કરી તવ બોલ્યો રાવણ, કિસી ગણતિ રાખું તારી ॥ સીતાને પાછી નહિ મેલું, કરશું મારી પટ્ટનારી ॥ તી० ॥ ૧૪ ॥ બીભીષણ ઊઠીને ચાલ્યો, તીસ અ-ક્ષોહિણી લઇ સારી ॥ રામચંદ્ર કહે આવો લંકેસર, આદર માન દિયો ભારી ॥ તી० ॥ ૧૫ ॥ હીતશીખ નહી માની દુષ્ટેં, નરક મેળ પો-હોંચ્યો જાઈ ॥ કહે જિનદાસ સમજ જા ચેતન, સુગુરૂવચન ચિત્ત સુખદાઈ ॥ તી० ॥ ૧૬ ॥ ઇતિ ॥

## અથ શ્રીપાર્શ્વજિન લાવણી.

॥ સુણીયો રે સુણિયો સુગુણ તમેં, જો ચાહો ભવજલ તરનાં ॥ પરિણતિ સમયેં વિષ ફલ સરિખે, સકલ વિષય સુખ પરિહરનાં ॥ ૧॥ એ આંકણી ॥ જગદાનંદન પાપ નિકંદન, જગવંદન જિનકે ચરણા ॥ એસે પ્રભુ પારસ જિનવરકે નિત, નિજ ચિત્તમેં સમરન ધરનાં ॥ સુ० ॥ ૨ ॥ ઇંદ્ર ચંદ્ર નાગેંદ્ર સુરાસુર, નિત કરતે જસુ ગુણ વરના ॥ નાગનાગિણી જુગલ તાર કર, જાએ કમઠકા મદ હરણા ॥ સુ० ॥ ૩ ॥ ગુણગંભિરતાએં જિન જીંત્યો, ચરણ જલધિ સ્વયંભૂરમણી ॥ ધીરજ

ગુણુતેં જિત લીયો પ્રભુ, સહુ નીર ધરણીધરના ॥ સુ૦ ॥ ૪ ॥ સજલ જલદ ગરજત સમ મધુરા, જિનવાણી જગમત હરનાં ॥ પ્રભુકે વચન સિંધુતેં પ્રગટી, નિરૂપમ અમૃત રસ ઝરનાં ॥ સુ૦ ॥ ૫ ॥ ભવિજન સકલ મોહ અતિ હરખિત, નિસુણિ ભયે સબમદ સરનાં ॥ કરણ પાત્ર કરી પાન કરનતેં, દુઃખીયેં હૈ ભવ વન ફિરનાં ॥ તી૦ ॥ ૬ ॥ એસે નિજપદ સફલ કરણુતેં, કરીએં કરમકી નિરઝરના ॥ તિનસેં જિનવર તુરત લહે હે, અનુપમ શિવરમણી વરનાં ॥ સુ૦ ॥ ૭ ॥ અતિવિશાલ ભવ સિંધુ તરણુકો, ભએ શ્યામ તરૂણી વરનાં ॥ તીન જગત જિન શિરપર શિરપેં, જિનકી આણા ગુણ વરનાં ॥ સુ૦ ॥ ૮ ॥ જગત બંધુ જગવચ્છલ સુણિયેં, અરજ એહ મેરી અવધરનાં ॥ અહિત નિવારક કરૂણા ધારક, સુનજર કરિકરિએ કરૂનાં ॥ સુ૦ ॥ ૯ ॥ દુરિત નિવારણ મંગલકારણ, તુમ હો પ્રભુ અશરણ શરણા ॥ તુમ પ્રભુ ચરણ શરણ શિવચંદકે, હોજો પ્રતિદિન સુખ કરનાં ॥ સુ૦ ॥ ૧૦ ॥

## અથ શ્રીગોડી પાર્શ્વનાથ લાવણી.

॥ સુણો સયણા એસે સાંઇ સલૂણા, ઘડિઘડિ મેરે દિલ આવેં ॥ લાખ સોવનમેં દેઊં હજૂરા, ગોડિ પાસ કોઈ દિખલાવે ॥ એ આંકણી ॥ ચરણ શરણ હે તરણ ભવિકકું, કરણ ઠરણ હે શિવસુખકો ॥ હરણ વિઘન ઘન પવન ભરણ હે, ધરણ રૂપ હે શ્રીવૃખકો ॥ જગદાનંદ વિલોકત અમુના, જનક તેજકું હઠાવે ॥ લાખ સોવનમેં દેઊં હજૂરા, ગોડી પાસ કોઇ દિખલાવે ॥ ૧ ॥ કાશી બનારસ ચંગ સુરંગી, અશ્વસેન અંબા વામા ॥ જોબનજોર ગોરસેં ભોગી, કુંવર હૈ પારસનામા ॥ આપહિ સોખે ગોંખમેં બેઠે, પાતર લોકકું નચાવે ॥ લાખ૦ ॥ ગોડિ૦ ॥ ૨ ॥ નવ નવ ભારી વેશ સમારી, જાતે જિન જનકે દેખી ॥ જિનેં બોલાયા કહે દરિદ્રી, બંભણ સુખી દુનિયાં દેખી ॥ કમઠ નામ તાપસ ભયે તુમ વન, પંચાગ્નિ તનુ તપાવે ॥ લાખ૦ ॥ ગો૦ ॥ ૩ ॥ ઊનકું નમત પૂજત જન સુખસેં, જાતે યું પ્રભુજીસુણીને ॥ બલ હલકારી ભઇ અસવારી, દેખન જિન આયા મુનિકે ॥

બડે લકડમેં નાગહિ જલતા, દેખી કમઠકું બોલાવે ॥ લાખ૦ ॥ ગો૦ ॥૪॥ સુણુહો તપસી ક્યા તુમ જપસી, જીવદયાં બિન ફલ નાવે ॥ ક્રોધી કમઠ કહે અશ્વ ખેલાઓ, ધરમ બાત તુમ કયું [illegible] ॥ સાંઇ હુકમ સેવક જન તામેં, હેલા મુનિફણિ નિકસાવે ॥ લા૦ ॥ ગો૦ ॥ ૫ ॥ નાગ સુણત હે સેવક મુખસેં, સાંઇ દિલાયા નવકારા ॥ [illegible] કમઠ હુવો મેઘમાલી, ધરણેંદ્ર લહી અવતારા ॥ વરસી દાન વરસી લઇ દીક્ષા, ધ્યાન લહેર કાઉસગ્ગ ઠાવે ॥ લા૦ ॥ ગો૦ ॥ ૬ ॥ સાંઇ સુરાધમ નાણુ નિહાલી, વિકૂર્વે અંધકાર ઘટા ॥ પરભંજન ભંજન ગિરિ તરૂઆ, ગીરદ બહોત બની વિકટા ॥ ઉતકટ કટક ગગન ગરજનસેં, ટહુક ટહુક શિખી ટહુકાવે ॥ લા૦ ॥ ગો૦ ॥ ૭ ॥ દાવઝાલ ઝબકે વીજલીયાં, વાદલિયાં જલબુંદ છટે ॥ સાંઇકે શિર મૂશલ ધારા, જયું વરસાવે મેઘ ઘટે ॥ ધ્યાન અચલ પ્રભુ ચંડ પવનસેં, મેરૂ કહો કુણુ કંપાવે ॥ લાખ૦ ॥ ગો૦ ॥ ૮ ॥ ધરણુરાય પદમાવતી આવે, જબ નાસાએં જલ જાવે ॥ ઉપસર્ગ ટાલો દેવ હકારે, પારસ શરણ ચરણુ આવે ॥ નાટક દેખત ધરણુરાયકો, મેઘમાલી સમકિત પાવે ॥ લા૦ ॥ ગો૦ ॥ ૯ ॥ કેવલ લઈ વિહરી શિવમંદિર, અગુરૂ લઘુગુણ નીપાયા ॥ ગોડિપાસ સાંઇ રૂપ નિહાલી, જો વંદે મનવચ કાયા ॥ શ્રી શુભવીરવિજય સુરમંજરી, અબ લેહરીયાં સુખ પાવે ॥ લા૦ ॥ ગો૦ ॥ ૧૦ ॥

## અથ શ્રી નેમજીની લાવણી.

॥ ગયો મહેલકો ખેલ, સખી મોહે ઉજડ હોય લાગે ॥ વિરહ વાલમકો યોં જાગે ॥ ગયો હિયાકો હાર, નાથ દુર ગયેકો દુઃખ દાગે, દૂર અબલાસેં ઉઠ ભાગે ॥ દોહા ॥ સામ સલૂણો સાહેબા, ઓર જાય ગિરનાર ॥ વિલસે શિવપુર સેજકું, તજ કર રાજુલ નાર ॥ ૧ ॥ મુજ મોહે દૂરઠીની મૂકી, કિસીસેં ચિતસેં ના ચૂકી ॥ ૧ ॥ પડે પલક નહી ચેન સલૂણી, સૂના મંદિરસેં ॥ પુરષ દૂજાકું ફૂન પરસે ॥ મેરો પતિ બસો પરબતમેં, સખી અબ તન મેરો તરસેં ॥ નેમ બિન નૈનાં નિર બરસે ॥ દોહા ॥ ખબર નહી પૂછી ઉને, ગુના કિયા મેં

કૌન ॥ સદાઇ દુર્બલ બેલપેં, સો દોય લાદે ગૌન ॥ ૨ ॥ સજન તેરા હુંગુરકી ભૂકી ॥ કિં૦ ॥ ૨ ॥ કાહાં વસ્ત્ર કાહાં કાછડી છાયા, કહાં મલશે અન્ન પાણી, નાથ મેરા એસો નિરવાણી ॥ જ્યોં તજે કાંચલિ નાગ ઇસી વિધ, કાયા કર જાની ॥ ગુણ મેરે દિલમેં નહીં આણી ॥ દોહા ॥ ઈણ ભવમેં ઉપની નહિં, ઔર પુરૂષકી આશ ॥ નેમ મોહેકું તજિ ગયા, સો મેંબી લહું બનબાસ ॥ ૩ ॥ શ્યામબિન ગુના કિયા મૂકી ॥ કિં૦ ॥ ૩ ॥ જલો જગતકી જાલ, સખી સંપતકું ક્યા કરની ॥ નેમ મુઝગયા અધર પરની ॥ દીની મુજે છટકાય, જાન કર જંગલકી હરની ॥ આદરી મુક્તિકી કરની ॥ દોહા ॥ મનકું જરકું વશ કરો, પ્રીતં પાલો શીલ ॥ શુદ્ધ સમતાહી હ્દદે ધરો, સો લોયા પરતીલ ॥ ૪ ॥ બાલમ મોહે બીડી ચાવ ચુંકી ॥ કિં૦ ॥ ૪ ॥ કીસી ગયો પીહરકો પ્યાર, ભાર મેરે શિર ધરતા ॥ મેરો આદર કોઇ નહીં કરતા ॥ બિના પુરૂષકી નાર દેખ, સબ જગમેં જલ બલતા ॥ આંખમેં આંસૂબી ભરતા ॥ દોહા ॥ મેલો મારા નાથકોં, જગત હોય દુખદાય ॥ જૂઠ આલ મેરે શિર ધરે, સોતો સહ્યો ન જાય ॥ ૫ ॥ ખલક મેરે લાલ વિના લૂકી ॥ કીસી૦ ॥ ૫ ॥ જબર જોર જોબન કો દેખ, લોગ મસલાં મોહિ બોલે ॥ મેરો નિરણો કહો કુણ તોલે, નેમનાથ સુરપતિ રતિમેં નહીં ડોલે, વસુંહું હુંગરકી ઓલે ॥ દોહા ॥ આગ લગો સુખ સેજકું, ઓર માલક દીની મૂક ॥ ફુલ પરવાળાં જો રહે, જિનદાસ કહે મેરી ચૂક ॥ મેરી ઝુર ઝુર કાયા સૂકી ॥ કિસીસેં ચિતસેં નાં ચૂકી ॥ ૬ ॥

## અથ શ્રીનેમજીની લાવણી.

॥ નેમજી જાન બની ભારી, દેખનકું આયે નર નારી ॥ એ આંકણી ॥ અનંતા ઘોડા ઓર હાથી, મનખરી ગિનતી નહીં આતી ॥ ઉંટ પર ધજા જો ફરરાતી, ગમકસેં ફિરતી ફરરાતી ॥ દોહા ॥ સમુદ્રવિજયકા લાડિલા, નેમ ઊનુંકા નામ ॥ રાજૂલદેકું આયે પરણુવા ઉગ્રસેન ઘર ઠામ ॥ પ્રસન ભઈ નગરી સબ સારી ॥ નેમજી જાન

બની ભારી ॥ ૧ ॥ કસુંબલ વાધા અતિ ભારી, કાને કુંડલ છબિ હે ન્યારી ॥ કિલંગી તૂરા સુખ કારી, માલ ગલે મોતીયનકી ડારી ॥ દોહા ॥ કાને કુંડલ ઝગમગે, શીશ ખૂંપ ઝલકાર ॥ કોડિ ભાનુંકી કરૂં ઉપમા, શોભા અધિક અપાર ॥ વાજ રહ્યાં વાજાં ટકસારી ॥ ॥ નેમ૦ ॥ ૨ ॥ છૂટ રહી ઉનકી બરરાઈ, બ્યાહનમેં આયે બડે ભાઈ ॥ ઝરૂખે રાજૂલદે આઈ, જાનકું દેખી સુખ પાઈ ॥ દોહા ॥ ઉગ્રસેનજી દેખકેં, મનમેં કરે બિચાર ॥ બહોત જીવ કરિ એકઠા, વાડો ભરચો અપાર ॥ કરી સબ ભોજનકી ત્યારી ॥ નેમ૦ ॥ ૩ ॥ નેમજી તોરણ પર આયે, પશુજીવ સબહી કુરલાએ ॥ નેમજી વચન ફર-માયે, પશુ જીવ કાયેકૂં લાયે ॥ દોહા ॥ યાકો ભોજન હોવસી, જાન વાસતે એહ ॥ એહ વચન સુની નેમજી, થર હર કાંપે દેહ ॥ ભાવસેં ચઢગયે ગિરનારી ॥ નેમ૦ ॥ ૪ ॥ પીછેસું રાજુલદે આઇ, હાથ જબ પકડયો છિનમાંહીં ॥ કાંહાં તું જાવે મેરી જાઇ, ઔર વર હે તુજ મોકલાઈ ॥ દોહા ॥ મૈરે તો વર એકહી, હો ગયા નેમ કુમાર ॥ ઓર ભુવનમેં વર નહી, કોટી કરો બિચાર ॥ દીક્ષા જઇ રાજુલને ધારી ॥ નેમ૦ ॥ ૫ ॥ સાહેલ્યાં સબહી સમજાવે, હિયે રાજુલકે નહીં આવે ॥ જગત સબ જૂઠો દરસાવે, મેરે મન નેમ કુમર ભાવે ॥ ॥ દોહા ॥ તોડયા કંકણ દોરડા, તોડયો નવસર હાર ॥ કાજલ ટીકી પાન સોપારી, ત્યાગ્યો સબ સણગાર ॥ સહેલ્યાં સબહીં બિલ ખાણી ॥ નેમ૦ ॥ ૬ ॥ તજ્યા સબ સોલે સિણગારા, આભૂષણ રત્ન-જડિત સારા ॥ લગે મોહે સબહી સુખ ખારા, છોડ કર ચાલી નિ-રધારા ॥ દોહા ॥ માત પિતા પરિવારકું, તજતાં ન લાગી વાર ॥ વિજોગ કર ચલી આપશું, જાય ચઢી ગિરનાર ॥ ઝૂરતી છોડી મા પ્યારી ॥ નેમ૦ ॥ ૭ ॥ દયા દિલ પશુઅનકી આઇ, ત્યાગ જબ કીનો છિન-માંઇ ॥ નેમ જિન ગીરનારે જાઇ, પશુકે બંધન છુડવાઈ ॥ દોહા ॥ નેમ રાજુલ ગિરનારપેં, લીનો સંજમ દાન ॥ નવલરામ કરી લાવની, ઉપન્યો કેવલ જ્ઞાન ॥ જિનોકી કિરિયા બુદ્ધિ સારી ॥ નેમ૦ ॥ ૮ ॥

# અથ આદિનાથની લાવણી.

॥ સરસતી માતા સુમતિકી દાતા, તુંહિ વિધાતા ત્રિપુરારી ॥ અકલ બુદ્ધિ તુમ દે હો ઇશ્વરી, કહું લાવણી હદ પ્યારી ॥ ૧ ॥ ઋષભ દેવ તો બડે દેવ હે, ઊનકી શોભા અતિભારી ॥ ધુલેવા નગરમેં આપ બિરાજે, આદિનાથ પ્રભુ અધિકારી ॥ ઋ૦ ॥ ૨ ॥ અનડ પરબતા અનડ પાહડમેં, જગાબની હે હદ પ્યારી ॥ દેશી પ્રદેશી આવે જાતરા, સામલી સુરત પર બલિહારી ॥ ઋ૦ ॥ ૩ ॥ નાભિરાય કુલ ભાન પ્રગટ હે, મરૂદેવીકે તુમ નંદા ॥ તિલક ભાલ શિર છત્ર બિરાજે, મુખ સિરિહે પૂનમ ચંદા ॥ ઋ૦ ॥ ૪ ॥ કાનેં કુંડલ શિર મુકુટ બિરાજે, બાંહે બેરખા હદ સોહે ॥ સામરી સુરત હદ મુરત બિરાજે, સબ સંતનકો મન મોહે ॥ ઋ૦ ॥ ૫ ॥ આંગી અજબ બની પ્રભુજીકી, કુંડલકી છબી હે ન્યારી ॥ ગલે મોતીયનકો હાર બિરાજે, સુંદર સૂરત હે પ્યારી ॥ ઋ૦ ॥ ૬ ॥ મૃત્યુલોક પાતાલ લોકમેં, સ્વર્ગ લોકમેં તુમ ચંદા ॥ સરવ દેવમેં આપ વડેરા, આદિનાથ પ્રભુ જિણંદા ॥ ઋ૦ ॥ ૭ ॥ લાખ ચોરાસી ભોગવી આયુ, પીછેં કેવલ પ્રભુ પાયા ॥ ભરત સરીખા હૂવાજ બેટા, કનક જડિત બિંબ કરવાયા ॥ ઋ૦ ॥ ૮ ॥ ચાર ખૂંટમેં નામ તુમારા, ધ્યાન ધરે સબ મૂણિંદા ॥ રાય રાણા તોકું આય નમે હે, કરો આપ સબ પાવંદા ॥ ઋ૦ ॥ ૯ ॥ પગથિયાં ચડતાં પ્રાયશ્ચિત જાવે, દરિસનસેં દિલ હોય રાજી ॥ રોગ સોગ સબ જાય ભાંજકે, ગલ જાવે દુસમન પાજી ॥ ઋ૦ ॥ ૧૦ ॥ એક બાત તો અજબ તુમારી, હું જાણું હું બુનકાલા ॥ તેરે નામસેં ત્રૂટે બેડી, ઔર ત્રુટે લોહકા તાલા ॥ ઋ૦ ॥ ૧૧ ॥ મન શુદ્ધ કરકેં સમરણ કરતાં, એક ચિત્ત તુજકું ધ્યાવે ॥ અન્ન ધન્ન અરૂ માણુક મોતી, પુત્ર કલત્ર લચ્છી પાવે ॥ ઋ૦ ॥ ૧૨ ॥ દેવલ તો મજબૂત બન્યા હે, ઊપર ઈંડા સોનેકા ॥ ઓલુ દોલુ કોટ બનાયા, સબ સિંગી બંધ ચૂનેકા ॥ ઋ૦ ॥ ૧૩ ॥ તોરણ થંભ બન્યા અતિ નીકા, પંચરંગ નેજા ફરરે ॥ વીરઘંટ ચિહુંદિશ વાજંતા, તે જાણે અંબર ધરરે ॥

॥ ઋ૦ ॥ ૧૪ ॥ અગડબમ્ અગડબમ્ બાજે નોબતા, જણુણુ જણુણુ જહ્લરી બાજે ॥ કિકરત કિકરત તાલજ ઝક્કર, પ્રણુન પ્રણુન ધૂઘર વાજે ॥ ઋ૦ ॥ ૧૫ ॥ શીશ તિલક શિર ભાલ બિરાજે, ઓર ઝલકત હે હીરકણી ॥ ચમર છત્ર શિરઊપર ધરતે, ઐસી શોભા અજબ બની ॥ ઋ૦ ॥ ૧૬ ॥ સનમુખ હસ્તી એક પટાજર, જિનકી શોભા હદ કહેતા, ઋષભદેવકે માત પિતા દો, ઐરાવત ઊપર બેઠા ॥ ઋ૦ ॥ ૧૭ ॥ દોનું બાજૂ હસ્તી ઘૂમે, જિનકું ઐસા સણગારી ॥ કંઠ ચરણ ઘૂઘર ઘમકંતા, બાજત હૈ સુંદર પ્યારી ॥ ઋ૦ ॥ ૧૮ ॥ ભવસાગરસેં આપ તરે હો, અબ સેવકકું તુમ તારો ॥ માયાજાલમેં લંપટ રહા હૈ, જિનશું મેરો નહી સારો ॥ ઋ૦ ॥ ૧૯ ॥ અષ્ટકરમ દલ ઘેર રહા હૈ, જિનશું સમરન નહી કંદા ॥ ભવભવ પ્રભુજી સેવા દીજેં, તુમ સાહેબને હમ બંદા ॥ ઋ૦ ॥ ૨૦ ॥ હુંતો પ્રભુજી સેવક તારો, કિરપા કરજો જિનવરજી ॥ મેરે આસરો એક તુમારો, તુમ દરિસણસેં દિલ રાજી ॥ ઋ૦ ॥ ૨૧ ॥ કહત લાવણી રોડા ગુરજી, અરજ સુણો પ્રભુજી મેરી ॥ ચોરાસી દુર્ગતિકું ટાલો, ઓર ટાલો ભવભવ ફેરી ॥ ઋ૦ ॥ ૨૨ ॥ અધિક ઊપમા તુમકું સોહે, કહેતાં પાર નહી આવે ॥ નરભવ પાય તુઝે નહી ધ્યાવે, તે નર અતિહી દુઃખ પાવે ॥ ઋ૦ ॥ ૨૩ ॥ એકચિત્તસેં સુણે લાવની, તિનકે સબ પ્રાછિત જાવે ॥ ઋદ્ધિસિદ્ધિ નવેનિધિ હોવે, વિપત જાય સંપત આવે ॥ ઋ૦ ॥ ॥ ૨૪ ॥ સંવત્ અઢારે શાઠા વરસેં, માહી પૂનમ ગુરૂવારેં ॥ કહી લાવની અલ્પબુદ્ધસેં, સહેર સલૂબરમાં પ્યારે ॥ ઋ૦ ॥ ૨૫ ॥

## અથ વૈરાગ્ય લાવણી.

॥ અરજ હમારી સુણો દીનપતિ, કૌન ભાંતિ તિરણાં ॥ હમ દુખી ફિરત સંસાર ચતુરગતિ, સો તુમસેં તિરનાં ॥ અ૦ ॥ ૧ ॥ ઘોરાઘોર નરકકે ભીંતર, નાના દુઃખ ભરનાં ॥ મારન તાડન છેદન ભેદન, ઓર દેહ ધરનાં ॥ અ૦ ॥ ૨ ॥ કબહું તિરિયંચ યોનિ પાય કેં, ગલે પાસ પરનાં ॥ ક્ષુધા તૃષા અરૂ શીત ઊષ્ણતા, માર માર

કરનાં ॥ અ૦ ॥ ૩ ॥ દેવવિભૂતિ પાયકે સુંદર, દેખ દેખ ઝુરનાં ॥ જબ માલા મુરઝાવણ લાગી, સોચ કિયે મરનાં ॥ અ૦ ॥ ૪ ॥ મનુષા જનમ પાયકેં ભટકયો, કહું નાંહિ થિરનાં ॥ સાહિબ તુમ શરણાગત રાખો, જનમ મરણ હરનાં ॥ અ૦ ॥ ૫ ॥

## અથ લાવણી.

॥ સદ્ગુરૂજી માહારા સરણ આયાંકી લજ્જા રાખજો ॥ સ૦ ॥ પતિત ઉધારણ બિરૂદ સુણીને, આયો તુમારે પાસ ॥ અબ મન વંછિત પૂરો માહરાં, એહીજ દિલકી આસ જી ॥ ૧ ॥ સ૦ ॥ કામ ક્રોધ મદ લોભ તજી મેં, તજદિયો સબ સંસાર ॥ નવપદનું એક ધ્યાન ધરીને, પાયા સહુ ગુણપાર જી ॥ સ૦ ॥ ૨ ॥ દેશદેશમેં થૂભ બિરાજે, પરચા જગ વિખ્યાત ॥ ઇણકલિમાંહે સુરતરૂ સરિખા, પ્રગટ રહ્યા સાક્ષાત જી ॥ સ૦ ॥ ૩ ॥ ચિંતામણિ ઔર કામધેનુ સમ, માહરે તુંહીજ દેવ ॥ આણ ધરૂં શિર તાહરી, ( સિરે ) કરૂં તુમારી સેવ જી ॥ સ૦ ॥ ૪ ॥ માત પિતા બંધવ તું જગમેં, હિતકારી ગુરૂરાય ॥ રાજા રાણા સહુ જગમાંહે, સેવે તુમારા પાય જી ॥ સ૦ ॥ ॥ ૫ ॥ આજ પ્રભુ તુમ ચરણ પસાયેં, સીધાં વંછિત કાજ ॥ લક્ષ્મીપ્રધાન તુમારાં દરિસણ, મોહન ગુણકા રાજ જી ॥ સ૦ ॥ ૬ ॥

## અથ લાવણી.

॥ દેખ પરાઇ રીત રોવે કયું હોસું રે ॥ જપિયા ન જાય જિનરાજ, જીવડા તોસું રે ॥ પૂરવ પુણ્ય પસાય, નરતન લાયો રે ॥ આદીસર સરખા દેવ, દુર્લભ પાયો રે ॥ ૧ ॥ તેં તજ્યા તીર્થંકર દેવ, જોરે જોવે રે ॥ જ્ઞાન રતનકી ગાંઠ, સમજબિન ખોવે રે ॥ ૨ ॥ જૂઠી જગતકી જોડ, જીવ ગેરલેતો રે ॥ નર ભવમેં લાગે ખોડ, ચેતન ચેતો રે ॥ ૩ ॥ સુખ દુઃખનાં ફલ હોય, કર્મકો ટાલો રે ॥ સમકિત સરધાકી રીત, રૂડી પાલો રે ॥ ૪ ॥ યું સમજાવે જિનદાસ, મનડો અપનો રે ॥ જિનરાજ ભજન બિન જાય, જનમ જયું સુપનો રે ॥ ૫ ॥ સમાપ્ત ॥

# અથ ચિંતામણિ પાર્શ્વનાથની લાવણી.

॥ બે કર જોડી શીશ નમા કે, ગુણ ગાઉં અબ મેં તેરે ॥ શ્રી-ચિંતામણિ પાર્શ્વ પ્રભુજી, લજ્જા રાખો તુમ મેરે ॥ એ ટેક ॥ અ-શ્વસેનકે કુંવર કનૈયા, વામદેવી માતા થારે ॥ તીન લોકકો નાથ કહીજેં, પારસનાથ હે અવતારે ॥ ચોશઠ ઇંદર ચમર ઢુલાવે, દેવી તીર્થંકરે થારે ॥ સુર નર અનેક દેવતા, હાજર રહેતા તુમ્મારે ॥ મોહનગારી મૂરત પ્રભુકી, દરસન કરતે બહુ તેરે ॥ શ્રી ચિં૦ ॥ ૧ ॥ મસ્તક મુકુટ કાનેં યુગ કુંડલ, તિલક પનેકી મન મોહોતે ॥ બાંહે બાજુ બંધ ઓર બેરખા, હંસગલે બિચ જગ જોતે ॥ કટિકંદોરા કડાં હાથમેં, સુંદર મૂરત હદ શોતે ॥ સુંદર મૂરત દરસન કરકેં, આનંદ દિલમેં બહુ હોતે ॥ દેશદેશમેં શોભા સુનકેં, આયો શરણે મેં તેરે ॥ શ્રી૦ ॥ ૨ ॥ લખ ચોરાશી ભટકત ડોલ્યો, જીવાજોન ભુગતે સારે ॥ અબ તો પ્રભુજી આપ નિભાવો, ભવભવ શરણાં હે થારે ॥ માત-પિતા તુમ શેઠ હમારે, તુંહીં હમારે શિરદારે ॥ સંકટ કાટો વિઘ્ન નિવારો, શરણું આયો હું થારે ॥ ઋદ્ધિ સિદ્ધિ કારજ મન કામના, સુખ સંપતિ કરદે મેરે ॥ શ્રી૦ ॥ ૩ ॥ પાર્શ્વ યક્ષ અધિષ્ઠાયક થારે, પદમાવતી શોહે સારે ॥ કાલા ગોરા દોય મતવાલા, ભેરૂખડા તેરે દરબારે ॥ પરચા પૂરણ પાર્શ્વ પ્રભુજી, ચિંતા ચૂરો હમારે ॥ જૈન પ્રકાશક મંડલી અબ તો, શરણું આઇ પ્રભુ તારે ॥ ચંદ ગોપાલ પ્રભુ તુમ ગુન ગાવે, આશા પૂરો તુમ મેરે ॥ શ્રી૦ ॥ ૪ ॥

# ઉપદેશની લાવણી.

॥ સુનિયોરે પ્યારે બાત હમારી, સબ કોઊ નરનારી, ખલ-કકી કેસી કહું ન્યારી ॥ એ આંકણી ॥ ઇસમે રે દુનિયાદારી કે, રસમેં વસમે હેં સારી, લેકન કુછ સાધુકી તો ન્યારી ॥ કુણ હે રે માત પિતા સુત બંધુ, કોન કહો પ્યારી, સુપનકી જેસી બની ગુલ-ક્યારી ॥ સરન કિસીકા નઇ હેરે, જિસમેં ચસમનસેં ચારી, ઉનોંકી

બાતોં હે ભારી ॥ ભમત હે ભવ જંગલકે બિચમેં, સબહી સંસારી, ભમર જ્યું ફુલણ ફુલવારી ॥ જિસમેંરે કોઉ નહી હે દૂજા, દિલ ધરો ઇકતારી ॥ ખ૦ ॥ સુ૦ ॥ ૧ ॥ ધન જોબન સબ દૂર રહે જન, તનભી નહીં તેરા, આખર તોહે જંગલમેં ડેરા ॥ અજબ બહાર બની બાહિરસેં, અંદર અસુચેરા, ધોવો તુમ ઉનકું બહુ તેરા ॥ મિથ્યા મતિકે બાસ બસે હે, આહું કર્મ ઘેરા ॥ જિસમેરે સંબર અંબર ઉડે, રસ્તાકર જેરા, સોઇ હોય સંતનકા ચેરા ॥ દેખ દુરસ્તીસેં દિલમસ્તી ભસ્તી હેરે ભારી ॥ ખ૦ ॥ સુ૦ ॥ ૨ ॥ ઇહભી રે વાત ઉસીને દાખી, સાખી સબ ભાઈ, નિર્જરા સબહીમેં સ્વાહી ॥ ચૌદે રાજકો લોક કહતુ હે, ગતિ ચારો આઇ, પંચમી શિવગતિ બતલાઇ ॥ તિસમેંરે ચેતનરૂપ અરૂપી, ગતિ જિસનેં પાઇ, ઉનોંકી કહીન સકે કાઈ ॥ સબહેરે ભોદુ લોક બિચારે, આપણી ઠગવાઇ, ઉનોંકે હાથે બનવાઈ ॥ ઈહ ગત જાનત સોઇ જન માનત, સંત કહે સારી ॥ ખ૦ ॥ ॥ સુ૦ ॥ ૩ ॥ જો કોઉ સાચ કહોરે પૂરે, સો ગુરૂ નહીં ભાતા, ઓરનસેં દિલ ભર રંગ લાતા ॥ જિસકું નહીં રસ્તેકી માલુમ, સોઉ નર ભૂલાતા, યેહી એક નુકતા કહિલાતા ॥ સબ કહે સાહિબ તારણહારા, ઇહ જાણી જાતા, તબિ કુછ ઈનસેં બનિ આતા ॥ છંદ લાવણી બારે ભાવના, બાલચંદ ગાતા, ખુસીસેં દિલકું સમઝાતા ॥ ઇસકુંરે ગાવે દિલબિચ ભાવે, સેઈ સમઝે સારી ॥ ખ૦ ॥ સુ૦ ॥ ૪ ॥

## નવપદની લાવણી તુરાની ચાલમાં.

॥ સકલ સુખદાયક નરનારી, ભજો સિદ્ધ ચક્ર સુજસ ધારી ॥ સ૦ ॥ દુર્લભ માનવ ભવપાયા, જગતમેં ઉત્તમ કુલ આયા ॥ મિલા સંજોગ સુગુરૂ રાયા, ધરમકા ધ્યાન ધરો ભાયા ॥ આતમકા કલ્યાણ કરોજી, પરિહર પર ગુણ દૂર ॥ આશ્રવકા સબ રસતા રોકો, સંવર કર ભરપૂર ॥ મિટે દુર્ગતિકા દુખ ભારી ॥ ભજો૦ ॥ ૧ ॥ દેવતત્ત્વકી અધિકાઈ, ભેદ કહે દોય સુખદાઇ ॥ જિનવર સિદ્ધ ભજો ભાઇ, જ્યો-

તિશું જ્યોતિ મિલી જાઇ ॥ તીન ભેદ ગુરૂ તત્ત્વકાજી, આચારિજ ઉવઝાય ॥ રત્નત્રયી આરાધતા રે, મુનિવરજી માહારાય ॥ પરમ મંગલ છે હિતકારી ॥ ભ૦ ॥ ૨ ॥ તત્ત્વ ધરમેં સુખ કારી, ભેદ કહત હે ચત્તારી ॥ દરસન પદ છે ઊપગારી, ગ્યાન સરવગુણ સિણગારી ॥ સંજમ સત્તર પ્રકાર વિરાજે, તપપદ છે શ્રીકાર ॥ મનવચ કાયા થિર કરી પૂજો, જિમ પામો ભવપાર ॥ એહી નવપદકી બલિહારી, ॥ ભ૦ ॥ ૩ ॥ કહે ગણધર ગૌતમ ઐસી, શ્રેણિકમેં પ્રભુસેં સુણી તૈસી ॥ વીર પ્રભુ પણ કહી જેસી, આજતલક અવિતથ વેસી ॥ નૃપશ્રીપાલ પ્રમુખ સુખપાયા, સિદ્ધચક્ર પરતાપ ॥ ઉગણીસસેં ચોવીસમેં, બણી લાવણી છાપ ॥ કહીમુનિવર અબીર ચંદ સારી ॥ ભ૦ ॥ ૪ ॥

## લાવણી. કલ્યાણ રાગમાં.

॥ આરતિ કરૂં શ્રીપાર્શ્વ પ્રભુકી, જન્મ બનારસી હે જિનકા ॥ ધનનં ધનનં વાજે ઘંટ ઘણુ, ઐસા ધ્યાન ધરૂં જિનવરકા ॥ આ૦ ॥ ૧ ॥ જબ કમઠાસુર કોપ કિયો તવ, શ્યામ ઘટા બિજરી ચમકી ॥ ગિરૂઓ ગાજજલ મૂસલધારા, ધરડ ધરડકા જગ શંકા ॥ આ૦ ॥ ૨ ॥ થરરર આસન કંપે સુરકો, તવ ધરણીધર ચિત્ત ચમકા ॥ ફણ વિસ્તાર હજાર કિયે તવ, ઝમક જાય પ્રભુ તન ઢંકા ॥ આ૦ ॥ ૩ ॥ જવ પદમાવતિ સબ સિણગારે, તાથેઇ નાચત લે ફિરકા ॥ ધ્રમક ધ્રમક ધોંમાદલ વાજત, ધનનં ઘુઘુરકે ઘરકા ॥ આ૦ ॥ ૪ ॥ દીદીદી કટ નોબત વાજે, ધોંધોં કટ દુંદભિ ધોકા ॥ યાવિધગીત સંગીત બજત સબ, ગાંધર્વ ગાન કરે જિનકા ॥ આ૦ ॥ ૫ ॥ તનનં ખિરર તંત તાલ સબ, ડફ ડોંડોં કરતે ડંકા ॥ ભેરણુ ફેરણુકે ઝણકારે, ઝાગડદી ઝાલરકે ઝંકા ॥ આ૦ ॥ ૬ ॥ સુરનરઇંદ્ર સબ જે જે કરતે, જીવત સફલ ભયા જિનકા ॥ અમૃત ઉદય તિણબેર ભયો સુખ, કો વિસ્તાર કહે તિનકા ॥ આ૦ ॥ ૭ ॥

## લાવણી—હોરીની ચાલમા.

॥ આદિ જિનેસર કિયો પારણો, આ રસ સેલડીયાં ॥ આ૦

॥ ટેક ॥ ઘડા એકસો આઠ સેરડી, રસ ભરિ યાછે નીકા રે ॥ ઉલટ ભાવ શ્રેયાંસ વહોરાવૈ, માંડદિવી આબુકારે ॥ આ૦ ॥ ૧ ॥ દેવ દું-દુભિ વાજ રહીહે, સોનઇયારી ત્રિરખા રે ॥ બારે માસશું કિયો પા-રણો, ગઇ ભૂખ સરવ તિરખારે ॥ આ૦ ॥ ૨ ॥ ઋદ્ધિ સિદ્ધિ કારજ મનો કમના, ઘર ઘર મંગલાચાર ॥ દુનિયાં હરખ વધામણા કાંઇ, આખાત્રીજ તિવાર રે ॥ આ૦ ॥ ૩ ॥ સંકટ કાટો વિઘન નિવારો, રાખો હમારી લાજ રે ॥ બે કર જોડી નાન્હૂ કહિતા, ઋષભ દેવ મહારાજરે ॥ આ૦ ॥ ૪ ॥

## અથ નેમનાથ લાવણી.

### કાલી ઘટા કોયલ વનછાઈ ॥ એ દેશી.

॥ છાહી ઘટા ગગનમેં કારી, રાજુલકું વિરહ દુઃખ ભારી ॥ છા૦ ॥ ટેક ॥ ચોમાસા લાગ્યા રસ ભીના, આલ આષાઢ રંગ મહીનાં ॥ ચારૂ તરફસેં વાદલ પીના, વીજુલીનેં ચમકનાં ફીના ॥ દિલ હોત ધડકત સીના, મૈં અબલા સખી પતિ હીના ॥ ઊંડાના સરરરરરર ચલત સમીર, થરરરરરર કરત સમીર ॥ ઉરરરરરર અરથ સમીર, આ-લિ કૈસી કરૂં તદબીર બુરી તકદીર, પીયા બિન પ્યારી ॥ રાજુલકું વિરહ દુઃખ ભારી ॥ છા૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ સહસાવ-નમેં શ્યામ ઘનઘોર, ભરજોર બોલતે મોર ॥ દાદુર મિલ કરતે દોર, પિઊપિઊ પપૈયા સોર ॥ જડ લગ્યો બુંદ ઝકજોર, બિચ દમકે દામિની કોર ॥ ઉડાવણી ખડડડડડ રવ ઘન માલા, તડડડડડ જલ પરનાલા ॥ અડડડડડ નાલા ખાલા, મૈં દુઃખી હુઇ બેહાલ હીયેમેં, સાલ હુઈ જલધારી ॥ રા૦ ॥ ૨ ॥ ભાદોમેં પવન પ્રવીણા, બાદલમૈં ધનુષ રંગીણા ॥ જંગલમૈં નદી સ્વરજીણા, જ્યું વાજે મનોહર વીણા ॥ અબઐસે કહો ક્યા જીના, પ્રીતમનેં મુઝે દુઃખદીના ॥ ઊડાના યું વિલપત મુખ મુરજાઇ, સખીયન મિલ દોડ જગાઈ ॥ વિલખત વચન સુનાઇ, સખી દેખો પીયાકી રીત,

તોડકે પ્રીતમ ગયે ગિરનારી ॥ રા૦ ॥ ૩ ॥ આસોજમેં જરા નહીં ધીર, યાદુ ચંદ ભયે વે પીર ॥ ઉઠ ચલી નેમકે તીર, કાટનકું કર્મ જંજીર ॥ પ્રીતમસેં લીયો અકસીર, વ્રત સંજમ સમકેત હીર ॥ ઉ-ડાની શિવ રાજુલ નેમ સિધાયે, ઇંદ્રાદિક જસગુણ ગાયે ॥ ભવિ-જન મિલ શીશ નમાયે, મુનિ કહે કપૂરચંદ પ્રેમસેં છંદ, જાઉં બલિહારી ॥ રા૦ ॥ ૪ ॥

## શ્રી અજિતનાથ મહારાજની લાવણી.

॥ શ્રી અજિતનાથ મહારાજ, ગરીબનિવાજ, જરૂર જિનવર જી, સેવક શિરનામે તને ઉચ્ચારે અરજી ॥ કર માણી મારાવાંક, રઝલીયો રાંક, અનંતા ભવમેં । ૨ । આવ્યો છું તારાશરણ, બલી દુઃખ દવમેં ॥ ક્રોધાદિક ધુકતા ચાર, ખરેખર ખાર, લગ્યા મુજકેડે । ૨ । વલી પાપી મારો નાથ, છેક છંછેડે ॥ આ મુજરો મુઝ ભગ-વાન, કરૂં ગુણગાન, ધ્યાનમાં ધરજી ॥ ૨ । સેવક૦ ॥ ૧ ॥ મેં પૂરણ કર્યાં છે પાપ, સુણજો આપ, કહું કરજોડી ॥૨॥ મુઝ ભુંડામાં ભગવાન, ભૂલ નહીં થોડી ॥ જીવહિંસા અપરંપાર, કરી કિરતાર, હવે શું કરવું । ૨ । જૂઠું બહુ બોલી, સાચનેશું હરવું ॥ તુઝ ખોલામાં મુઝ શીશ, જાણ જગદીશ, ગમે તે કરજી ॥ ૨ ॥ સેવક૦ ॥ ૨ ॥ મેં કર્યાં બહુ કુકર્મ, ધરી નહીં ધર્મ, પૂર્ણ હું પાપી । ૨ । અવલો થઈ તારી આણ, મેંજ ઊત્થાપી ॥ મેં મૂરખ નિંદા ઘણી, મુનિ પરતણી, કરી હરખાયો । ૨ । પરદારા દેખી લબાડ, હું લલચાયો ॥ કિંકર કહે કેશવલાલ, આણીને વ્હાલ, દુઃખ તું હરજી । ૨ ॥ સેવક૦ ॥ ૩ ॥ ઇતિ ॥

## મિથ્યાત્વી વર્ણન લાવણી.

કંકરકુ શંકર કરિ માને, એ કુમતિકી બાતાં હૈ, આક ધતૂરો બેલ પાંતશું, પૂજત શિવ રંગરાતા હૈ ॥ અંગદાન દેતા શિવમતિમેં, નરનારીકા નાતા હૈ ॥ કં૦ ॥ ૧ ॥ ચડી જીવકા ગલા કટાવે, લોક કહે

એ માતા હૈ ॥ તાકું પૂજ મગન મન મોહન, સો નર નરકેં જાતા હૈ ॥ કં૦ ॥ ૨ ॥ કુગુરૂશું પરભવ દુઃખ પામે, નહી તિલભર એક શાતા હૈ ॥ કુદેવકું ચેતન યું સેવત, હિંસાધર્મે દુખદાતા હૈ ॥ કં૦ ॥ ૩ ॥ કુગુરૂ ત્યાગ સુગુરૂ નિજ સેવે, નિત્ય નિગ્રંથ ગુણ ગાતા હૈ ॥ જિનવર ગુણ જિનદાસ બખાને, એ મુક્તિકા ખાતા હૈ ॥ કં૦ ॥ ૪ ॥

## અથ શ્રી શંખેશ્વરજીની લાવણી.

॥ શ્રી શંખેશ્વર ગામ બિરાજે અદ્ભુત મહિમા હે જિનકા, પારસનાથ પ્રભુ સુખદાયક, બડા પરાક્રમ હે ઊનકા ॥ ભગતિ વત્સલ ભગવંત કહાવે, ભવિજન સેવો સુખકામેં ॥ ૧ ॥ જપો સંખેસર સમરથ સાહેબ, ઐસો ઓર ન દુનિયામેં ॥ એ આંકણી ॥ જિનકે આગેં વાજિત્ર વાજે, નાટક નાચે નર નારી ॥ આહું જામહી નોબત બાજે, દેવ દુદુંભિ અનુસારી ॥ દેશદેશકે સંઘપતિ આવે, જાત્રા કરનકું ઊન ઠામે ॥ જંપો૦ ॥ ૨ ॥ અંધે જનકું આંખજ દેવે, નિરધનિયાકું ધન દેવે ॥ સુત ચાહે ઊનકું સુત દેવે, થિર કરી મનજો પ્રભુ સેવે ॥ રોગ શોક સંતાપ મિટાવે, ભય સબ નાસે જસ નામેં ॥ જપો૦ ॥ ૩ ॥ સંકટ પડિયા જબ જાદવકું, તવ કૃષ્ણજી આરાધો ॥ ધરણીંદ્રે તિહાં દીની પ્રતિમા, નમન કર્યો તસ ગોવિંદે ॥ જડ છાંટ જબ જરાનિવારી, હરખ ભયા સબ વસુધામેં ॥ જંપો૦ ॥ ૪ ॥ ઇતિ ॥

## અથ કુમતિ સુમતિ સંવાદ લાવણી.

॥ દુરમતિ દૂર ખડી રહોરી, પ્રભુજીને બિદા કરી મહારાજ ॥ એ ટેક ॥ જબ લગ તેરી જાત ન જાની, તબ તક અંગ રમાઈ ॥ અબ અચ્છે કર હમને જાની, તું છે મોહકી જાઇ ॥ દુરમતિ૦ ॥ ૧ ॥ તુંછે સહીયર વિષય ભોગકી, તીહશું અબ નહી નાતા ॥ નીકસ પુરીશું બાહિર હો જા, પ્રભુ ચરણનકી રતતા ॥ દુર૦ ॥ ૨ ॥ દુરમતિ રાણી યું ઊઠ બોલી, સુણુ ચેતન અગ્યાની ॥ જિણે સમતાશું સ્નેહ

લગાયા, અન્ન મલ્યા નહી પાની ॥ દુર૦ ॥ ૩ ॥ તું દુરમતિ દિન-દિન દુખીમેં, ચોરાસી ભરમાવે ॥ ચેતનરાય કહે સુણુ ઠગણી, છિનછિન ચિત ચૂરાવે ॥ દુર૦ ॥ ૪ ॥ મિલમિલ મહમુંદિ કેરે મહલમેં, નિત વાધે બદલાઊં ॥ સમતાકા તું સંગ છોડદે, તુઝકું ગિલેમેં બિછાઊં ॥ દુર૦ ॥ ૫ ॥ ચેતનરાય કહે સુણુ દુરમતિ, તુઝકું લેહર ન લાઊં ॥ હમને રતન અમૂલક પાયા, તુઝકું ધક્કા દીલાઊં ॥ દુર૦ ॥ ૬ ॥ જબ દુરમતિ યહ ભઈ ખિસાની, કંત બિના કાંહાં જાઊં ॥ જાઇ પુકારૂં પિતા મોહકું, ચેતન પકડ મગાઊં ॥ દુર૦ ॥ ૭ ॥ જાઇ પુકાર્યા પિતા મોહકું, ચેતન કૂડે કુમાયા ॥ સમતાકું પટરાણી કીની, હમકું ધક્કા દીરાયા ॥ દુર૦ ॥ ૮ ॥ કોપ ભરે રાજા તબ બોલે, રાગ દ્વેષ બોલવાઊં ॥ અબ તું મહારે પાસ બૈઠજા, ચેતન પકડ બોલાઊં ॥ દુર૦ ॥ ૯ ॥ પકડ મગાઊં જોર ન પાઊં, કામ ક્રોધ ઊપજાઊં ॥ આઠ સુભટ વાકે સંગ દેકેં, બહુવિધ નાચ નચાઊં ॥ દુર૦ ॥ ૧૦ ॥ રાગ દ્વેષ દો પરકું ભેજ્યા, સુણ ચેતન અગ્યાની ॥ દુરમતિકું ધક્કા દીલાયા, મોહકી કહાણુ નહી માની ॥ દુર૦ ॥ ૧૧ ॥ કહાણુ ન માની ભઇ ગુમાની, સુમતાને બહકાયા ॥ મસક બંધાગી માર પડેંગી, મોહરાજા ચડઆયા ॥ દુર૦ ॥ ૧૨ ॥ ઈતની સુનકર ચેતન ચમકયા, ધીરજ ખડગ ઊઠાયા ॥ રાગ દ્વેષકે સિરપર તાડયા, મોહરાય પર આયા ॥ દુર૦ ॥ ૧૩ ॥ ભીડ પડી રાજા જબ માર્યા, સેના ભાગી જાયા ॥ મૌન પકડ કર દુરમતિ રોઇ, અબ મેરે કછુ ન બચાઈ ॥ દુર૦ ॥ ૧૪ ॥ કછુ ન બચાઇ પીછા પુરકું, આઇ અકલ એક ઊપાઈ ॥ સમતાકું જાય કાના દીના, ચેતન કરી બડાઇ ॥ દુર૦ ॥ ૧૫ ॥ તું સમતા મેરી કબકી વૈરણુ, મેરા કંથ બહકાયા ॥ નગન દિગંબર વનમેં રાખા, ઘર ઘર દ્વાર ફિરાયા ॥ દુર૦ ॥ ૧૬ ॥ મેં જુની ગોરીને સબ સુખ દીના, યાકે સંગ દુઃખ પાયા ॥ બાંહ પકડ જબ શિવપુર ભેજ્યા, ફિર જુગમેં નહી આયા ॥ દુર૦ ॥ ૧૭ ॥ જુગમેં નહી આયા ચેતન જીવતા, ઠાણુક રાજ કહાયા ॥ સુમતિ

કુમતિ દોઊકું તજકે, અવિચલ મન સમજાયા ॥ દુર૦ ॥ ૧૮ ॥

## ઉપદેશ લાવણી.

॥ ચતુરનર દિલકું સમજાનાં, નિકટ ઘાટ પાખંડ જગ સરવર, પાર ઊતર જાનાં ॥ ઈસિમેં ગોતા નહી ખાનાં, આસ પાસ રસતાહૈ ખોટા, ઇનસેં ટલ જાનાં ॥ ચ૦ ॥ ૧ ॥ મધુવન ઘરન મિથ્યા જલ ઉનકા, ઇંદ્રીકે ઊનમાના ॥ પાવધરે તો પકડ ડૂબાવે, કુગુર મુગર વાના ॥ ચ૦ ॥ ૨ ॥ નિકટ ઘાટકા જલ પીવે સો, હોવે હેરાના ॥ જલ ખારા અતિ રોગ બઢાવે, રાગ દ્વેષ માના ॥ ચ૦ ॥ ૩ ॥ કુધરમ ઊજાડ રસ્તા હૈ ખોટા, મોહમાંહે ભરમ છાનાં ॥ કામ ભોગ દોય ચોર લૂંટેરે, કરત બહોત જાનાં ॥ ચ૦ ॥ ૪ ॥ સુવિધિનાથ સદગુરૂકી બતીયાં, એક ચિત્ત ન્યાના ॥ ખરચી વિમલ ભાવનાકી ઊહાં, લીજેં સનમાના ॥ ચ૦ ॥ ૫ ॥ કુવિધ પવન નાવડ ગુંજીલે, ઇલાજ કરવાનાં ॥ દેવચંદ કહે શિવપુર ચાલો, સાવધાન સ્યાના ॥ ચ૦ ॥ ૬ ॥

## ઉપદેશ લાવણી દખણી ચાલમાં.

॥ સુગુણનર શ્રીજિન ગુણ ગાનાં, વિકટ કોટ સંકટ ભવ અટવી, તાકું લંઘ જાનાં ॥ પ્રભુજીસેં કર ઇક તાનાં, મોહજાલ બિચ હે અતિ દુરગમ, તંનહી ઊલજાનાં ॥ સુ૦ ॥ ૧ ॥ ગુણ અનંત પારસ પ્રભુજીકે, તામેં ચિત્ત દેનાં ॥ કરમ કીચ કલુષિત આતમ ગુણ, નિરમલ કર લેનાં ॥ સુ૦ ॥ ૨ ॥ નિરવિકાર પ્રભુ વિવિધ નિહારિત, નિજ અભય વરનાં ॥ તે જીવ ભાવ પરિણુતિ પરસંગેં, શુધ પરિણુતિ ધરનાં ॥ સુ૦ ॥ ૩ ॥ નિરૂપાધિક ભાવેં ચેતનતેં, નિજધરમેં રમનાં ॥ પરમ પ્રમોદ આનંદ મોજસેં, ઇંદ્રિયકોં દમનાં ॥ સુ૦ ॥ ૪ ॥ ઐસેં આતમ સગતિ ઊલ્લાસેં, આતમ ગુણ સજનાં ॥ શુદ્ધ ક્ષમા કલ્યાણ પરમપદ, સંપદકું ભજનાં ॥ ૫ ॥ ઇતિ ॥

## અથ શ્રીનેમનાથ લાવણી.

॥ પીયા ચલા ગિરિવરકું, મૈરા દુઃખ મત કર જનની ॥ એરી

મેરા દુઃખ મત કર જનની, મેં જાઉંગી ગિરનાર, લેઉંગી દીક્ષા ભવતરણી ॥ એ૦ ॥ ૧ ॥ ખૂબ વરાત કરિકે વ્યાહન, આયે નેમ જિનહરિણી, તોરણથેં રથ ફેર દીયો જિન, પશુ પોકાર સુની ॥ એ૦ ॥ ૨ ॥ કરત કરમકો નાસ નેમજિન, કામિની શિવ બરની ॥ હમકું છાંડ ચલે જગ ભીતર, અબ કૈસેં કરની ॥ એ૦ ॥ ૩ ॥ માત તાત સુત બેન ભાનજી, કરો ક્ષમા સગરી સજની ॥ અબ રેહેનકી નાહીં માઇ હમ, કરૂં નેમ મિલની ॥ એ૦ ॥ ૪ ॥ દુર્દ્ધર દુઃખ નિવાર વિદારક, દયા ધરમ કરની ॥ પૂરવભવકે પાપ ઉદયસેં, યહ અચરિજ બરની ॥ એ૦ ॥ ૫ ॥ દેવ મનુષ્ય તિર્યંચ નરક ગતિ, દુઃખપાવે કરણી ॥ મિથ્યા મતિમત પીયા હલાહલ, બૈર બૈર મરની ॥ ૬ ॥ સંયમ દરસન ગ્યાન રમણ સુખ, બખત ભલી બરની ॥ પાયે ઐસા કોઉ ન દેખા, એહી કાલ કરની ॥ એ૦ ॥ ૭ ॥ ઇતિ ॥

## આદિનાથ સ્તવન.

### બિહાગ તથા કાલિંગડા રાગમાં.

॥ પોઢો પોઢોજી ઋષભ વિહારે, નિદ્રાવશ નયણ તિહારે ॥ ॥ પો૦ ॥ પ્રભુઆલસ અંગ હુલસાઇ, પૂછે મરૂદેવા માઇ ॥ પો૦ ॥ ૧ ॥ પ્રભુ નારિ સુનંદા રાણી, ઉન રૂચરૂચ સહિજ સંમારી ॥ પો૦ ॥ ૨ ॥ પ્રભુ નવલસું નેહ સનેહા, મનવંછિત ફલ દેહા ॥ પો૦ ॥ ૩ ॥ પ્યારે સેવક હિત કર ગાવે, મનવંછિત ફલ પાવે ॥ પો૦ ॥ ૪ ॥ અજર અમર પદ પાવે, કર જોડી શીશ નમાવે ॥ પો૦ ॥ ૫ ॥ ઇતિ ॥

## અથ શ્રી સીમંધરજિન સ્તવનં.

॥ સાહિબા શ્રી સીમંધર સાહિબા, સાહિબા તુમેં પ્રભુ દેવાધિદેવ ॥ સનમુખ જુવો ને માહારા સાહિબા, મનશુદ્ધેં કરૂં તુઝ સેવ ॥ એકવાર મલો ને મોરા સાહેબા ॥ ૧ ॥ સાહિબ સુખદુખ વાતો મારે અતિ ઘણી, સાહિબ કુણ આગલ કહું નાથ ॥ સાહિબ કેવલજ્ઞાની પ્રભુ જો મલે, સાહિબ તો થાઉં હુંરે સનાથ ॥ એ૦ ॥ ૨ ॥

સાહિબ ભરતખેત્રમાં હું અવતર્યો, સાહિબ ઓછું જે એટલું પુણ્ય। સાહિબ જ્ઞાનીનો વિરહ પડ્યો આકરો, સાહિબા જ્ઞાની રહ્યો અતિ દૂર ॥ એ૦ ॥ ૩ ॥ સાહિબ દશ દૃષ્ટાંતેં દોહિલો, સાહિબ ઉત્તમ કુલઅવતાર ॥ સાહિબ પામ્યો પણ હારી ગયો, જિમ રત્નેં ઉડાડ્યો કાગ ॥ એ૦ ॥ ૪ ॥ સાહિબ ખટરસ ભોજન બહુ કર્યાં, સાહિબ તૃપ્તિ ન પામ્યો લગાર ॥ સાહિબ હું રે અનાદિ ભૂલમાં, તેણે રઝલ્યો ઘણો સંસાર ॥ એ૦ ॥ ૫ ॥ સાહિબ સજન કુટુંબ મેલી ઘણા, સાહિબ તેને દુખેં દુઃખી થાય ॥ સાહિબ જીવ એક ને કર્મ જૂજવાં, તે કર્મથી દુર્ગતિ જાય ॥ એ૦ ॥ ૬ ॥ સાહિબ ધન મેલવવા હું ધસમસ્યો, સાહિબ તૃષ્ણાનો નાવ્યોપાર ॥ સાહિબ લોભેં લટપટ બહુ કરી, તેણેં ન જોયું પુણ્ય ને પાપ ॥ એ૦ ॥ ॥ ૭ ॥ સાહિબ જમીઉપર શુદ્ધ અશુદ્ધ છે, જેમ રવિ કરે તેજ પ્રકાશ ॥ સાહિબ તેમ રે જ્ઞાની મલે થકે, તે તો આપે સમકિત વાસ ॥ એ૦ ॥ ૮ ॥ સાહિબ મેઘ વરસે છે વાડમાં, સાહિબ વરસેછે ગામોગામ ॥ સાહિબ ઠામ કુઠામ જુવે નહિં, સાહિબ એવું મહોટાનું કામ ॥ એ૦ ॥ ૯ ॥ સાહિબ હું વસ્યો ભરતને છેડલે, તમેં વસ્યા મહાવિદેહમઝાર ॥ સાહિબ દૂર રહિ કરૂં વંદના, સાહિબ ભવસમુદ્ર ઉતારો પાર ॥ એ૦ ॥ ૧૦ ॥ સાહિબ તુમ પાસેં દેવ ઘણાવસે, એક મોકલજો મહારાજ ॥ સાહિબ સુખનો સંદેશો સાંભલું, તો સેહેજેંસરે મુઝ કાજ ॥ એ૦ ॥ ૧૧ ॥ સાહિબ હું તમારા પગની મોજડી, સાહિબ હું તમારા દાસનો દાસ ॥ સાહિબ જ્ઞાનવિમલસૂરિ એમ ભણે, સાહિબ મને રાખો તમારી